કુમાર


અંક ૧૫

ઉગતી પ્રજાનું માસિક

ફાગણ

વર્ષ ૨ અંક ૩

૧૯૮૭



તંત્રી
રવિશંકર રાવળ



'ડયુકસ નોઝ' ટેકરી [ખંડાલા આગળ] ચિત્રકાર : ડી. રામરાવ

શ્વેત ઝરણાં અને લીલી ખીણો, ભુરા પત્થર અને વાદળી ટેકરીઓની હાર અને એ બધાંની વચ્ચે થઇને રમતી જતી પેલી નાની કેડી : જનની જન્મભૂમિ અને પિતા પરમાત્માની વત્સલતાનું ભાન કરાવનારું કેવું અદ્ભુત સૃષ્ટિસૌન્દર્ય !



વસંત

મધદરીએ એક બેટ હતો, ને બેટમાં એક ગામ. ઘેરઘેર સુનકાર ઘેરાતો. નિસ્તેજ ને ઉદાસ લોક ઉંઘતાં કે આળસુ બની પડી રહેતાં. આખો દહાડો ગાંડોતુર પવન ધુળરજ ઉડાડતો. મંદિરો ને મકાનો, બજારચોક ને ભાગોળ-સઘળું જાણે નિષ્પ્રાણ ને વેરાન લાગતું.

આકાશપુત્રી ઉષા રોજ કંકાવટી લઇ ખીણો ને ખડકો વધાવતી; ભગવાન ચંદ્ર ધરતી ઉપર અમૃતકણ વેરતા; નક્ષત્રમંડળ વિવિધ સ્વસ્તિક પુરતાં. ...તો યે ખડકની ટોચ ઉપર તાજો પ્રકાશ ભરવા કોઇ પશુ-પંખેરૂં ફરકતું નહિં; જમીનના પડમાં પડેલ એક પણ બીજ ઉગતું નહિં.

પુરદેવતા હવે વિચારમાં પડ્યા; વનસ્પતિનો જીવ મુંઝાવા લાગ્યો; પૃથ્વીનું હૃદય ફાટુંફાટું થઇ રહ્યું; જગત જાણે કોઇકના જીવંત સ્પર્શની વાટ જોતું હતું.


પાણીપંથા ઘોડા ઉપર સમુદ્ર ખેડતો એક મુસાફર આવ્યો. ચંદન ચર્ચ્યું હોય તેમ એના ભવ્ય ભાલદેશે સોનેરી તેજ લસતું; આંખમાં એની આશાની ઝળક હતી; ને અંગેઅંગ ચેતનના ચમકાર. એ કાંઠે ઉતર્યો કે બેટમાં ચોમેરથી જાણે મુંગો સાદ ઉઠ્યો, 'એ કોણ ?'

મુસાફર તો ઉજ્જડ ખીણો ભમે છે. સુની શેરીઓ ફરે છે, નિર્જીવ ખંડેરો ઢુંઢે છે, બાળકોનાં હૃદય પુછે છે.

એ જુવાન પ્રવાસીએ નવી દુનીઆનો મનોરથ માંડ્યો છે. એના સ્પર્શે ખડકો તોડીને ઝરણ ફુટ્યાં છે; અબુંજાએલ બીજ ફોડીને ફુલવેલો લટકી છે; નવરંગી કુંપળે ગુંથેલી સાડી ધારીને પૃથ્વી મંદમંદ મલકાટ ફોરી રહી છે; ફળદ્રુપ ખેતી ને સમૃદ્ધ ઉદ્યોગ વડે નવો પ્રાણ ઉછળ્યો છે.

§

બેટનાં લોક વાતવાતમાં બોલે છે કે જેના પ્રાણબળ વડે આ નવી સૃષ્ટિ મંડાઇ, એ-પેલા પ્રવાસી-નું નામ વસંતકુમાર નિત્યનૂતન છે.





ગઇ ઉતરાણને દહાડે આકાશમાં ચોમેર રંગબેરંગી પતંગો ચડી રહી હતી. તે જોઇ મને વિચાર આવ્યો કે ગુજરાતના આકાશમાં પણ માસિકો રૂપી પતંગો ખુબ ચડી છે. એ પતંગો જેવી જ રંગબેરંગી, અને એ પતંગો જેટલી જ જીવનદોરી લઇને.

*

પણ જેટલાં છાપેલાં માસિકો બહાર પડે છે તેથી સોગણાં હસ્તલિખિત માસિકો તૈયાર થાય છે. અહીં અમદાવાદમાં જ, કહે છે કે, ત્રીસ ઉપરાંત એવાં હસ્તલિખિતો નીકળે છે. દરેક શાળા, દરેક વર્ગ, દરેક મંડળ, મિત્રોની દરેક ટોળી એકેક માસિક કાઢે જ છે. અને તે માસિકના તંત્રીની ચીવટ, ઉત્સાહ અને થોડું નમ્ર અભિમાન જુઓ તો...... તો શું? તમને જરૂર ભાસ થાય કે રા. કનૈયાલાલ મુનશીએ એક ઠેકાણે કહ્યું છે તેમ ભવિષ્યમાં ખરેખર એક 'તંત્રીયુગ' આવશે.

*

આવતી કાલનો પુરુષ

દૂર દૂર...ભવિષ્યના ગર્ભમાં, અગણિત આવતી કાલોમાં તે પડેલો છે.

આશાએ ગુંથેલા એ ભવિષ્યના પડદા પાછળ, કો વીર સેનાની, ચારિત્રશીલ નાગરિક કે દક્ષ મુત્સદ્દી, કોઇ ધુરંધર વિદ્વાન, પ્રેરક કલાકાર કે પ્રતિભાવાન કવિ–દ્રષ્ટાને રૂપે તે ઢંકાએલો પડયો છે. ત્યાં રહ્યો રહ્યો તે બહાર આવવાની રાહ જુએ છે.

કારણકે પોતાની મેળે તે ત્યાંથી નીકળી આવી શકે તેમ નથી. તેનું શરીર, તેનું મન, તેનો આત્મા—બધું, ઓ કુમાર, તારા હાથમાં છે.

ઓળખ્યો એને? એ આવતી કાલના તમે પોતે છો. આવતી કાલના એ પુરુષનું બંધારણ તમારા આજના જીવન ઉપર છે. આવતી કાલે તમારામાંથી એવો પુરુષ પ્રગટાવવા માટે તમે આજે કેવું જીવન જીવો છો? તેને માટે તમે શી તૈયારી કરી છે?

એને પ્રગટાવવા જેવાં ખડતલ શરીર, દઢ મન ને નિર્મળ આત્મા તમારે છે? એ નર નીપજાવવા માટે તો મુશ્કેલીઓ સામે બાથ ભીડવાની હીંમત ને તાકાત, ધાર્યું કામ પાર પાડવાની ઝહેમત અને ખંત, નિતનવો ઉત્સાહ ભરતી પ્રેરણા અને ચેતન જોઇએ.

આવતી કાલે એવા થવા માટે આજે તમારામાં આટલો પ્રાણ ભર્યો છે?

કે તમારે તો માઇકાંગલું શરીર, નિર્બળ મન ને પામર આત્મા છે? મુશીબતો જોઈ તમે થરથરો છો; નજીવું સરખું યે કામ હાથ ધરવાની તમારામાં હીંમત નથી; ઢીલાઢફ તમારા અંતરમાં જોમ નથી, તેજ નથી. આવા નમાલા જીવનમાંથી તો આવતી કાલે આવનારો એ ભવ્ય પુરુષ કયાંથી પાકવાનો હતો?

તમારા જીવનની આ ઘણી ગંભીર બાબત છે;—અને એ બાબત બીજા કોઇના નહિ પણ તમારા પોતાના જ હાથમાં છે. તમે એનો કઇ રીતે તોડ લાવવા માગો છો? એને માટે ચીંપ રાખી પ્રયત્ન કરવા માંડશો? કે બેદરકારીથી એ વાત જતી કરશો?

આજ અને હમેશાં, તમારી આગળ આ સવાલ ઉભો જ છે; અને તમે જેવો નિર્ણય કરશો એવું તમારૂં ભાવિ ઘડાશે.

એ શબ્દોથી કદી ન બ્હીતા: 'મુસીબતો' અને 'ઠોંસાઠોકર.' જીંદગીમાં ડગલે ને પગલે એ તમને સામાં આવશે. પણ તેનાથી હારી ખાધા વિના તેની સામે થઈ આગળ વધશો એટલે તમને અનુભવનું અમૃત મળશે.

રા. મુનશી કહે છે કે "અત્યારે તંત્રીઓની વૃદ્ધિ 'અમીબા' નામના જંતુની પેઠે થાય છે, એ જંતુને બચ્ચાં થતાં નથી, પણ યોગ્ય વખતે તેના બે કકડા થાય છે. એટલે એક જંતુમાંથી બે થઇને ફરે છે. એ બેના બબ્બે ટુકડા થઇને ચાર થાય છે. ચારના આઠ, આઠના સોળ, એમ વધ્યે જ જાય છે! ......તંત્રીઓ પણ એમ ફાટતાં ફાટતાં 'એકોઽહં બહુસ્યામ્' (હું એકમાંથી બહુ થાઉં) થશે....... આથી દરેક વાંચક લેખક થશે, ને દરેક લેખક તંત્રી થશે. દરેક લેખક પોતાના પત્રની હજાર નકલ રોજ છાપીને કાઢશે. આ ક્રિયા વિજ્ઞાનની શોધથી દિનપ્રતિદિન ઝપાટાબંધ ચાલશે. દરેક ગામમાં, દરેક ઘરમાં, દરેક માણસ દીઠ એકેકુ પત્ર નીકળશે. આમ તંત્રીઓની અભિવૃદ્ધિ જીવાત કરતાં પણ વધશે, છેવટે વાચકવર્ગ નાબુદ થશે ને માત્ર તંત્રીવર્ગ રહેશે.

........આખરે

માનવજાતિ 'તંત્રીજાતિ'ને નામે ઓળખાશે. ધર્મનું પણ સ્વરૂપ બદલાશે, અને 'અહં બ્રહ્માસ્મિ'ને બદલે 'અહં તંત્રીઓસ્મિ'નો લોકો જાપ કરશે. વિજ્ઞાનીઓને કાગળો અને છાપાયંત્રો બનાવવા સીવાય બીજો ધંધો નહિ રહે.

આખરે પત્રો અને કાગળો ખુટશે. તંત્રીજાતિ નિર્વીર્ય અને હતાશ થશે ને 'તંત્રીનાશ' નામનો સંવત્સર ચાલશે."

*

આ વાતથી હમણાં તો આપણે હસીએ છીએ, પણ મને લાગે છે કે તે સાવ સાચી છે. અત્યારે ચોપાનીઆં વધે છે ને વાંચનારાએ તો એટલા ને એટલા જ છે. દરેક વાંચનાર ગ્રાહકને નવાં પત્રો ભારરૂપ જ લાગે છે.

બહેતર છે કે વાંચનારે પોતાની રૂચી પ્રમાણે પોતે વાંચવાનાં ચોપાનીઆં ને પુસ્તકો નક્કી કરી લેવાં, અને બાકીનાંની દરકાર પણ ન કરવી. તંત્રીઓનાં નામોથી લોભાઇને કે કાગળોનાં થોથાંની ખાતર ચોપાનીઆં મંગાવવાં નહિ. ઘણીવાર ૧૦૦ પાનાંના પત્રમાંથી માત્ર બે જ પાનાં ઉપયોગી નીકળે છે; જ્યારે વીસ જ પાનાંનું કોઇ પત્ર અક્ષરેઅક્ષર ઉપયોગી ને પ્રેરક લાગે છે.

*

આ માસિકનું નામ 'કુમાર' રાખ્યું તેથી કુમારીઓ, કન્યાઓ, મોટી બહેનો અને સન્નારીઓને રોષ ચડયો જણાય છે કે 'કુમાર' એ તો છોકરાઓનું જ!

આ રોષ ઉતારવાનું કામ 'કુમાર' વાંચનાર મિત્રો જ કરી શકે. 'કુમારે' તમને પીરસેલી વાનીઓમાંથી કેટલીક તેમને ચખાડી તેમની ખાતરી કરી દો કે 'કુમાર'ની દરેકે દરેક બાબત તેમને જાણવા જેવી અને ઉપયોગી હોય છે. 'કુમાર'નું કર્તવ્ય જ એ છે કે આરામ કે થાક વગર, ઉત્સાહને ઘોડે ચડી, સર્વ સંસારની સેવા કરવી. તો શું સ્ત્રીસન્માનનો ધર્મ 'કુમાર' ભુલી જશે?

*

મિત્રો, તેમને કહો, કે 'કુમાર' પર રોષ ન કરતાં તેને તમારે ત્યાં ઉતારો આપો, કે જેથી તે દર મહીને આવી પ્રવાસનો સંગ્રહ તમારે ત્યાં ખાલી કરી જશે, અને એમાંથી ઘરનાં સર્વને મનભાવતા મેવા, મીઠાઇ ને ચિત્રવિચિત્ર વાનીઓ મળતી રહેશે.

'કુમાર' સઘળી જાતિઓનું, સૌ ઉમરનાંનું, ને સર્વ કોમનું છે. તે ભાઇ બહેનનું, મા દીકરાનું, ભાઈબંધ દોસ્તનું, સહીઅર–બહેનપણીનું—સૌનું માસિક છે.

*

લેખકો માટેના નિયમોમાં ઘણી યે વાર અમે લખ્યું છે કે છુપાં નામે લખનારાઓએ પણ તંત્રીની જાણ માટે તો પોતાનું ખરૂં નામઠામ જણાવવું જ જોઇએ, છતાં હજી ઘણા જણાવતા નથી. આથી એક રીતે ગેરલાભ તેમને જ થાય છે. હજી હમણાં જ 'ચક્કર ભાઇ'ના નામથી એક ભાઇએ થોડી સારી ચીજો લખી મોકલી છે; પણ એ ભાઈનું ખરૂં નામઠામ જાણ્યા વિના અમે તે પ્રગટ કરી શકતા નથી.

અને જવાબ માટે ટીકીટો મોકલવી જ જોઇએ એવો નિયમ હોવા છતાં લોકો પોસ્ટેજ મોકલ્યા વિના પોતાના લેખ વીશે વારંવાર પુછપરછ કરી પોસ્ટેજ બગાડે છે, પણ અગાઉથી મોકલતા નથી. એ પણ કેવી નવાઈની વાત!

હું કુમારનો ગ્રાહક કેમ થયો?

કરાંચી, તા. ૧૭–૨–૨૫

"પાંચ માસ અગાઉ મુંબાઇથી મારા મિત્રે મને 'કુમાર'ના ગ્રાહક થવા સુચવેલું. પણ એ વખતે મેં તે પર કશું ધ્યાન ન આપ્યું. હમણાં હું બેલગામ મહાસભામાં ગએલો. ત્યાંથી વળતાં મારા મિત્રને ત્યાં મુંબાઇ ઉતરેલો. ત્યાં મારી નજરે 'કુમાર'ના અંકો પડયા. તરત જ મેં બારે અંકો ઉપાડી લીધા ને પ્રથમ જોઇ ગયો. પછી તે બધા મારા મિત્ર પાસેથી માગી કરાંચી લઇ આવ્યો ને સંપૂર્ણ વાંચી ગયો.

જાનેવારીની પહેલી તારીખથી મેં 'કુમાર'ના લવાજમના પૈસા ભેગા કરવા માંડેલા, તે આજે મારા ખીસાખરચમાંથી બચાવીને પુરા કરી મનીઑર્ડરથી મોકલું છું. 'કુમાર' મને બહુ જ ગમ્યું છે. દરરોજ હું જો 'કુમાર'નું એકાદ પાનું ન વાંચું તો મને નિદ્રા ન આવે."

વિઠ્ઠલજી માધવજી અંજારવાળા

પોતે 'કુમાર'ના ગ્રાહક કેમ થયા એ વીશે દરેક જણનો અનુભવ જુદોજુદો, રસમય, રમુજી અને ઘણીવાર નવાઇભરેલો હોય છે. ઉપરનો પત્ર એના દાખલારૂપે છે. ગ્રાહકો પોતાના એવા વિવિધ અને નોંધવાલાયક અનુભવ મોકલી આપે. તેમાં જેના અનુભવ સૌથી સરસ જણાશે એવા પાંચ જણને પાંચ સુંદર ઇનામો મળશે. પરિણામ વૈશાખી માસમાં બહાર પડશે. લખાણ 'કુમાર'ના એક કૉલમની પંદર લીટી કરતાં વધારે હોવું ન જોઇએ.

આ ૫ વી તી

આર્યાવર્તમાં એક મહારાષ્ટ્ર એવો પ્રાંત છે કે જે હીંદુ સંસ્કૃતિની ઉપાસના રાખી રહ્યો છે. તેમાં પણ ખાસ કરીને બ્રહ્મચર્યાશ્રમનું સાદું ને સાત્વિક વિદ્યાર્થીજીવન તો એનું જ. ત્યાંનાં શ્રીમંત કુટુંબોમાં યે હજુ સાવ સાદી જરૂરીઆતો પર ભણનારા ઘણા બ્રહ્મચારીઓ મળી આવે. ખરે, મહારાષ્ટ્ર જ્ઞાનનો તપસ્વી છે. આ જમાનાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં મહારાષ્ટ્રીઓ જે આગળપડતો ભાગ લે છે તેથી તો તેનું 'મહા–રાષ્ટ્ર' નામ સફળ થાય છે. પાલી ભાષાના મોટા વિદ્વાન અને બૌદ્ધધર્મના શ્રદ્ધાળુ અનુયાયી શ્રી ધર્માનંદ કોસંબીની 'આપવીતી', એ એવા એક 'મહારાષ્ટ્રી'ની જીવનકથા છે.

આજકાલ શાળાઓમાં મુસાફરીની જરૂરીઆત સમજાવવી પડે છે! આપણાં જુવાનીઆં આળસુ કે એકધારૂં નિસ્તેજ જીવન ગાળી રહે છે. એવે સમયે "ધર્માનંદજીની 'આપવીતી' અથવા પ્રવાસવર્ણન અનેકરીતે મનોરંજક અને બોધપ્રદ થશે. અંગ્રેજી કેળવણી શરૂ થઇ ત્યાર પછી આપહીંમતથી અને સ્વાશ્રયી વૃત્તિથી વિદ્વાન થએલાઓના દાખલા આપણી નજરે બહુ નથી પડતા. આજકાલના જમાનામાં ગામડાનો એક રખડેલ છોકરો, હાઈસ્કુલ કે કૉલેજની ઘરેડમાંથી પસાર થયા વગર અસારણ વિદ્વાન થઇ શકે એ આપણા માન્યામાં પણ નથી આવતું. ધર્માનંદજીની 'આપવીતી' વાંચીને કેટલા યે દુર્દૈવી પણ ઉત્સાહી તરુણોને બોધ મળશે, નવું આશ્વાસન મળશે."

પોતાના પગ પર ઉભીને પ્રાણવાન થવાની કળા આપણને તેમની પાસેથી મળે તેમ છે. પશ્ચિમના ચેપી પવનની અસર એમને ન થઈ. એમણે તો તપોમય ભિક્ષુ તરીકે બુદ્ધશરણ સેવ્યું, મોટી વયે પાલી ભાષાનો અભ્યાસ કર્યો ને તેની મારફત બુદ્ધભગવાનનો બોધરસ પીધો, કેટકેટલી યાત્રાઓ કરી સજીવ જ્ઞાન મેળવ્યું ને અંતઃકરણ નિર્મળ કર્યું, અને સાચું જીવન ગાળી દેશનું કલ્યાણ વધાર્યું.

'આપબળે જેણે પોતાની ઉન્નતિ સાધી છે' એવા ધર્માનંદજીનાં સાહસ ને સહનશીલતા તથા આગ્રહ ને જાતમહેનત દરેક હીંદીએ—કુમારકુમારીએ તો ખાસ–અનુભવવા જેવાં છે. એમની લખેલી એ 'આપવીતી' માંથી અમે ચુંટેલા નીચેના પ્રસંગો નવી પ્રજાને પ્રોત્સાહક થઇ પડશે.

બાળપણની વાતો

મારો જન્મ ગોવાના સાસષ્ટ પ્રાંતમાં આવેલ સાખવળ ગામે તા. ૯મી ઑક્ટોબર ૧૮૭૬ને દિવસ મળસ્કે ૪ વાગ્યાને શુમારે થયો. મારી માનું નામ આનંદીબાઇ અને બાપનું નામ દામોદર. અમે સાત ભાંડુ:—બે ભાઇઓ ને પાંચ બ્હેનો. તેમાં હું સૌથી નાનો. મારા જન્મ પછી મારી માની માંદગીને લીધે માને બદલે દાઇના દુધ ઉપર હું ઉછર્યો એમ કહેવાય છે. છ મહીનાનો થયો એવામાં એકાએક ડાબો પગ સુજી આવ્યો અને તેમાં પરૂ ભરાવા માંડયું. વૈદે ઘુંટણ ઉપરનો ભાગ કાપી તેમાંથી પરૂ કાઢી નાખી સાજો તો કર્યો, પણ તે કાયમને માટે નકામો થઈ ગયો.

ગામનાં બધાં છોકરાં કરતાં હું નબળો છું એમ મારા સોબતીઓ માનતા. આઠ નવ વર્ષનો થયો ત્યાં સુધી મને બરોબર જમતાં પણ નહોતું આવડતું. મારા સોબતીઓમાંથી કોઇ મને મારે તોપણ હું ઘેર રાવ ન લાવતો. મારા પિતાને મોઢે તેમના કેટલાક મિત્રો મારે વીશે કહેતા કે આ છોકરો તમારા પર ચોકખો ભાર રૂપ છે એમ લાગે છે.

પણ પિતાનો મત આ મિત્રોના જેવો ન હતો. કોઇપણ સાધારણ બાપને નિરાશા ઉપજે એવો મંદ તો હું હતો જ; છતાં પિતાને ભારે આશા હતી કે હું હોશીઆર નીવડીશ. એક ગામઠી જોષીએ ભવિષ્ય કહેલું કે હું વિદ્વાન તો થઇશ, ફક્ત ધનવાન નહિ થાઉં. અને આ ભવિષ્યકથન ઉપર પિતાને સંપૂર્ણ આસ્થા હતી.

પાટી ઉપર ધુળ નાખીને કક્કો ઘુંટતાં તો હું ઘરમાં જ શીખ્યો. ત્યારપછી મડગાંવ અને ચીખલીમાં થોડું ભણ્યા બાદ નવમા કે દસમા વર્ષમાં આરોબામાં રાઘોબા ગોપાળ પ્રભુની નીશાળે બેઠો. એ બહુ કડક શિક્ષક હતા, પણ વિદ્વત્તામાં બહુ પંકાતા. મારા પર તેમની પુરી કૃપા હતી. તેમણે પોતાના વિદ્યાર્થીઓનાં જુદાંજુદાં નામ પાડ્યાં હતાં. તેમાં મને 'ભીંડાનું શાક' કહેતા. તેઓ કહેતા કે ભીંડો હોય છે તો નરમ, પણ સ્વાદમાં મીઠો લાગે છે.

વાંચન

આશરે પંદર સોળ વર્ષની ઉમરે મને ધીમેધીમે વાંચવાનો શોખ લાગ્યો. આમાં કોઇની કશી ખાસ પ્રેરણા નહોતી. મારૂં મન એની મેળે જ વાંચન તરફ વળ્યું. વાંચનના વધવા સાથે મારો અસંતોષ પણ વધવા માંડયો. વિષ્ણુશાસ્ત્રી, આગરકર વગેરે મહાન પુરુષોએ પોતાથી બનતી દેશસેવા કરી ને જીવ્યું ધન્ય કરી ગયા, પણ મારે હાથે તેમના જેવાં કામો થવાની આશા ખરી? ક્યાં તેમની વિદ્વત્તા, ક્યાં તેમનો ઉત્સાહ, ક્યાં તેમનું ધૈર્ય! હું તો આ બધી બાબતોથી વંચિત. મારા જેવા ઢોરે જીવતા રહેવામાં શો સાર? ઝેર પીને આ દુનીઆની મુસાફરી પુરી કરી નાખવી એ જ શું બહેતર નથી? આવા આવા વિચારો મારા મનમાં ઘોળાવા લાગ્યા. ઝેર પીવા જેટલી હીંમત મારામાં નહોતી, તેથી જ હું આ પ્રસંગે બચી ગયો.

મનની મહત્ત્વાકાંક્ષા

તુકારામ બુવાની ગાથાની એક ચોપડી અમારા ઘરમાં હતી. મારી બ્હેન એમાંના અભંગ કોઇ કોઇ વાર વાંચતી. મેં તે વાંચવા લીધી. એમાંના અભંગ તો મને તે વખતે રૂચ્યા નહિ, પણ એ પુસ્તકની શરૂઆતમાં આપેલા તુકારામ બુવાના જીવનચરિત્રે મારા મન ઉપર એવી તો છાપ પાડી, કે તે ચરિત્ર હું અનેકવાર વાંચી ગયો, અને તેમાંથી કેટલા યે અભંગો મોઢે પણ કર્યા. આ ચરિત્રના પારાયણે મારા મનની મુંઝવણ મટાડી.

હું નિર્ધન હોવાથી મનમાં દુઃખી રહેતો; પણ તુકારામ બુવાએ તો દીવાળાં જ કાઢ્યાં હતાં! હું અભણ હોવાથી શોક કરતો; પણ તુકોબાને તો મારાથી દસમા ભાગ જેટલાં પણ ભણવાનાં સાધન નહોતાં મળ્યાં! નાનપણમાં જ મારૂં લગ્ન થઈ ગયું તેથી હું વિમાસતો; પણ તુકારામ તો બે વખત પરણ્યા હતા! દુનીઆદારીમાં મારા કરતાં અનેકગણી મુશ્કેલીઓ તેમને હતી, છતાં પરમાર્થમાં મારા કરતાં તેમની ડાંફ કેટલી આગળ! દુનીઆનાં દુઃખો તેમને નુકસાન-કર્તા ન નીવડતાં ઉલટાં લાભકર્તા જ લાગ્યાં! તો પછી મારે જ શા માટે શોક કરવો? વિદ્યા અને



ધન મેળવતાં ન આવડ્યું તો ભલે, પણ તુકોબા જેવા સદ્‌ગુણ પણ મહેનત કરતાં ન કેળવતાં આવડે શું? નામ કાઢવું, કીર્તિ મેળવવી એ બધું ભલે ધર્યું રહે, પણ તુકોબા જેવા સાત્વિક તો બનવું જ એમ મને થવા લાગ્યું.

ઘરનો કારભાર

મારા મોટાભાઇ ઘણુંખરૂં બહારગામ રહેતા, તેથી ઘેર પિતાજીની વૃદ્ધાવસ્થાને લીધે ઘરનો બધો બોજો મારા ઉપર પડ્યો. સોળમા વર્ષથી તો બધો કારભાર હું જ ચલાવતો. અનેક સંકટો આવ્યાં, અનેક અડચણો આવી, છતાં હાર્યા વિના મેં ઘરનો તમામ કારભાર યથાશક્તિ ભલીભાતે ચલાવ્યો.

ૐ ભવતિ

આખરે આ સ્થિતિથી હું કંટાળ્યો અને સંસ્કૃત શીખવાના ઉદ્દેશથી ૧૮૯૪માં એકવાર કોલ્હાપુર પહોંચ્યો. કોલ્હાપુરમાં હું મહાલક્ષ્મીના મંદિરમાં ઉતર્યો હતો. ત્યાં કોકણસ્થ જાતિના બે ત્રણ વિદ્યાર્થીઓ રહેતા. તેમણે મને ખુબ મદદ કરી. એક વીશીમાં તેમણે મારા જમવાની સગવડ કરી આપી. ‘ તમે જમવાનું કેમ કરો છો ? ’ એમ મેં તેમને પુછ્યું. જવાબમાં તેમાંના એકે કહ્યું, ‘અમારૂં તો પુછો જ મા. દેવમંદિરમાંથી પ્રસાદપાતળ મળી ગયું તો ભલા, નહિ તો અમારી ‘ૐ ભવતિ’ તો છે જ.’ ‘ૐ ભવતિ’ એ શું હશે એ મને કંઇ સમજાય નહિ ત્યારે તેણે ખુલાસો કર્યો કે ‘ ૐ ભવતિ ’ એટલે ભિક્ષા. ભિક્ષા માગવા જતી વખતે ‘ ૐ ભવતિ ભિક્ષાં દેહિ ’ એમ કહેવું પડે છે. એટલે આ વાક્યના આરંભમાં જે ‘ૐ ભવતિ’ છે તેને જ અમે ભિક્ષા કહીએ છીએ.’ મારા અંતરમાં હવે સ્પષ્ટ અજવાળું પડ્યું. જનોઈ દીધું તે વખતે હાથમાં ભિક્ષાપાત્ર આપીને ગોરમહારાજે મને ‘ૐ ભવતિ ભિક્ષાં દેહિ’ બોલવાનું કહેલું તેનો ખરો અર્થ આજ સમજાયો. પણ આ ‘ ૐ ભવતિ ’ ઉપર નિર્વાહ કરવા જેટલી હીંમત તે કાળે મારામાં ન હતી. વૃદ્ધ પિતાજી પણ ખુબ યાદ આવવા લાગ્યા. અંતે, ગાંઠે હતા તે પૈસા ખુટ્યા પહેલાં જ હું કોલ્હાપુર છોડી મડગાંવ પાછો આવતો રહ્યો.

ઘરનું કરજ

આ વખતે અમારા ઘરની પૈસા સંબંધી સ્થિતિ સારી નહોતી. પરચુરણ કરજ વધી ગયું હતું, અને તેનો ભાર મારા ઉપર હતો. એવામાં મારા એક ગાઢ મિત્ર સોનબાના મરણથી હું ઘણો જ ઉદ્વિગ્ન બની ગયો અને મને ગોવા છોડી ભાગવાનું જ મન થયું. ઘરના કરજનો બધો હીસાબ લખી મુકી, બે રૂપીઆ ગાંઠે લઇ મેં ફરી ઘર છોડ્યું ને ગોકર્ણ સુધી ગયો. પણ ત્યાં નિર્વાહનું કંઇ સાધન ન મળવાથી પંદર દહાડામાં પાછું ઘેર આવવું પડ્યું.

ઘેર આવ્યો પણ મારા મનની વ્યથા ઓછી ન થઇ. એક દિવસ તો હું જંગલમાં જ બેસી રહ્યો. મુળથી જ સ્વદેશીનો હું ભક્ત હતો. ગોવામાં સારાં

સ્વદેશી કપડાં મળતાં નહિ તેથી મારે જાડાં ઢંગધડા વગરનાં વાપરવાં પડતાં. આ બધા વર્તનથી હું ઘણુંખરૂં ગાંડામાં ગણાતો, પણ મને તેની કંઇ પરવા ન હતી.

ભગવાન બુદ્ધમાં શ્રદ્ધા

એવામાં તારીખ ૨૮મી ઑગસ્ટ ૧૮૯૮ને રોજ લકવાના ઉથલામાં પિતાજીનું એકાએક દેહાવસાન થયું. આ પ્રસંગે પણ મને અત્યંત દુઃખ થયું. દુનીઆના વહેવારમાં કેમે કર્યું ચિત્ત ચોંટે જ નહિ. આગલે વર્ષે ૧૮૯૭ની સાલમાં 'બાલબોધ' માસિકના એક અંકમાં ભગવાન બુદ્ધનું ચરિત્ર મેં વાંચ્યું હતું. ત્યારથી જ બુદ્ધ ઉપર મારી ખુબ શ્રદ્ધા બેસતી ગઇ હતી. દુનીઆદારીનો જેમ જેમ કંટાળો આવતો ગયો તેમ તેમ મારી આ શ્રદ્ધા દૃઢ થવા લાગી. બુદ્ધ જ મારૂં સર્વસ્વ છે એમ લાગવા માંડ્યું. પહેલાં હું મારા મિત્રોમાં બુદ્ધ ભગવાન વીશે વાતો કરતો, પણ હવે તો મારા મન જોડે જ બોલવા લાગ્યો. બુદ્ધની મૂર્તિ કલ્પી તેનું ધ્યાન કરવું અને 'બાલબોધ' માસિકમાં છપાએલું ચરિત્ર ફરીફરી વાંચવું એવો ક્રમ ચાલુ રાખ્યો, અને જીવતો રહ્યો તો બીજું બધું છોડી બુદ્ધના ધર્મનું જ્ઞાન સંપાદન કરીશ એવો દૃઢ સંકલ્પ કર્યો. ચાહે તેટલાં સંકટો આવો, ચાહે તેટલાં દુઃખ ભોગવવાં પડો, પણ બુદ્ધોપદેશનું જ્ઞાન મને થયું એટલે મારો જન્મારો સાર્થક છે એમ મને લાગવા માંડ્યું.

ઘર છોડ્યું

હવે મેં દક્ષિણ તરફનો ખ્યાલ છોડી ઉત્તરમાં જવાનો વિચાર કર્યો. પુણા એ મહારાષ્ટ્રનું કેન્દ્ર, એટલે ત્યાં મારી કંઇ ને કંઈ સગવડ થશે એમ મને લાગ્યું. ૧૮૯૯ના નવેમ્બરની આખરમાં હું મડગાંવ આવ્યો. મારા સગા શ્રી. ભીકુ નાયકે મને દસ રૂપીઆ વાટખરચીના આપ્યા; શ્રી વિષ્ણુ નાયકે પંદર આપ્યા. બીજી ડિસેમ્બરે મેં મડગાંવ છોડ્યું. શ્રી વિષ્ણુ નાયકે આપેલ એક ત્રાંબાનો લોટો અને એક શેતરંજી એટલે [illegible] સામાન મારી પાસે હતો.

પુણામાં

પુણે આવવામાં મારો ખાસ હેતુ એ હતો કે દિવસે કારકુનનું કે એવું જ બીજું કંઇ કામ કરી નિર્વાહ કરવો, અને કોઇ શાસ્ત્રી પાસે રહી સંસ્કૃતનો અભ્યાસ કરવો. આઠ દસ દહાડામાં મને ખબર પડી



કે દા૦ ભાંડારકર પુણામાં જ રહે છે. મેં તેમને બંગલે જઈ મારી બધી હકીકત જણાવી. તેમણે મને 'નોકરી કરવાની જરૂર નથી' એમ કહી ઉત્સાહ આપ્યો અને મદદ કરવાનું વચન દીધું.

પણ કપડાંલત્તાં ને વીશીના ખર્ચમાં મારી પાસેની પુંજી ખલાસ થઈ ગઈ. ફેબ્રુઆરી સુધી તો મેં માંડમાંડ ચલાવ્યું. પણ હવે આગળ શું કરવું? એટલે હું દા૦ ભાંડારકર પાસે ગયો અને મારા નિર્વાહની વાત કાઢી. તેમણે કહ્યું કે 'જો તમે પ્રાર્થનાસમાજના સભ્ય થાઓ તો સમાજ તરફથી અમે તમને મદદ કરી શકીએ. સિવાય બીજું કાંઈ અમથી બને તેમ નથી.'

મારે બુદ્ધ ધર્મનો અભ્યાસ કરવો છે એ વાત હું તેમને મુળથી જ કહેતો આવ્યો હતો. એટલે મેં તેમને કહ્યું, 'પ્રાર્થનાસમાજના ઘણાખરા સિદ્ધાંતો મને પસંદ છે; તથાપિ બુદ્ધધર્મનું પુરૂં જ્ઞાન મેળવ્યા વિના

હું કોઈ પણ સંસ્થાનો સભાસદ થવા ઇચ્છતો નથી. હાલ તો હું માનું છું કે એકલો બુદ્ધ ધર્મ જ મનુષ્યમાત્રની ઉન્નતિનું ખરૂં સાધન છે.'

'અરે, પણ બુદ્ધધર્મનો આપણા દેશને શો ઉપયોગ ? વળી આ દેશમાં બુદ્ધધર્મનું જ્ઞાન મેળવવું પણ મુશ્કેલ છે. એને સારૂ તો તમારે નેપાળ કે સીલોન જવું પડશે !'

'આપણા દેશને તેનો ઉપયોગ હો અગર ન હો, મારા જીવનને તેનો ઘણો ઉપયોગ છે એમ મારી ખાતરી થઇ છે. નેપાળ કે સીલોન જવાને હું તૈયાર છું.'

'પણ ત્યાં તમારે ભિક્ષુ બનવું પડશે !'

'ભલે ગમે તેટલાં કષ્ટ સોસવાં પડે, મને તેની ફીકર નથી. બુદ્ધધર્મનું જ્ઞાન મેળવવું એ મારૂં જીવન-કર્તવ્ય છે એમ હું સમજું છું.'

પણ હું દા૦ ભાંડારકરના મનનું સમાધાન કરી શક્યો નહિ. હવે પુણામાં પડી રહેવામાં કંઇ જ સાર નથી એમ જોઈ મેં ઉત્તર તરફ આગળ જવાનો નિશ્ચય કર્યો. જનોઇ તથા શિખાનો ત્યાગ કરી, ભગવાં કપડાં ધારણ કરી ઈ. સ. ૧૯૦૦ની પહેલી માર્ચે રાતે બાર વાગ્યે મેં પુણા છોડયું.

ઉત્તર હીંદ

ઇંદોર પહોંચી એક વીશીમાં ઉતર્યો. મારી પાસેની બધી પુંજી એક બે દિવસમાં જ ખુટી ગઇ. હવે ભીખ માગવાનો વખત પ્રત્યક્ષ આવી લાગ્યો, પણ એ પરાયા મુલકમાં મને ભીખ પણ કોણ આપે ? એક બે ઠેકાણે ભીખ માગી, પણ કાંઈ વળ્યું નહિ. છેવટે, વાગળે કરીને રાજ્યના કોઇ મોટા દક્ષિણી અમલદાર હતા તેમને ત્યાં ગયો. તેમણે મને ચાર આના આપ્યા.

ઇંદોરથી ઉર્જ્જનનું ભાડું છ કે સાત આના જેટલું બેસતું. વાગળે સાહેબના ચાર આના, અને મારી પાસે કંઇ બાકી હતું તે ઉમેરીને જેમતેમ કરી ટીકીટ જેટલો મેળ કર્યો ને હું સાંજે ઉર્જ્જન પહોંચ્યો.

ઉર્જ્જનમાં ગંદું પાણી પીવામાં આવ્યાથી રાતમાં મને કૉલેરા લાગુ પડયો; ત્યાંની માધવ કૉલેજના પ્રોફેસરોએ ઉઘરાણું કરી ગ્વાલીઅરની ટીકીટ અને વાટખરચી જેટલો જોગ કરી દીધો; અને ઉર્જ્જનથી નીકળી, રસ્તે બે દહાડા ઝાંસીમાં ગાળી હું ગ્વાલીઅર પહોંચ્યો. ત્યાં દા૦ વાગળેએ મને પ્રેમ ને ઉદારતાથી આશ્રય આપ્યો. ત્યાંની કૉલેજના શાસ્ત્રીએ હું સંન્યાસી વેશમાં હોવાથી મને સંસ્કૃત શીખવવાની ના પાડી; અને અહીં નવરા બેસી રહેવા સીવાય બીજો કશો કામધંધો ન હોવાથી, છેવટે મેં સંસ્કૃત અભ્યાસ માટે કાશીએ જવાની તૈયારી કરી. રખેને કાશીમાં પણ, ગ્વાલીઅરના શાસ્ત્રીબુવાની પેઠે, મારા સંન્યાસી વેશને લીધે મને સંસ્કૃત શીખવવાની કોઇ ના કહે, એમ વિચારી મેં અહીંથી ફરી જનોઇ ને ચોટલી ધારણ કર્યાં ને ગ્વાલીઅર છોડયું.

[કાશીમાં શ્રી ધર્માનંદજીએ કેવાં કષ્ટ વેઠી સંસ્કૃતનો અભ્યાસ કર્યો, અને ત્યાંથી નીકળી પાલિ ભાષા અને બુદ્ધ ધર્મનું જ્ઞાન મેળવવા સારૂ કેટકેટલી ગ્રહેમતો અને મુશીબતો વેઠી નેપાળ, સીલોન, મદ્રાસ, બ્રહ્મદેશ અને બીજાં બૌદ્ધક્ષેત્રોનો પ્રવાસ ખેડયો એનું વર્ણન જેટલું રસમય ને પ્રોત્સાહક છે તેટલું જ લાંબું છે. એટલે એની વીગતવાર હકીકત એમના મુળ 'આપવીતી' નામના પુસ્તકમાં જ વાંચવાની ભલામણ કરીને, હવે આ નીચે તો બાકીના ભાગના થોડા રસમય ફકરા આપીને જ પુરૂં કરીશું.]

માંદગીમાં મિત્ર

૧૯૦૧ના માર્ચની આખરમાં કાશીમાં મરકી આવી. એક દિવસ મને જોસભેર તાવ ભરાયો. આ તાવ મરકીનો જ એવી મને શંકા થઇ. મેં મારી સાથે રહેતા નીલકંઠ ભટજી નામના સહાધ્યાયીને ઓરડીમાંથી તાબડતોબ બહાર નીકળી જવાનું કહ્યું. નીલકંઠ ભટજી મુળ તો બહુ બીકણ માણસ, પણ આ પ્રસંગે તેમણે ભારે હીંમત દેખાડી. તેમણે કહ્યું, 'તમે મને ગમે તેટલો આગ્રહ કરશો, તોપણ હું અત્યારે તમને છોડી જવાનો નથી. મરવું લખ્યું હશે તો આ જગ્યાએ આપણે બંને સાથે મરશું.' પોતાનું બીછાનું સરખું યે તેમણે આઘું ખસેડયું નહિ. વૈદ્યને ઘેર જઇ મારે માટે દવા લાવ્યા, અને એક અઠવાડીઆમાં તો મારી તબીઅત સુધરવા લાગી.

ધોતીજોટાની કહાણી

ચોમાસું શરૂ થયા પહેલાં જ મરકી બંધ પડી.

પણ મારાં ધોતીઆં તદ્દન ફાટી ગયાં હતાં. હવે એકાદ મહીનો પણ તે પર ચલાવવું ભારે મુશ્કેલ હતું. નવો ધોતીજોટો લાવવો ક્યાંથી ? ગમે તેટલાં સંકટ આવે, ચાહે તેવડી વિપત્તિઓ પડે પણ જુના મિત્રોને તેની ખબર કહી મદદની યાચના કર્યા વિના અહીં ને અહીં જ, પોતાની અક્કલ હુશીઆરી અને પ્રમાણિકપણાથી બધાં સંકટો પાર કરવાં એવો મેં નિરધાર કર્યો હતો. પણ કાશી જેવા ક્ષેત્રમાં મજુરી કરીને એક રૂપીઓ કમાતાં આંખો ઓડે જાય તેમ હતું. છતાં નિરાશ ન થતાં કંઇક ને કંઇક તોડ કાઢવાનો મેં વિચાર કર્યો.

મારી પાસે અમરકોષનું એક પુસ્તક હતું. એક ગુંસાઇને તેની જરૂર હતી, તેથી તે મેં સવા રૂપીએ તેને વેચી દીધું. તેમાંથી એક રૂપીઓ ને બે આના આપી મેં પંચીઆંનો એક જોટો લીધો. પણ એ જોટ બહુબહુ તો બે ત્રણ મહીના જ નીકળે એમ હતું, કારણકે તે બહુ મજબુત નહોતો.

આખરે મેં એવો નિશ્ચય કર્યો કે અન્નછત્રમાંથી રોજ એક પૈસો તેલનો મળે છે, તે તેલમાં ન ખરચતાં બચાવવો, અને એમ બે અઢી મહીને એકાદ રૂપીઓ થાય, એટલે તેનું નવું પંચીઉં લેવું. પણ દીવો શામાંથી બાળવો ? અંતે અમે એવું ઠરાવ્યું કે રાત્રે દીવે વાંચવાને બદલે મોઢે જેટલું આવડતું હોય તેનું પુનરાવર્તન કરી જવું. આ પ્રમાણે મેં અને નીલકંઠ ભટજીએ અંધારામાં દિવસો વીતાવી પૈસા સંઘરવા માંડ્યા.

નરમ ઓશીકાં

બ્રહ્મઘાટ ઉપર શેણવીના મઠમાં રહેવા આવ્યા પછી ત્યાં માધવાચાર્યની શેતરંજીના કેટલાક ફાટેલા ટુકડા અને ચીંથરાં એક ખુણામાં પડ્યાં હતાં. તે ધોઇ શેતરંજીના ટુકડાની ખોળમાં ભરી તેનાં મેં બે ઓશીકાં બનાવ્યાં. તેમાંનું એક હું વાપરતો ને બીજું નીલકંઠ ભટજી વાપરતા. આ ઓશીકાં પથરા કરતાં નરમ હતાં અને છત્રનું અન્ન કુશકી કરતાં સારૂં હતું! પણ 'ભુખ ન જુએ ભાખરો અને ઉંઘ ન જુએ સાથરો'

આંધ્રના ચિત્રકાર



જન્મ **સ્વ. ડી. રામરાવ** અવસાન

૮મી માર્ચ: ૧૮૯૭ ૬ઠ્ઠી ફેબ્રુ: ૧૯૨૫

આંધ્રના ચિત્રકાર અમારા મિત્ર સ્વ૦ રામરાવ વીશે વીગતવાર માહીતી, અને તેમની ચિત્રકળાના નમુના તથા નિરૂપણ આ અંકમાં આપવાની ઇચ્છા અમે ગયે મહીને દર્શાવી હતી. પરંતુ તેમની કળા અને કારકીર્દિ પર વધુ પ્રકાશ પાડી શકે એવાં ચિત્રો ને હકીકત એકઠાં કરતાં વખત લાગશે એવું જોઇ, હાલ તુરત તો અમે અહીં તેમનો છેલ્લો ફોટોગ્રાફ, અને તેમણે વિદ્યાર્થી અવસ્થામાં કરેલી એક સુંદર કૃતિ આ અંકના મુખચિત્ર તરીકે આપીને અમારા વાચકોની ક્ષમા માગીએ છીએ.

અભ્યાસકોને પ્રેરણા મળે એવા અનેક પ્રસંગો સ્વ૦ રામરાવના જીવનમાં છે. તેમાંના કેટલાક તો અમે તેમના અંગત સહવાસમાં રહેલા હોઇ, જાતે જોએલા છે. આ બધી હકીકતો ને અંગત સ્મૃતિઓથી ભરપુર એક રસમય લેખ, તેમનાં સુંદર ચિત્રો સાથે અમે હવે પછી 'કુમાર'માં પ્રગટ કરવાની ઉમેદ રાખીએ છીએ.

એ કહેવતનો જાતિઅનુભવ કાશીમાં અમે લઇ રહ્યા હતા.

નેપાળની તૈયારી

દુર્ગાનાથ નામનો એક નેપાળી યુવક અમારા જ મઠમાં રહેતો અને અમારા ગુરુ નાગેશ્વરપંત ધર્માધિકારીની પાસે શાસ્ત્રાભ્યાસ કરતો. બુદ્ધધર્મનું જ્ઞાન મેળવવા માટે નેપાળ જવું જોઇએ એ દા૦ ભાંડારકરનું વાક્ય હું ભુલ્યો નહોતો. દુર્ગાનાથની મદદ આ કામમાં મળે એમ હોવાથી મેં તેની સાથે દોસ્તી બાંધી. ૧૯૦૨ના જાન્યુઆરીમાં દુર્ગાનાથે પોતાને ઘેર (નેપાળ) જવા નક્કી કર્યું. તેણે પોતાનો આ વિચાર મને જણાવ્યો ત્યારે મને પણ સાથે નેપાળ લઇ જવાનો મેં એને આગ્રહ કર્યો. પણ નેપાળ જવું એ કંઇ સહેલું કામ નહોતું. સૌ પહેલું તો નેપાળની સરકારના પરવાના વિના કોઇ પણ માણસથી નેપાળની હદમાં દાખલ થવાતું નથી. બીજું, રસ્તો ખુબ મુશ્કેલીઓવાળો; મોટા પર્વતો ઓળંગીને ગયા વગર કાઠમાંડુ (નેપાળની રાજધાની) શહેરનાં દર્શન ન થાય. ત્રીજું, મારી પાસે માત્ર ત્રણ ચાર રૂપીઆ સીલક હતા. આટલી પુંજી ઉપર આવડી મુસાફરી કઇ રીતે કરવી? છતાં કોઇ પણ રીતે જો એકવાર નેપાળ સરકારનો પરવાનો મળી જાય તો બીજાં કોઈ પણ સંકટોને ન ગણકારતાં દુર્ગાનાથની સાથે નેપાળ જવું જ એવો મેં નિશ્ચય કર્યો. દુર્ગાનાથના દાદા નેપાળના મુખ્ય પ્રધાનની કચેરીમાં એક મોટા અમલદાર હતા. મારા આગ્રહથી દુર્ગાનાથે પોતાના દાદા મારફત મારે માટે એક પરવાનો મેળવ્યો, અને તા. ૨૭ ફેબ્રુઆરીને રોજ કાશીથી નીકળવાનો અમે સંકલ્પ કર્યો.

નેપાળી સ્નાન

હજી તો હું પથારીમાં હોઉં ત્યાં દુર્ગાનાથ મને આવીને કહેતો 'મેં નાહી લીધું.' આ માણસ ક્યારે ઉઠયો, ક્યારે નદીએ ગયો અને આવી કડકડતી ટાઢમાં તે કઇ રીતે નહાયો એની મને રોજ નવાઇ લાગતી. બીરગંજથી નીકળ્યાને ત્રીજે દિવસે અમે નદીને કાંઠે જ એક દુકાનદારની ઝુંપડીમાં રાત રહ્યા હતા. હું સવારે વહેલો જાગ્યો પણ ટાઢ કહે મારૂં કામ, તેથી હજુ પથારીમાં જ પડી રહ્યો હતો. એટલામાં દુર્ગાનાથ ઉઠયો અને પોતાની નહાવાની તૈયારી કરવા લાગ્યો. એક નાના પંચપાત્રમાં પાણી લઇ તેણે પોતાની વેંત ચોટલીને અડકાડયું; પછી બે કાન તથા આંખે અને કપાળે પાણી અડકાડી સ્નાનવિધિ પુરો કર્યો! પછી મને કહે છે, 'અરે! તમે હજી સુતા જ છો? મેં તો સ્નાન પણ કરી લીધું!' મેં કહ્યું, 'અરે ભાઇ! હું તો ટાઢને લીધે તમે ઉઠયા તે પહેલાંનો જાગતો પડયો છું. પણ મેં તમને નદી ઉપર જતાં તો કંઇ ભાળ્યા નહિ. ત્યારે તમે સ્નાન શી રીતે કર્યું?' તેણે કહ્યું, 'તમે જાગતા હતા તો પછી હું પંચપાત્ર લઇ સ્નાન કરતો હતો તે શું ન જોયું?' મારા ભેજામાં એકાએક ઝોકાર અજવાળું પડ્યું, અને નેપાળી લોકોનું સ્નાન હવે હું સમજ્યો. મારવાડમાં એક ઘડા પાણીમાં બે ત્રણ માણસો નહાય છે એમ સાંભળ્યું હતું, પણ નેપાળી લોકોની સ્નાનપદ્ધતિની એમને ખબર હોય તો તો એક ઘડામાં ઓછામાં ઓછા સો મારવાડીઓ સ્નાન કરી શકે! તે દિવસથી નેપાળમાં દુર્ગાનાથની સાથે હતો ત્યાં સુધી સવારે ઉઠતાંવેંત મેં 'નેપાળી સ્નાન' કરવા માંડયું!

અઘોરીનાથનું ઘર

કાઠમાંડુ શહેરની એક ગલીમાં અઘોરીનાથ નામના નેપાળી પંડિતનું ઘર હતું. બે માળનું મકાન. પુણાની હવેલીઓની માફક આ ઘરને મોટો ચોક હતો. ચારે બાજુ સાવ સાંકડી ઓરડીઓ હતી, અને તેમાં વસ્તી હતી. હું આ ચોકમાં આવ્યો ત્યારે ગંદકી કાઢવાનું કામ ચાલુ હતું. કેટલાક નેપાળી મજુરો બધું મેલું કાવડમાં ભરી ભરીને લઇ જતા હતા. નેપાળી લોકો કચરોપુંજો બહાર ન ફેંકતાં વચલા ચોકમાં જ નાખે છે. મળમૂત્ર પણ અહીં જ કરે છે અને ઘેટાં બકરાંનું માંસ ખાઇને તેનાં હાડકાં પણ ત્યાં જ નાખે છે! આ બધી ગંદકી ભેગી થાય એટલે વર્ષે છ મહીને કાવડોમાં ભરી ભરી નજીકનાં ખેતરોમાં લઇ જઇ ખાતર બનાવવામાં તેનો ઉપયોગ કરે છે. દુર્ગાનાથનું ઘર શહેરની બહાર હતું; છતાં નજીકનો બધો કચરો, છાણ વગેરે ત્યાં ભેગું કરી મુક્યું હતું.

[પાન ૧૧૯મે ચાલુ]

અબોલા રાણી

એક હતો રાજા. તેને બાર દીકરા. રાજારાણીને એમ લાગતું કે હવે આપણને ઇશ્વર એક દીકરી આપે તો ઠીક. તે માટે તેમણે ઘણા યજ્ઞયાગ કરાવ્યા ને પુન્યદાન પણ કર્યાં.

એક દિવસ રાજાએ જોશીને બોલાવી જોશ જોવડાવ્યા. જોશ જોઇ જોશીએ કહ્યું, 'મહારાજ, આપને ત્યાં દીકરી અવતરશે. પણ એ એવી અપશુકનીઆળ થશે કે આપના બાર કુંવરમાંથી જે કોઇ તેનું મોં જોશે તે તરત મરી જશે.'

રાજાએ આ વાત રાણીને કહી. એ સાંભળી રાણીને બહુ જ દુઃખ થયું ને તે રડવા લાગી. તે જોઇ કુંવરોએ પુછ્યું, 'માતાજી, તમે કેમ રડો છો? તમને તે એવું શું દુઃખ? જે હોય તે અમને કહો. અમે બધા મળી તમારૂં દુઃખ કાપીશું.'

રાણીએ તેમને જોશીએ કહેલી વાત કરી અને કહ્યું, 'તમારે તમારી બહેનનું મોઢું ન જોવું જોઇએ. માટે તમે સૌ આ શહેર છોડી વનમાં ચાલ્યા જાઓ. વચ્ચે વચ્ચે આ બાજુ આવીને ખબર કાઢી જજો કે દીકરી અવતરી કે નહિ. તમને બહેન આવશે તો કીલ્લા ઉપર રાતી ધજા દેખાશે; અને ભાઇ આવશે તો ધોળી ધજા દેખાશે. રાતી ધજા દેખાય તો દેશનો આ ભાગ છોડી દૂર જંગલમાં જઇ રહેજો; ધોળી ધજા હોય તો તરત જ અમારી પાસે ચાલ્યા આવજો.'

બારે કુંવરો તો ગામ છોડી ચાલી નીકળ્યા. રોજ એકેક ભાઈ ગામની પાસે આવી તપાસ કરી જતો કે કીલ્લા ઉપર ધજા દેખાય છે કે નહિ. એમ કરતાં કેટલાક દિવસ વીતી ગયા.

આખરે એક દહાડો રાતી ધજા દેખાઇ. રાજકુંવરોએ ભેગા મળી વિચાર કર્યો કે માબાપની આજ્ઞા પ્રમાણે હવે દૂર જંગલમાં ચાલ્યા જવું અને ત્યાં જ રહેવું. એક સુંદર વનમાં જઇ તેઓએ નદીને કાંઠે એક મઝાનું ઝુંપડું બાંધ્યું. ઝુંપડાની આસપાસ રૂપાળો બાગ કર્યો. હમેશાં અકેક જણ વારાફરતી ઘેર રહી કામકાજ કરે, રાંધે ને ઘરની સંભાળ રાખે, અને અગીઆર ભાઇ બહાર ખોરાક શોધવા જાય. આમ કરતાં બાર વર્ષ વીતી ગયાં.

અહીં ઘેર પણ રાજકન્યા બાર વર્ષની થઈ. પોતાને ભાઇ હતા તેની એને ખબર નહોતી. એક દિવસ રાજમહેલના એક ઓરડામાં રાણી બેઠી બેઠી પોતાના બારે કુંવરોના બાર પોશાક જોતી હતી. એટલામાં રાજકન્યા ત્યાં અચાનક જઇ ચડી. તેણે પુછ્યું, 'મા, આ પોશાક કોના?' એ સાંભળી રાણીની આંખમાં આંસુ આવ્યાં. આ જોઇ રાજકુમારીએ તો એ વાત જાણવાની જીદ પકડી. છેવટે રાણીએ રડતાં રડતાં રાજકુંવરોની બધી વાત કરી.

પોતાને લીધે ભાઇઓને વનવાસ વેઠવો પડે છે એ જાણી રાજકન્યાને ઘણું જ દુઃખ થયું. તેણે મનમાં નિશ્ચય કર્યો કે મારે એકને લીધે બાર જણને દેશવટો ભોગવવો પડે, તેના કરતાં હું જ એકલી વનવાસ વેઠું.' આવો નિરધાર કરી એક અંધારી રાતે તે છાનીમાની મહેલ છોડી જંગલ તરફ ચાલી નીકળી.

સવાર પડતાં રાજકન્યા ગુમ થવાની સૌને ખબર પડી. આખા શહેરમાં હાહાકાર થઈ રહ્યો. ચોમેર તપાસ કરવા ઘોડેસવારો દોડાવ્યા; પણ વ્યર્થ. ક્યાંય રાજકુમારીનો પત્તો લાગ્યો નહિ.

આ તરફ રાજકન્યા તો ચાલતાં ચાલતાં, તેના ભાઇઓ રહેતા હતા તે જ જંગલમાં આવી ચડી. રાજાની કુંવરી, જેણે કોઇ દહાડો ભોંય પગ સરખો

સુકેલો નહિ, તેને જંગલનાં જાળાંઝાખરાં ને કાંટા કાંકરામાં અથડાતાં બહુ જ દુઃખ થયું. પણ તેણે તો દૃઢ મન કરીને આગળ ને આગળ ચાલ્યા જ કર્યું. આખરે બપોર થયા. સુરજ માથે તપવા લાગ્યો. તે થાકીને લોથ થઇ ગઇ હતી. પેટમાં ભુખ પણ કકડીને લાગી હતી. તરશથી કંઠ સુકાઇ જતો હતો.

પરંતુ તેણે તો ભાઇઓનું દુઃખ ટાળવાનો નિશ્ચય કર્યો હતો. એટલે ધીરજ રાખીને ચાલવા જ માંડયું. થોડે દૂર ગઇ ત્યાં એક ઝુંપડું દેખાયું. ઉતાવળે પગલે તે ત્યાં જઇ પહોંચી.

એ તેના ભાઇઓની જ ઝુંપડી હતી. અંદર સૌથી નાનો ભાઇ રાંધતો હતો. રાજકન્યાને જોઇ તેને થયું કે આવા ગાઢ વનમાં આવી કોમળ બાળા ક્યાંથી આવી હશે? તેણે પુછ્યું, 'બહેન, તું કોણ છે, અને અહીં કેવી રીતે આવી ચડી?'

રાજકુંવરીએ તેને બધી વાત કહી. તે સાંભળી કુંવર તો સમજી ગયો કે આ તો આપણી જ બહેન! તે કહે, 'તું તો અમારી બહેન! બહુ સારૂં થયું કે તું અહીં આવી. આપણા ભાઇ જંગલમાં શીકારે ગયા છે, તે હમણાં આવશે. ત્યાં સુધી હું ઝટપટ રાંધી લઉં. પછી આપણે સૌ સાથે બેસી જમીશું.'

થોડીવારમાં બીજા અગીઆર ભાઇઓ પણ આવી પહોંચ્યા. બહેનને જોઇ સૌને હરખ થયો. ભાઇઓએ વનની વાતો કરી; બેને રાજમહેલની વાતો કરી. બધાં આનંદથી કલ્લોલ કરતાં સાથે બેસી જમ્યાં.

જમીને બહેન બગીચામાં ફરવા નીકળી. ત્યાં ગુલાબના બાર સુંદર છોડ હતા, ને દરેક છોડ પર અકેક મઝાનું ફુલ ખીલેલું. બાર ભાઇને આપવા માટે રાજકન્યાએ એ બારે ફુલ ચુંટયાં ને ઝુંપડી તરફ ચાલી. ત્યાં તો ઝુંપડીમાંથી બાર કાગડા ' કા , કા ' કરતા બહાર આવી ઉડી ગયા. અંદર જઇને જુએ તો કોઈ ન મળે!

આ જોઇ તેને ધ્રાસકો પડયો. માએ કહેલી વાત તેને સાંભરી આવી. તેનું હૈયું જાણે ફાટી ગયું, ને માથે હાથ દઇ તે ખુબ વિલાપ કરી રોવા લાગી.

ચોધાર આંસુ સારતી રાજકન્યા ગાંડા જેવી વનમાં ફરવા લાગી. રડતી રડતી તે એક ઉંડી અંધારી ખીણમાં આવી પહોંચી. ત્યાં એક ગુફાના મોં આગળ એક જુના ખખડધજ ઝાડ હેઠળ કોઇ ડોશી બેઠી હતી. ડોશીએ તેને જોઈ કહ્યું, 'દીકરી, કેમ રડે છે?'

રાજકન્યાએ કહ્યું, 'ડોશીમા, હું ભારે અભાગણી છું. મારૂં મોઢું જોવાથી મારા બાર ભાઇ કાગડા બની ઉડી ગયા. તે ફરીવાર માણસ થઇ મારી પાસે હતા તેમ પાછા શી રીતે આવે? તમે કંઇ ઉપાય જાણતાં હશો. કહો તો તમારો મોટો પાડ માનીશ; તમે કહેશો તેમ કરીશ.' એમ કહી તે વલોપાત કરી રોવા લાગી.

ડોશી કહે, ' બેટા, રોઇશ નહિ, છાની રહે; હું તને એક રસ્તો બતાવું. તે પ્રમાણે કરીશ એટલે તારા ભાઇ તને પાછા મળશે. તું સાત વર્ષનું અબોલા વ્રત લે. સાત વર્ષ સુધી તારે બોલવું નહિ, રોવું નહિ, તેમ હસવું પણ નહિ. આ પ્રમાણે સાત વર્ષ સુધી અખંડ વ્રત પાળીશ તો તારા ભાઇ પાછા આવશે.'

ડોશીને નમસ્કાર કરી રાજકન્યા ત્યાંથી ચાલી નીકળી. તેણે અબોલા વ્રત લીધું ને તે જ જંગલમાં રહેવા લાગી. ત્યાં ભોંય પડેલાં ફળ ખાય, ઝરાનું સ્વચ્છ પાણી પીએ ને ઝાડ હેઠળ સુઇ રહે. તે હસે નહિ, બોલે નહિ કે રડે નહિ.

એમ કરતાં કરતાં ઘણા મહીના વીતી ગયા. એક દિવસ કોઇ એક રાજકુમાર તે જંગલમાં શીકાર કરવા આવી ચડયો. રાજકન્યાને જોઇ તેને લાગ્યું કે આ કોણ રૂપરૂપની મણિ! જાણે સાક્ષાત વનની દેવી! તે તો એના રૂપથી અંજાઇ ગયો. પાસે આવી તે કહેવા લાગ્યો 'તમે કોણ છો?' પણ રાજકન્યા શાની બોલે?

તેણે ઘણાઘણા પ્રશ્નો કર્યા અને બોલાવવા ખુબ મથામણ કરી, પણ વ્યર્થ. રાજકન્યા તો મુંગી ને મુંગી. આખરે રાજપુત્ર તેને પોતાને ગામ લઇ ગયો ને તેને પરણ્યો. પણ રાજકન્યાના મોઢામાંથી તો શબ્દ સરખો યે નીકળ્યો નહિ. રાજપુત્રે તેનું નામ અબોલા રાણી પાડયું.

ત્યાંની રાજમાતાએ પોતાના કુંવરને કહ્યું, ' આ





ફાગણ
૧૯૮૧

અબોલા રાણી

ત્યાં તો ઝુંપડીમાંથી બાર કાગડા 'કા, કા' કરતા બહાર નીકળી ઉડી ગયા.

મિનર્વા પ્રિન્ટરી, પાંચકુવા, અમદાવાદ.




ફોટોગ્રાફીની
હરીફાઈ
કુમાર

તે કેવી વહુ! નથી બોલતી કે નથી હસતી! જંગલમાંથી પકડી લાવ્યો છે, તે કોઇક ડાકણ હશે! માટે જ્યાંથી લાવ્યો ત્યાં પાછી મુકી આવ. નહિ તો એ ચુડેલ ક્યાંક આપણો અને આપણા રાજ્યનો નાશ કરશે.' રાજકુંવરને તો અબોલા રાણી બહુ ગમતી, એટલે તેણે માનું કહ્યું માન્યું નહિ.

પણ રાજમાતા તો રોજ ને રોજ કુંવરને ટોંકે. આથી છેવટે એક દહાડો રાજપુત્રને શંકા થઇ કે રખેને માની વાત ખરી પણ હોય! નહિતો આટઆટલા દહાડા થયા ન બોલે એ કેમ બને? એટલે તેણે તો રાજકન્યાને ગામબહાર લઇ જઇ જીવતી બાળી મુકવાની પોતાના નોકરોને આજ્ઞા આપી!

ગામ બહાર મોટા મેદાનમાં એક જંગી ચિતા ખડકવામાં આવી. મેદાનમાં લોકોનાં ટોળેટોળાં જોવા માટે મળ્યાં હતાં. તલ મુકવા જેટલી પણ જગ્યા ક્યાંય ખાલી ન મળે. બીચારી રાજકન્યાને વચમાં ઉભી રાખવામાં આવી.

તે વખતે ગઢના કાંગરા ઉપર બાર કાગડા આવી બેઠા; ને ત્યાંથી ઉડતા ઉડતા તેઓ ચિતા પાસે આવ્યા. નોકરો અબોલા રાણીને ઉપાડીને જેવા ચિતામાં નાખવા જાય છે તેવા જ એ બાર કાગડાના બાર રાજકુંવર બની ગયા!

કારણકે બરાબર એ જ વખતે રાજકુંવરીના વ્રતનાં સાત વર્ષ પુરાં થતાં હતાં. આ ચમત્કાર જોઇ સૌ આશ્ચર્યથી મુગ્ધ બની ગયાં! તેમણે રાજકુંવરીને છોડી. તેની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં; ને તે પોતાના ભાઇએને ભેટી પડી. પછી તેણે પોતાના વીતકની ને અબોલાવ્રતની સૌને વાત કરી. રાજધાનીમાં આનંદ આનંદ થઇ રહ્યો ને કેટલા યે દિવસ સુધી ઉત્સવ ચાલ્યો.

પછી રાજકુંવરો પોતાની બહેનને લઇ માબાપને મળવા પોતાને ગામ ગયા. ત્યાં તો એમને જોઇ રાજારાણી હરખથી ગાંડા જેવાં થઇ ગયાં. બધે આનંદ મંગળ વર્તી રહ્યાં, ને સૌ સુખે રહેવા લાગ્યાં.

'બહેન'

ફુલવાડી

[સૌરાષ્ટ્રના નરસિંહ મહેતા જો ગુજરાતી કવિતાના પિતા છે, તો મેવાડની મીરાંબાઇ એની માતા છે. પણ નરસિંહ મહેતાના કરતાં મીરાંનાં પદોમાં લાગણીઓની ધારા વધુ પ્રાણવાળી વહે છે. નરસિંહ મહેતા થોડાક જ્ઞાની હતા; જ્યારે મીરાંબાઇ તો શુદ્ધ ભક્ત જ રહ્યાં.

મીરાંબાઇની ભાષા સરળ, સચોટ અને કુદરતી છે. તેનાં પદ મનોહર મધુર અને રસભર છે. મીરાંનાં પદ એટલે મીરાંનું હૃદય; મીરાંનાં પદ એટલે મીરાંનું જીવન. પોતાનાં એ પદને લીધે જ લોકોનાં હૈયાંમાં ઉતરી મીરાં અમર બની છે.]

પદ

લેને તારી લાકડી ને લેને તારી કામળી
વાછરૂ ચરાવવા નહિ જાઉં માવડલી. લેને૦
માખણ તો બલભદ્રે ખાધું
અમને મળી ખાટી છાસલડી. લેને૦
વૃન્દાવનને મારગ જાતાં
પગમાં ચુંબે ઝીણી કાંકલડી. લેને૦
સઘન વનમાં કાંઇ ખબર પડે નહિ
સાથી ગોવાળ કરે ડરકલડી. લેને૦
દાદુર મોર ને પંખીઓ બોલે
ખીજાવે કહી કાળી કરસનડી. લેને૦
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર
ચરણકમળ ચિત્ત રાખલડી. લેને૦

મીરાંબાઇના આ આખા યે પદમાં બાળકની કાલી બોલી અને ઘેલા ભાવ છે. 'લેને તારી લાકડી'માં દેખીતી રીસ છે. 'નહિ જાઉં' એ ખાલી હઠ છે. 'માવડલી'ના સંબોધનમાં લાડકોડની મીઠાશ છે. 'અમને તો મળી' કહીને બાલકનૈયો પોતાનું માન જાળવે છે.

'મોટાભાઇને માખણ ને પોતાને ખાટી છાશ' તેની એને રીસ ચડી છે. પણ પછી તો એ ચબરાક કુંવર સાચાં ને ખોટાં બહાનાં કાઢવા મંડી પડે છે. અને તે પણ કેવાં? પગમાં કાંકરા ખુંચે છે; ગીચ-ઘોર વનમાં ગોવાળીઆ ડરાવે છે; પક્ષીઓ મને 'કાળી કરસનડી' કહી ખીજવે છે!

પણ એમ એ બી જાય કે શરમાય એવો સુંવાળો ખરોને? વાંધો એને એક વાતનો છે. માખણનો પીંડો મળે તો હમણાં માની જાય!



[ગયા અંકના પાન ૮૦થી ચાલુ]

નેપોલીઅન એલ્બામાં જઇને રહ્યો. માત્ર સોળ માઇલ લાંબા અને બાર માઇલ પહોળા એવા ટાપુનો તે રાજા બન્યો. પણ નેપોલીઅન જ્યાં હોય ત્યાં એકદમ ચેતનનાં પુર ઉભરાઈ જતાં. એલ્બાની તેર હજારની વસ્તીમાં પણ તેણે અજબ ફેરફાર કરી નાખ્યા. નવી સડકો, નહેરો, દવાખાનાં અને બીજાં અનેક બાંધકામ શરૂ કર્યાં.

પણ મિત્રરાજ્યો નેપોલીઅનને શાંત રહેવા દેવા ખુશી ન હતાં. નેપોલીઅન જ્યારે એલ્બામાં શાંત રીતે પોતાનું નાનકડું રાજ્ય સંભાળી રહ્યો હતો ત્યારે પણ તેને સેંટ હેલીનામાં પુરી દેવાની ઇચ્છા અનેક વર્તમાનપત્રોએ બતાવી હતી.

આ પ્રમાણે હજી તો નેપોલીઅન એલ્બામાં જ રહેતો હતો, છતાં તેના તરફ વિશ્વાસઘાત કરીને, તેને સેંટ હેલીનામાં કેદ કરવાની ચર્ચાઓ વર્તમાનપત્રોમાં અને ખાનગી રાજસભાઓમાં પણ થઇ રહી હતી. નેપોલીઅનનો પ્રજાના દિલ પર જે કાબુ હતો તે આ સતાધિકારીઓની આંખમાં કણાની માફક ખટકતો હતો. નેપોલીઅનને આ હકીકતની જાણ થઇ અને તેણે વિચાર્યું કે આવી રીતે એલ્બામાંથી એક દિવસ છાનામાના પકડાઇ જવું અથવા રખેને મિત્રરાજ્યોએ મોકલેલો કોઇ ખુની રાત્રે છાનોમાનો ખંજર ભોંકી જાય એવી બીકથી ચેતતા ને ડરતા રહ્યા કરવું એ કરતાં તો બહેતર છે કે ફરી એકવાર ફ્રાન્સની પ્રજા પાસે હાજર થઇ જવું. પછી પરિણામ ચાહે તે આવે.

અંતે એક દિવસ નેપોલીઅને પોતાના હમેશના સ્વભાવ પ્રમાણે પાસે ફેંક્યો. તેણે આ સાહસ ન ખેડયું હોત તો તેના નસીબમાં સેંટ હેલીના વહેલું જ લખાઇ ગયું હતું. નેપોલીઅનને એલ્બામાંથી ઉપાડી જવાનું મિત્રરાજ્યોએ ચોકસ કરી રાખ્યું હતું, અને એ કામ અંગ્રેજ નૌકાધિપતિ સિડની સ્મિથને સોંપાઇ પણ ગયું હતું. પરંતુ એ યોજના પાર પડે તે પહેલાં તો નેપોલીઅન એલ્બા છોડી ફ્રાન્સ આવી પહોંચ્યો હતો!

§

નેપોલીઅનને પ્રજાના પ્રેમ પર પુરો વિશ્વાસ હતો. ફ્રાન્સના કાંઠા પર ઉતર્યા પછી 'ગેપ' નામના શહેરમાં પોતે માત્ર છ સવાર અને બાવીસ અંગરક્ષકોને લઇને ગયો. 'નેપોલીઅન આવ્યો છે' એટલા શબ્દો સાંભળતાં તો, શહેર આખામાંથી હજારો સ્ત્રીપુરુષો તેને જોવા નીકળી પડયાં. રાજાના અમલદારો તો જીવ લઇને નાઠા. આખું ફ્રાન્સ 'શહેનશાહ ઘણું જીવો'ના પોકારોથી ગાજી ઉઠયું. નેપોલીઅનના જયઘોષ સાથે લોકો તેના સૈન્યમાં જોડાવા લાગ્યા. પણ નેપોલીઅનની ઇચ્છા ફ્રાન્સના પ્રજાપ્રેમની પરીક્ષા કરવાની હતી. રસ્તામાં જ્યાંજ્યાં તેની સામે સૈન્ય ગોઠવાતું, ત્યાં તે પોતે એકલો દોડયો જતો. કોણજાણે નેપોલીઅનમાં શું અજબ જાદુ હતું, કે સીપાઇઓ તેને જોતાં જ 'શહેનશાહ ઘણું જીવો' એવા જયઘોષ સાથે પોતાનાં હથીઆર તેને ચરણે મુકી દેતા!

એક વખત ગ્રેનોબલ નામે શહેરમાં ત્યાંના

અધિકારીઓએ તેની સામે થવા સૈન્ય તૈયાર રાખ્યું હતું. નેપોલીઅન સાદા વેશમાં ઘોડેસવાર થઇ એકલો આગળ વધ્યો. શત્રુના સેનાપતિએ ગોળીબારનો હુકમ આપ્યો. એકદમ આ નિઃશસ્ત્ર ઠીંગણા નેપોલીઅન સામે છ હજાર બંદુકો તાકવામાં આવી. માત્ર એક જ બંદુક ફુટે કે તરત તે ઉડી પડે તેમ હતું. નેપોલીઅને આ જોયું. જાણે કાંઇ જ ન હોય તેમ, તે પોતાનો ઘોડો આગળ ચલાવતો ગયો. છ યે હજાર બંદુકો તેનાથી માત્ર આઠ દસ પગલાં જ દૂર રહી, ત્યારે તે અત્યંત શાંતિથી ઘોડા પરથી ઉતર્યો, સૈનિકોની સામે જઇ નીડરપણે ઉભો, પોતાના ડગલાનાં બટન ખોલી નાખ્યાં, છાતી ખુલ્લી કરી અને દૃઢ અવાજે બોલ્યો, 'સૈનિકો ! તમારામાં કોઇને, પોતાના શહેનશાહને મારવાની ઇચ્છા હોય તો બંદુક ચલાવો; હું અહીં તમારી સામે જ ઉભો છું!' એક પળની ગંભીર શાંતિ પછી, બધી બંદુકો એક પછી એક નીચે નમવા લાગી. ' શહેનશાહ ઘણું જીવો 'નો પ્રચંડ અવાજ સૈન્યમાંથી નીકળ્યો, અને તેનો સેનાપતિ પોતાના ઘોડાપર જીવ લઇને નાઠો! આમ ને આમ



શહેનશાહ નેપોલીઅન

નેપોલીઅન ઠેઠ પારીસ નજીક પહોંચી ગયો. પારીસ આગળ તેને રોકવા માટે ગોઠવાએલા બળવાન સૈન્ય સામે પણ નેપોલીઅન એ જ રીતે પોતાનાં થોડાંક માણસ લઇને ગયો. બસ, જેમ બધે બનતું આવ્યું હતું તેમ અહીં પણ સૈન્યે નેપોલીઅનને જોયો કે તરત જ 'શહેનશાહ ઘણું જીવો' એ અવાજથી લડાઇનું મેદાન ગજાવી મુકયું. તાલીમના બધા નિયમો તુટી ગયા, સીપાઇ-ઓની હારો વિખરાઇ ગઇ, ને ચારે તરફથી સીપાઇઓ દોડી દોડીને નેપોલીઅનને વીંટળાઇ વળવા લાગ્યા. માત્ર વીસ દિવસમાં, વગર હથીઆરે અને એકપણ લડાઇ કર્યા વિના, નેપોલીઅન ફ્રાન્સનો મહારાજા બન્યો, ને મિત્રરાજ્યોએ પ્રજાપર ઠોકી બેસાડેલો બુર્બોન

વંશનો લુઈ રાજા નાસી ગયો. આવા અસાધારણ પ્રજાપ્રેમ માટે નેપોલીઅનના ચારિત્રની ભવ્યતા સીવાય બીજું કયું કારણ હોઇ શકે?

પણ આ માણસને જંપીને બેસવા ન દેવાની યુરોપનાં રાજ્યોની પ્રતિજ્ઞા હતી. નેપોલીઅન આવ્યો છે, એ સમાચાર ફેલાતાં જ લગભગ વીસ લાખનું સૈન્ય તેઓએ એકઠું કર્યું. માત્ર એક જ માણસને દૂર કરવા માટે યુરોપનાં બધાં રાજ્યો પોતાનું હતું તેટલું બળ ખર્ચી નાખવા તૈયાર થયાં. નેપોલીઅન સુલેહ કરવા માટે હર પળે તૈયાર હતો; પરતુ યુરોપના રાજાઓને તો પોતાની આપખુદ સત્તા મોળી પડે ને લોકતંત્ર ઘર કરી જાય, એ વાતની સાથે જ વેર હતું. ફ્રાન્સમાં થએલી રાજ્યક્રાંતિને પરિણામે નેપોલીઅનને લોકોએ રાજ્યસત્તા પર ચુંટી કાઢયો હતો. લોકોને રાજ્યતંત્રમાં આટલો અવાજ મળે તે યુરોપના કોઇ રાજાને ગમતું ન હતું. અને ઇંગ્લંડની પક્કાઇ, તેનો વેપારી સ્વભાવ અને એશીઆના દેશોને ગુલામીમાં જકડવા માટે તેણે વાપરેલી હલકી રાજનીતિ એ બધાને જો કોઇ પહોંચી વળે તેમ હોય તો તે માત્ર એક બોનાપાર્ટ! એટલા માટે, બોનાપાર્ટ સાથેની લડાઇમાં ઇંગ્લંડ દર વખતે યુરોપના રાજાઓની સાથે જ ઉભું રહેતું. આ વખતે પણ ઇંગ્લંડે લડાઇ માટે ગંજાવર રકમ કાઢી.

નેપોલીઅન ખુનખાર લડાઇઓને ધિક્કારતો તે આ સમયે જ બરાબર જણાયું. યુરોપનાં આ બધાં રાજ્યોને તેણે વારાફરતી સુલેહ માટે સમજાવ્યાં; પણ વ્યર્થ. એ વખતે જો આ મહાપુરુષે માત્ર એક જ પગલું ભર્યું હોત—ક્રોધમાં આવીને 'રાજ્યક્રાન્તિ'નો પોકાર પાડયો હોત, તો યુરોપની બધી પ્રજાઓ એકસપાટે ઉભી થઇ જઇને જ્વાળામુખીના રસની માફક બધા દેશો પર ફરી વળત! વીસ લાખ તો શું, પણ વીસ કરોડનું સૈન્ય ભેગું થાત, તો યે ઉન્માદે ચડેલી એ યુરોપની પ્રજાઓને કોઇ રોકી શકત નહિ! ઇ. સ. ૧૭૯૩ના ફ્રેંચ રેવોલ્યુશનમાં બન્યું હતું તેમ, હજારો માથાં હમેશાં શુળીએ વધેરાત; રાજાઓને તો ઘેટાંની માફક પ્રજા વાઢી નાખત; અને અમલદારો, નિર્દોષો, સ્ત્રીઓ ને બાળકો હજારોની સંખ્યામાં કપાઇ જાત. માત્ર રાજ્યક્રાંતિના ચિહ્ન જેવી 'લાલ ટોપી' નેપોલીઅને પહેરી હોત, તો લોકોનાં ઉશ્કેરાએલાં ટોળાં દેશદેશમાંથી એનો અવાજ ઝીલી લેત, અને વીએના, રોમ, સેંટ પિટર્સબર્ગ, બર્લિન અને લંડન, ખુનખાર લોકોએ લુટીને ધુળ ભેગાં કરી દીધાં હોત!

પણ નેપોલીઅનને આ છેલ્લા ભયંકર શસ્ત્રની, અને તેમાં રહેલા અનિવાર્ય બળની ખબર હતી. પ્રજા ઉન્માદે ચડે-ગાંડી થાય-ત્યારે કેવાં કેવાં કામો થાય છે તેનો એને પુરો ખ્યાલ હતો. તેથી તેણે આખા યુરોપને લોહીથી ખરડાતું બચાવી લેવા ખાતર સુલેહના બને તેટલા પ્રયત્ન કર્યા; અને તેમાં ન ફાવ્યો ત્યારે લડાઇ કરી, પોતે સેંટ હેલીનામાં કેદી બનીને રહેવાનું પસંદ કર્યું. નેપોલીઅનના ચારિત્રની સૌથી ઉજળી બાજુ આ જ છે. પોતે પોતાની બધી મહત્ત્વાકાંક્ષા ધુળમાં રગદોળાતી જોઇ, લડવૈયા તરીકેની કીર્તિ જતી જોઇ, એકાંત જન્મકેદ ને દુષ્ટમાં દુષ્ટ જુલમ સામે ધુરકતાં જોયાં, છતાં લોકકલ્યાણની ખાતર એ બધું તેણે સ્વીકારી લીધું, અને રાજ્યવિપ્લવની ગર્જના ન ઉઠાવી તે ન જ ઉઠાવી.

§

મિત્રરાજ્યોએ સુલેહનાં કહેણ ન જ માન્યાં ત્યારે આખરે થાકી નેપોલીઅને લડાઇની તૈયારી કરી. એ હવે એકલો હતો, છતાં તેણે બતાવેલું ધૈર્ય જોઇ શત્રુઓ પણ તેનાં વખાણ કરવા લાગ્યા. શત્રુસૈન્યને ખાળવા તે પારીસથી નીકળ્યો. તેણે જે યોજના કરી હતી તે સફળ થઇ હોત તો શત્રુસૈન્યના ભુક્કા જ નીકળી જાત. પરંતુ આ વખતે તેના પાસા સફળ પડ્યા નહિ.

અંગ્રેજ સૈન્ય વેલિંગ્ટનની સરદારી નીચે બ્રસેલ્સમાં હતું; અને પ્રશીઅન સૈન્ય બ્લુચરની સરદારી નીચે નામુરમાં હતું. આ બંને સૈન્યને જુદાં જુદાં હરાવવાની નેપોલીઅનની ધારણા હતી. વચ્ચે ક્વાટર્બ્રાસ નામની એક અગત્યની જગ્યા હતી. સેનાપતિ 'ને' આ જગ્યા લેવા માટે ગયો. નેપોલીઅન પોતે નામુર તરફ ચાલ્યો. પણ માર્શલ 'ને' ક્વાટર્બ્રાસ લેવા ગયો ત્યાં વચ્ચે

વરસાદનું તોફાન થયું પરંતુ તેને ખાતરી હતી કે પોતે તે જગ્યા લેશે જ. એટલે તેણે નેપોલીઅનને તે પ્રમાણે કહેવડાવી દીધું. નેપોલીઅન તરત નામુર તરફ વધ્યો. રસ્તામાં જ બ્લુચર સાથે ભેટો થયો. નેપોલીઅને એકદમ માર્શલ 'ને'ને કહેવડાવ્યું કે તમે ક્વાટર્બ્રાસમાં થોડાં માણસ રાખી, જલદી અહીં આવો; એટલે બ્લુચર તો તદ્દન હારી જાય! પણ નેપોલીઅનની યોજના માર્શલ 'ને'ની એક ભુલથી પડી ભાંગી!

માર્શલે નેપોલીઅનને સમાચાર કહેવડાવ્યા તે પ્રમાણે ક્વાટર્બ્રાસ તેના કબજામાં આવી જ ગયું હોત. પણ થાકથી આરામ લેવા તે સૈન્ય સહિત ક્વાટર્બ્રાસની નજદીકમાં રાત ગાળવા રોકાયો! બસ, ખલાસ! એ થોડા આરામમાં નેપોલીઅનનું રાજ્યાસન પડી ભાંગવાની તૈયારી થઈ ચુકી. જે વખતે માર્શલ 'ને'ના સૈનિકો ઉંઘતા હતા, તે વેળા વેલિંગ્ટન પોતાના સૈન્ય સહિત ક્વાટર્બ્રાસમાં પહોચી ગયો હતો! માર્શલ 'ને'એ સવારે જોયું તો ક્વાટર્બ્રાસ પર અંગ્રેજોની તોપો ગોઠવાઈ ગઇ હતી! એટલામાં નેપોલીઅનનો બીજો સંદેશો આવ્યો, 'ફ્રાન્સનું નસીબ હવે તારા જ હાથમાં છે!' પણ હવે શું થાય? માર્શલ 'ને'એ કરેલી આ ભુલને લીધે નેપોલીઅનને વૉટર્લુના મેદાનમાં લડાઇ કરવી પડી.

વેલિંગ્ટન વૉટર્લુના મેદાનમાં આવી પહોંચ્યો. પ્રશીઅન સેનાપતિ બ્લુચરને તો નેપોલીઅને હરાવ્યો હતો અને તેની પુંઠે પોતાના ગ્રાઉચી નામના સરદારને મોકલી પોતે વેલિંગ્ટનની સામે આવતો હતો. વરસાદ મુશળધાર પડતો હતો. નેપોલીઅન આવી પહોંચ્યો ત્યારે ઘોર અંધારૂં થઇ ગયું હતું. અંધારામાં ને અંધારામાં તેણે સૈન્ય ગોઠવ્યું. સવારે લડાઇ શરૂ થઇ ત્યારે નેપોલીઅને કહ્યું કે જીતવાનો નેવું ટકા સંભવ છે. બપોરના ત્રણ વાગ્યે વેલિંગ્ટનનાં માણસો નાસવાની તૈયારીમાં હતાં, તે વખતે જમણી તરફથી ત્રીસ હજારનું સૈન્ય આવતું નેપોલીઅને જોયું.

પોતાના સરદાર ગ્રાઉચીનું તે લશ્કર હશે એમ નેપોલીઅને ધારેલું, પણ તે તો બ્લુચરના લશ્કરનો આગલો ભાગ નીકળી પડ્યો! રજમાત્ર ગભરાયા વિના નેપોલીઅને પોતાના સરદારને કહ્યું, 'હજી પણ સાઠ ટકા આપણે જ જીતવાના!'

અને પછી છેવટે નેપોલીઅનના ખાસ રક્ષકો 'ફ્રેંચ ગાર્ડ્ઝ' લડાઇમાં જવા ઉપડ્યા. આ ફ્રેંચ ગાર્ડ્ઝ લડાઇમાં છુટીને કોઇ દિવસ નિષ્ફળ ગયા ન હતા તેમને છુટતા જોઇ વેલિંગ્ટનનું શરીર પરસેવાથી રેબઝેબ થઇ ગયું! વારંવાર ઘડીઆળ કાઢીને તે જોયા કરતો હતો. ફ્રેંચ ગાર્ડ્ઝના અપ્રતિમ ધસારાથી અંગ્રેજોમાં નાસભાગ થઈ રહી. વેલિંગ્ટન ભારે ગભરાટમાં પડ્યો: 'હવે તો, કાં તો બ્લુચર આવે ને કાં રાત પડે, તો જ બચાય!'

એ વખતે, જાણે ઇશ્વરી આદેશ જ એવો હોય તેમ, બ્લુચર સાઠ હજાર માણસ લઇને આવી પહોંચ્યો! હવે લડાઇ ખતમ હતી. પણ નેપોલીઅન હજી હીંમત હાર્યો નહોતો. એનો જે સરદાર બ્લુચરને રોકવા ગયો હતો તેણે વિશ્વાસઘાત કર્યો હતો તે વાત ચોકસ હતી. નેપોલીઅને એકદમ ચોમેરથી ધસારાનો હુકમ પાછો ખેંચી લીધો, ને અંગ્રેજ તથા પ્રશીઅન સૈન્યને ભેગાં થતાં અટકાવવા માટે તેમના પર ફ્રેંચ ગાર્ડ્ઝનો હુમલો કરવાની તૈયારી કરી. એ હુમલામાં સૌથી મોખરે નેપોલીઅન બોનાપાર્ટ હતો! પણ સરદારોએ તેને પાછો ખેંચી લીધો, એટલે માર્શલ 'ને' મોખરે ચાલ્યો.

તોપના અખંડ મારાની સામે આ વીર પુરુષો ધસતા હતા. જે પડતું તેના પર થઇને બીજા આગળ ધસ્યે જતા. ટુકડીઓની ટુકડીઓ ધુમાડાના ગોટેગોટાથી ઢંકાઇ ગઇ. માર્શલ 'ને'ના પાંચ ઘોડા ખતમ થઈ ગયા. હાથમાં નાગી તલવાર લઈ, તે પગેપાળો ઘુમવા લાગ્યો. નેપોલીઅન ભારે અધીરાઇથી આ નીહાળતો ઉભો હતો. જ્યારે ટુકડીઓ દેખાતી બંધ થઇ, ત્યારે નેપોલીઅને પોતાનું થોડું અનામત લશ્કર બહાર કાઢ્યું તેને ચોરસાકૃતિમાં ગોઠવી પોતે તેની સરદારી લીધી, અને શત્રુના સૈન્યમાં ઘુસવાનો નિશ્ચય કર્યો. એ હવે કેસરીઆં કરવા તૈયાર થયો હતો. પણ એના શુરા સરદાર જનરલ કેમ્બ્રોએ તેને અટ-

કાવ્યો : ' તમે એમ ધારો છો કે રણમાં તમારૂં મૃત્યુ થશે ? ના, ના; મૃત્યુ પણ તમારી પાસે આવે તેમ નથી. તમે કેદ થવા માટે જ હવે જાઓ છો ! ' તે નાનકડું સૈન્ય નાસતા સૈનિકોને રક્ષણ આપવા ઉભું રહ્યું, અને નેપોલીઅન એકલો રણક્ષેત્ર છોડીને પારીસ તરફ રવાના થયો.

પણ પારીસમાં ધમાલ મચી હતી. કેટલાક કહેતા હતા કે શત્રુઓ નેપોલીઅન સારૂ લડે છે, માટે નેપોલીઅને જવું જ જોઇએ. પ્રજાપ્રતિનિધિઓની સભામાં ભારે ગરબડ મચી રહી. નેપોલીઅનનું રાજીનામું મંગાયું. નેપોલીઅન આ વખતે ધારત તો બીજી રાજ્યક્રાંતિ કરાવી શકત. તે કહેતો હતો કે તમે મારી પડખે ઉભા રહો તો હજી પણ દુશ્મનો હાર્યા જેવા જ છે. પણ પ્રજાપ્રતિનિધિઓ તો હવે લડાઇના ખ્યાલ માત્રથી જ ધ્રુજતા હતા. તેમણે જવાબ કહેવડાવ્યો કે ' હવે તો જો શહેનશાહ સ્વાર્પણ કરે તો જ તરત સલાહ થાય તેમ છે ! '

ફ્રાન્સને ચાહનાર નેપોલીઅન આ વાતનો બીજો શો ઉત્તર આપે ? તેણે તરત રાજીનામું લખી કાઢ્યું ને પોતે અમેરિકા જવાની તૈયારી કરી. આ વખતે નેપોલીઅને પ્રજાપ્રતિનિધિઓ સાથે જે સંદેશા ચલાવ્યા છે તેમાં તેણે વારંવાર પોતાની નિઃસ્વાર્થવૃત્તિ જાહેર કરી છે.

મિત્રરાજ્યોનું સૈન્ય જ્યારે પારીસથી માત્ર બે માઇલ દૂર રહ્યું ત્યારે પણ નેપોલીઅને કહેવડાવ્યું કે " હજી પણ તમે મને સેનાપતિ નીમો. ' પારીસમાં કોઇ સામે થનાર નથી ' એમ ધારી દોડ્યા આવતા આ દુશ્મનોને હું ઘડીના છઠ્ઠા ભાગમાં વીખેરી નાખું. મારી વૉટર્લુની અપકીર્તિ ધોવાનો આ વખત છે. " પણ કોઇએ તેની સેવા સ્વીકારી નહિ, અને તે ફ્રાન્સ છોડી જવા તૈયાર થયો.

અંતે તે ઈંગ્લંડ જવા માટે ઈંગ્લંડના એક વહાણ પર ચડ્યો. તેને ખબર નહિ હોય કે ઇંગ્લંડને બદલે તેને સેંટ હેલીનામાં કેદ કરવામાં આવશે. તેણે ઇંગ્લંડના યુવરાજને એક પત્ર લખ્યો કે ' મારા સર્વ શત્રુઓમાં આપને સૌથી વધારે બળવાન, સૌથી વધારે ઉદાર અને સૌથી વધારે એકવચની માનીને હું આપની મારફત ઈંગ્લંડના કાયદાનું રક્ષણ માગું છું ! ' પણ એ આશા નિષ્ફળ ગઈ ને નેપોલીઅનને સેંટ હેલીનામાં કેદ કરવાનો હુકમ થયો.

§

નેપોલીઅનના નામમાત્રમાં એવું જાદુ હતું કે ઇંગ્લંડના પ્લીમથ બંદર પર તે પ્હોંચ્યો ત્યારે ત્રીસ ત્રીસ માઇલની વસ્તી તેને જોવા માટે ઉલટી આવી. ઇંગ્લંડના પ્રધાનમંડળે, ભાડુતી લેખકોએ અને પગારદાર વર્તમાનપત્રોએ નેપોલીઅનને રાક્ષસી સ્વભાવનો ચીતરવામાં બાકી તો રાખી ન હતી, છતાં, હજાર હજાર હોડીઓ તેના વહાણની આસપાસ દર્શન માટે ટળવળ્યા કરતી ! સેંટ હેલીનામાં તેને કેદ કરવાનો ઠરાવ થયો. એ ઠરાવમાં લખ્યું હતું કે ત્યાંનાં હવા-પાણી સારાં છે ! ગરમમાં ગરમ પ્રદેશને સારા હવા-પાણીવાળો ઠરાવીને નેપોલીઅનને ત્યાં મોકલવાનો વિચાર થઇ ગયો !

૧૮૧૫ ના ઑગસ્ટની ૯ મીએ નેપોલીઅનને લઇને ' નૉર્ધમ્બલૅન્ડ ' અને બીજાં વહાણોનો કાફલો ઉપડ્યો. જ્યારે ફ્રાન્સનો કીનારો નજરે પડ્યો ત્યારે નેપોલીઅન તેના તરફ થોડી વાર જોઇ રહ્યો.



પછી તેણે પોતાની ટોપી ઉતારી, ઉંડા દર્દની લાગણીથી કહ્યું : 'વીર પુરુષોની જન્મભૂમિ ! હું તને પ્રણામ કરું છું. ફ્રાન્સ ! આ મારી છેલ્લી સલામ સ્વીકારજે !'

આ શબ્દો તે એવા સાચા ઉમળકાથી બોલ્યો કે અકસ્માત બધા અંગ્રેજ અમલદારોએ પણ પોતપોતાની ટોપી ઉતારી દીધી !

બે માસ પછી એક સાંજે સૌ સેંટ હેલીનામાં પહોંચ્યા. નેપોલીઅનને રહેવાનું મકાન સાવ સાદું ને રાચરચીલા વગરનું હતું. એ મકાન પહેલાં તો ઢોરને બાંધવાની કોડ હતી અંગ્રેજ સરકારે આ મહાપુરુષને એવા સ્થાનમાં રાખીને તેની મહત્તામાં વધારો કર્યો ! લા કાસાસ નામનો નેપોલીઅનનો સરદાર અને મિત્ર તેની સાથે જ રહેતો. તેણે આ સમયની અક્ષરેઅક્ષર નોંધ રાખી છે. તેણે લખ્યું છે કે 'નેપોલીઅનને રહેવા માટે એક ઓરડો મળ્યો છે. વાંચવાનું, લખવાનું, કપડાં બદલવાનું, જમવાનું અને રાત્રે સુવાનું, બધું જ ત્યાં કરવાનું હોય છે. નોકર ઓરડો સાફ કરવા આવે છે ત્યારે શહેનશાહ બહાર જઇને ઉભા રહે છે ! તેને પીવાનું સારૂં પાણી મળતું નથી. માખણ, તેલ કે કૉફી પણ મળતાં નથી. કસરત કરવાની કે નહાવાની તો વાત જ શી ? એના મિત્રો એનાથી લગભગ બે માઇલ દૂર રહે છે. તેઓ મળવા આવે ત્યારે સાથે એક સીપાઇ તો ખરો જ !'

પોતાને રાજદ્વારી કેદી તરીકે જે હક્કો મળવા જોઇએ તે વીશે નેપોલીઅને બ્રિટિશ પ્રધાનોને વારંવાર લખ્યું, પણ કોણ જાણે કેમ, તેના દુઃખમાં હમેશાં વધારો જ થયા કર્યો.

નેપોલીઅન પર દેખરેખ રાખનાર સેંટ હેલીનાના ગવર્નરનું નામ સર હડસન લો હતું. આ માણસ પોતાની દુષ્ટતા માટે ઘણો પ્રખ્યાત છે. તેણે વાતવાતમાં નજીવાં કારણ માટે નેપોલીઅનનું મન દુખાવવાનું પણ લીધું હતું. એક વખત તેણે નેપોલીઅનના બધા સોબતીઓ પાસે લખાવી લીધું કે નેપોલીઅન પર જેટલા અંકુશો મુકાશે તેટલા બધા અમે ખુશીથી સહન કરશું. લા કાસાસ નેપોલીઅનની આ દુર્દશા સહન કરી શકયો નહિ. તેણે આ વાત યુરોપમાં પહોંચાડી દીધી. એના બદલામાં તેને તેના પુત્રની સાથે એક મહીનો સખત બંદીખાને રાખવામાં આવ્યો, ને છેવટે કેપ ઑફ ગુડ હોપ મોકલાવી દીધો.

આ પ્રમાણે આ મહા પુરુષને અંગ્રેજ સરકાર અત્યંત ઘાતકીપણે રીબાવી રહી હતી. તેને તેના વહાલા મિત્રોથી છુટો પાડી એકાંતમાં તેનું મન તેને ખાઇ જાય એવી યોજના કરી હતી. ડૉ. ઓ'મીરા જે નેપોલીઅનની સાથે હતો તે લખે છે કે,

"વરસાદનાં ઝાપટાં ને ઝાપટાં આ ઘરમાં ચાલ્યાં આવે છે. ઉંદરો એટલા વધી પડ્યા છે કે રાત્રે હું મારાં બુટ કાઢી કાઢીને ફેંકું છું પણ તેઓ તો એમ ને એમ દોડાદોડ કરી મુકે છે."

સર હડસન એટલી દુષ્ટ વૃત્તિનો હતો કે હમેશાં તે કાંઇ ને કાંઇ બહાનું શોધી નેપોલીઅનને હેરાન કર્યા જ કરતો. આ વખતમાં તેણે એવું બહાનું કાઢ્યું કે 'જનરલ' બોનાપાર્ટની તબીઅતનો હમેશ ને હમેશ રીપોર્ટ આપવો ! નેપોલીઅને આ સામે વાંધો લીધો. ફ્રાન્સની પ્રજાએ તેને 'શહેનશાહ' બનાવ્યો હતો. અને સર હડસનને એ પદ ખુંચવી 'જનરલ' કહેવાનો કાંઇ પણ હક્ક ન હતો.

હવે નેપોલીઅનના પરમ હિતૈષી મિત્ર જેવા ડૉ. ઓ' મીરાનો કેદ થવાનો વારો આવ્યો. તે તો અંગ્રેજ હતો. પણ તેને નેપોલીઅન માટે માન હતું. આ અરસામાં નેપોલીઅન માંદો હતો એટલે ડૉકટર કેદ પકડાવાથી તેની ડૉકટરી સારવાર પણ બંધ થઇ ગઇ. અંતે ડૉ. ઍન્ટો માર્કી નામના ફ્રેંચ ડૉકટરને સેંટ હેલીનામાં આવવાની પરવાનગી મળી. તે પોતાની સાથે ચોપડીઓની પેટીઓ ભરીને લાવ્યો હતો.

નેપોલીઅને તે પેટીઓ મંગાવી ને ખોલાવી. એક જણે જેવો તેના હાથમાં પુસ્તકોનો થોકડો મુકયો કે તરત તેની અંદર ગોઠવી રાખેલી, એક સુંદર છબી નીકળી પડી. એ છબી નેપોલીઅનના પુત્રની હતી. તે જોતાંવેંત જ નેપોલીઅનની આંખમાંથી આંસુ ખરી પડયાં !

નેપોલીઅનની તબીઅત વધારે બગડતી ચાલી. ઘણી વખત તે પોતાના મિત્ર જનરલ બર્ટેન્ડનાં છોકરાં સાથે રમ્યા કરતો. તે ડૉકટરને કહેતો 'અરે ડૉકટર



નેપોલીઅનનું મૃત્યુ

જન્મભૂમિ એ સૌ ઔષધનું ઔષધ છે!' સર હડસનના સીપાઇઓની નજર આગળ કસરત કરવાનું તેને ફાવતું નહિ. છત્રીસ છત્રીસ ને બોંતેર બોંતેર કલાક અવિરામ શ્રમ કરનાર મનોબળ, પોતાની મેળે કામ ન હોવાથી ઘસાતું ચાલ્યું. પાછળથી નેપોલીઅને ડૉકટરની સલાહ માની, વાડીમાં ખોદવાનું કામ શરૂ કર્યું હતું.

પણ હવે નેપોલીઅનને મૃત્યુ નજીક આવતું લાગ્યું, એટલે તેણે પોતાનું વીલ તૈયાર કરી નાખ્યું. તેમાં તેણે પોતાના પુત્રને પોતે 'ફ્રેંચ રાજકુમાર' છે એ વાત કદિ ન વિસારવા લખાવ્યું હતું. પોતાનું મુડદું ફ્રાન્સમાં સેન નદીને કાંઠે દાટવા તેણે ઇચ્છા બતાવી હતી.

તે વખતની રોજનીશી ઘણી જાણવાજોગ છે:

૨૦ મી એપ્રિલ, ૧૮૨૧: આજે શહેનશાહને આરામ હતો. તેના મિત્રોને આશા પડી કે તે સાજા થઇ જશે. તેણે હસીને કહ્યું, 'તમે ભુલો છો. મારો અંતકાળ પાસે જ છે. તમે યુરોપમાં તમારાં સગાંવહાલાંને મળજો. હું સ્વર્ગમાં કલેબર, ડીસે, હુશે, મુરા, 'ને' વગેરેને મળીશ. વળી ત્યાં અમને સીઝર, હૅનીબાલ, સીકંદર વગેરે વીર પુરુષો મળશે. અમે બધા દુનીઆની વાતો કરીશું.'

૨૮ મી એપ્રિલ, ૧૮૨૧: આજે નેપોલીઅને કહ્યું કે ડૉ. આર્નો સીવાય બીજો કોઇ અંગ્રેજ મારા શબને ન અડકે. મારૂં હૃદય મારી સ્ત્રી મેરીઆ લુઇસાને પહોંચાડજો. મારૂં જઠર તપાસજો ને મને કયા પ્રકારનું દર્દ છે તે શોધી કાઢજો. મારા પિતા એજ વ્યાધિથી મરણ પામ્યા હતા. આ દર્દમાંથી કેમ બચાય તે શોધી કાઢી મારા પુત્રને તે વીશે જરૂરી સુચના આપજો!

૫ મી મે, ૧૮૨૧: ગઇ રાત્રે વાદળ ઘેરાયું હતું. પવન સખત ફુંકાતો હતો. નેપોલીઅનનાં વાવેલાં કેટલાંક

ઝાડ ઉખડી ગયાં. બર્ટ્રેન્ડનાં બાળકો નેપોલીઅનને જોવા આવ્યાં હતાં. તેઓ ચોધાર આંસુએ રડતાં તેના બીછાના પાસે ગયાં, ને તેના હાથને ચુમવા લાગ્યાં. ઓરડામાં જેટલા હાજર હતાં તે બધાનાં હૈયાં ચીરાઇ જતાં હતાં. નેપોલીઅનને શ્વાસ ઉપડયો હતો. તે વારંવાર બોલતો હતો, 'ફ્રાન્સ; સૈન્ય; જોસેફાઇન;...' અને એ સ્થિતિમાં જ તે મૃત્યુ પામ્યો.

નેપોલીઅનની ઇચ્છા પ્રમાણે તેને ફ્રાન્સમાં દાટવા દેવાની રજા, તેના મિત્રોએ સર હડસન પાસે માગી. પણ જવાબ મળ્યો; 'ના સેંટ હેલીનામાં જ દાટો!' તેના મિત્રોને 'જનરલ બોનાપાર્ટ' સીવાય બીજું કાંઇ તેની કબર પર ન લખવાની હડસને સુચના કરી હતી. આખરે તેની કબર ઉપર સાદો પથ્થર મુકી નેપોલીઅનના મિત્રોએ આંસુભરી આંખે સેંટ હેલીના છોડયું.

પણ એક માણસ વળી એવો પ્રેમી નીકળ્યો કે તે બોનાપાર્ટની કબર પાસે જ રહ્યો. તેનું નામ સાર્જન્ટ હુબર્ટ. એક, બે કે ત્રણ નહિ, પણ અખંડ ૧૯ વર્ષ સુધી હુબર્ટ નેપોલીઅનની કબર પાસે રહ્યો. ૧૯ વર્ષ પછી જ્યારે ફ્રાન્સની પ્રજાએ, પ્રચંડ વડવાનળની માફક ધુધવીને ઇંગ્લંડને કહેવડાવ્યું કે 'શહેનશાહ નેપોલીઅનનું મુર્દું પાછું સોંપો, અથવા લડાઇ કરો', ત્યારે બ્રિટિશ પાર્લામેંટે ધ્રુજીને ઉત્તર આપ્યો કે 'શહેનશાહ નેપોલીઅનને સંભાળી લો.' જેને જીવતાં 'જનરલ' કહીને અપમાન કરવામાં આવ્યું હતું તેને મરણ પછી 'શહેનશાહ' કહીને નમવું પડયું! પ્રજાના જુસ્સા પાસે મોટા ચમરબંધી સામ્રાજ્યો પણ કેટલાં કંગાલ બની જાય છે તેનું આ ઉદાહરણ છે.

વીસમે વર્ષે નેપોલીઅનના શબને ફ્રાન્સ પાછું લાવવામાં આવ્યું. ફ્રાન્સની પ્રજા આજે ઘેલી બની હતી. સોળ ઘોડાની ગાડીમાં નેપોલીઅનના શબને આખા પારીસમાં ફેરવવામાં આવ્યું. કરોડો ફ્રાંક ખરચીને ફ્રેંચ લોકોએ પારીસમાં નેપોલીઅનની કબર તૈયાર કરી, અને ફ્રેંચ પ્રજાએ પોતાના મહા પુરુષને તેમાં સુવાડયો. આજે એ અમર છે.

'ધૂમકેતુ'

ચીતરવાનું સહેલ છે



એ વાકયમાં તમને શંકા છે શું?

કક્કો અને બારાખડી તો તમે શીખ્યા જ હશો. હવે કોઇ આવીને તમને કહે કે કક્કો અને બારાખડી શીખી કે શીખવી શકાય જ નહિ, તો તમે એ વાત માનો ખરા? તમારો જાતનો અનુભવ અને ખાતરી છે કે કક્કો બારાખડી તો દરેક બાળક-દરેક માણસ ધારે તો શીખી શકે જ.

આ વાત માટે તમને જેટલી ખાતરી છે તેટલી જ ખાતરીથી હું તમને કહું છું કે કક્કો-બારાખડી શીખતાં તમને જે મહેનત અને વખત લાગ્યાં છે તેથી અરધી મહેનત અને વખત લેવા તમે તૈયાર હો તો 'ચીતરવાનું સહેલ છે.'

કક્કો લખનાર માણસ કેટલા સુંદર વળાકા અને આકૃતિઓ ઝપાટાબંધ દોર્યે જાય છે! તમે જરા ધ્યાનપૂર્વક એ વિચારી જોશો તો જણાશે કે ચિત્રકામમાં ઉપયોગી લગભગ બધા યે વળાકા એ કક્કામાં આવી જાય છે. છતાં એ હકીકત સમજી લઇને તે વળાકાનો ઉપયોગ ચિત્રકામમાં કરી લેવાનો વિચાર ઘણા થોડાને જ આવ્યો છે.

કક્કાના જેટલી જ સહેલાઇથી શીખી શકાય એવા કેટલાક વળાકા આ લેખમાળામાં અગાઉ (અંક છઠ્ઠા તથા સાતમામાં) આપવામાં આવ્યા છે. તે તમારે પહેલાં શીખી લેવા જોઇએ. એ સામાન્ય

વળાકા અને લીટીઓ દોરતાં તમને આવડી ગયાં હશે તો આ નવો પાઠ તમે બરાબર ઉપયોગમાં લઇ શકશો.

§

ઘણી યે વાર આપણે જોઇએ છીએ કે મોટાં ચિત્રો જેટલું આકર્ષણ અને શોભા આપે છે તેટલી અસર નાનાં ચિત્રોની નથી થતી. ઘણાં નાનાં સુંદર ચિત્રો મોટાં થએલાં જોઇએ છીએ ત્યારે આપણને તે જોતાં વધારે આનંદ થાય છે. આનું કારણ એ છે કે એથી આંખને શ્રમ ઓછો પડે છે, અને ચિત્ર મોટું હોવાથી તે આસપાસના બીજા ખ્યાલ બંધ કરાવી આપણું મન પોતા તરફ જલદી ખેંચી શકે છે. કેટલાં યે સાદાં ચિત્રો માત્ર મોટાં હોવાથી જ શોભારૂપ લાગે છે.

તમારા ઘરની ભીંત ઉપર, કે લગ્ન વખતે મંડપમાં, અથવા શાળાની દીવાલ ઉપર, કોઇ સુંદર ચિત્ર તમે માત્ર સાદી રેખામાં સાદા રંગથી મોટું કરી ચીતરશો તો એથી તમને અને બીજા જોનારને તે જગ્યાનું વાતાવરણ જીવતું અને ભર્યુંભર્યું લાગશે.

પરંતુ આ વસ્તુ તમે એમ જાહેરમાં અજમાવી શકો તે પહેલાં તમારે તેનો ખાનગી અભ્યાસ ઘેર પાકો કરી લેવો જોઇએ.

§

શરૂઆતમાં તો આ પ્રયોગ માટે તમે જે ચિત્ર લો તે બહુ જ સાદું અને સ્પષ્ટ રેખાઓવાળું હોવું જોઇએ. પછી જેમ જેમ પ્રમાણો સાચવીને દોરવાની શક્તિ તમારા હાથમાં આવતી જાય, તેમ તેમ અઘરા નમુના લેતા જજો. અને છેવટે તો તમે નાના ફોટોગ્રાફો અને ચિત્રો ઉપરથી પણ મોટાં ચિત્રો દોરી શકશો એ ખાતરીથી માનજો.

હાલતુરત તો તમને નમુનો બતાવવા માટે પાછળને પાને એક છોકરાનું રેખાચિત્ર આપ્યું છે. એ ચિત્ર ઉપર ચોરસ ખાનાં આંકેલાં છે. આ ખાનાં આંકવાની રીત બરાબર સમજી લો.

ચિત્રનો જેટલો ભાગ મોટો બનાવવો હોય તેટલા ભાગની ચારે બાજુએ કાટખુણે લીટીઓ દોરી લેવી. આમ કરવાથી ચિત્ર પર કોઇ પણ જાતનો એક લંબચોરસ બંધાશે. હવે તમારે એ લંબચોરસમાં જ ખાનાં પાડવાનાં છે.

પણ યાદ રાખજો કે માપની બાબતમાં તમારે બહુ જ કાળજી રાખવાની છે. એટલે આંકવાની ફુટપટી, કંપાસ કે કાટખુણીઆં (સેટસ્કવેર) બરોબર હોવાં જોઇએ.

હવે ચિત્રપર દોરેલા લંબચોરસની ચારે બાજુઓનાં મધ્યાબદુ શોધી કાઢો; અને સામસામાં મધ્યબિંદુઓને જોડી દો. એથી લંબચોરસના ચાર સરખા ભાગ પાડનારી એક ચોકડી ચિત્ર ઉપર પડશે.

ત્યાર પછી, એમાં ચોરસ ખાનાં પાડવા માટે તમારે કોઇ ચોકસ માપ નક્કી કરવું. એ માપ ચિત્ર કેવું છે તે પરથી જ નક્કી થઇ શકે. ચિત્ર જો સાદું અને સહેલું હોય તો મોટું માપ લઇ મોટાં મોટાં ખાનાં પાડો તો ચાલે; પરંતુ ચિત્ર જરા અટપટું કે મુશ્કેલ જણાય તો ખુબ નાના નાના ચોરસ પડે એવું માપ લેજો.

હવે એ નક્કી કરેલા માપ પ્રમાણે તમારા કંપાસની અણીઓ પહોળી રાખી, ચિત્ર પર તમે લંબચોરસનાં જે મધ્યબિંદુઓ શોધ્યાં હોય તે દરેક મધ્યબિંદુની બંને બાજુએ, એ કંપાસ વડે એકસરખા માપનાં બિંદુઓ મુકી જાઓ. આથી લંબચોરસની ચારે બાજુની લીટીઓ ઉપર સરખા માપનાં બિંદુઓ આવી રહેશે. એ બિંદુઓને હવે સામસામાં જોડી લીટીઓ આંકી દો; એટલે ચિત્રપર બરાબર ચોરસ ખાનાં પડી રહેશે.

આ વખતે તમે જોઇ શકશો કે ચિત્રના ભાગો નાના ચોરસમાં આવી ગયા છે, અને દરેક નાના ચોરસ ખાનાની અંદર ચિત્રનો કોઇને કોઇ વળાકો જુદી જુદી રીતે સમાઇ રહેલો છે.

મુળ ચિત્ર ઉપર આટલી તૈયારી કર્યા બાદ, હવે મોટું ચિત્ર દોરવા માટે એક મોટો કાગળ લો. એ કાગળ ઉપર, તમે મુળ ચિત્ર પર પ્રથમ દોરેલો લંબ-ચોરસ કેટલા ગણો આવી શકે તેનો વિચાર કરો : એકગણો, દોઢગણો, બમણો કે ગમે તેટલા ગણો;—





જેટલા ગણો દોરી શકાય તેટલા ગણાં મોટાં ચોરસ ખાનાં તે ઉપર પડશે એમ નક્કી સમજવું.

સમજો કે તમે લીધેલા કાગળ ઉપર, મુળ લંબચોરસથી ત્રણગણો મોટો લંબચોરસ આવી શકશે. તો હવે, પ્રથમ તમારા મોટા કાગળની બરોબર મધ્યમાં એક ઉભી લીટી દોરો. અને તે લીટીના બરોબર મધ્યબિંદુમાંથી એક આડી લીટી દોરો.

હવે, મુળ ચિત્રમાં દોરેલાં ચોરસ ખાનાંના માપથી ત્રણગણો તમારો કંપાસ પહોળો કરો; અને મોટા કાગળ પર દોરેલી મધ્ય લીટીઓના છેડાની બંને બાજુએ, એ કાગળની કોર પર, એ પહોળા કરેલા કંપાસ મુજબના માપનાં બિંદુ મુકી જાઓ. પછી એ બિંદુઓને સામસામાં જોડનારી લીટીઓ આંકી દો.

તમે પહોળા કરેલા કંપાસનું માપ, અને તે વડે મુકેલાં બિંદુઓ જો બરોબર હશે; તો આ મોટા કાગળ પર તમે આંકેલી લીટીઓ પણ સરખી જ પડશે, અને તે સામાસામી મળીને આખા કાગળ પર એકસરખાં ચોરસ ખાનાં અંકાઇ રહેશે. તમે જોશો કે એ ખાનાં મુળના નાના ચિત્ર પર જેટલા ચોરસ છે તેટલી જ સંખ્યામાં, અને તેનાથી બરોબર ત્રણ-ગણા મોટા અંકાઇ ગયા છે.

આટલું કામ બરોબર થાય તો પછીનું કામ તો ઘણું સહેલું છે.


નાના ચિત્રમાં ઉભી મધ્યરેખા ઉપર ચિત્ર કયા ખાનામાં શરૂ થાય છે તે જોઈ, મોટા કાગળની મધ્યરેખા ઉપર ચિત્રનું તે બિંદુ ક્યાં આવશે, તે ખાનાં ગણીને નક્કી કરી બિંદુ મુકો; નાના ચિત્ર પરના તે ખાનામાં જે પ્રમાણેની જેવડી રેખા હોય, તે પ્રમાણેની તેવડી જ રેખાનું માપ મોટા ખાનામાં નક્કી કરો.

પછી એ રેખા લંબાઇને તેની જોડેજોડેનાં ખાનાંઓમાં, મુળ ચિત્રમાં જે પ્રમાણે હોય તે પ્રમાણે, જોતા જાઓ અને મોટાં ખાનાંઓમાં તેની રેખા નક્કી કરતા જાઓ.

આમ, પહેલાં તો ચિત્ર ઝાંખી ઝાંખી રેખાઓમાં જ દરેક ખાનામાં છુટું છુટું દોરીને નક્કી કરો, અને બધું પ્રમાણુસર આવતું જાય છે કે નહિ તે મેળવતા જાઓ. દરેક બિંદુ માટે ખાતરી કરો. અને એ આખું ચિત્ર ઝાંખી કાચી રેખાઓમાં માપસર મુકી જાઓ.

પછી તે ઝાંખી રેખા ઉપર પાકી સુંદર રેખા ધ્યાનપૂર્વક દોરી જાઓ. બરોબર કાળજી રાખશો તો પહેલે જ પ્રયાસે પચાસ ટકા કામ કરી શકશો.

આ પ્રમાણે એકવાર આ પ્રયોગમાં તમને શ્રદ્ધા બેસે, કે પછી તમે જ તમારી મેળે, તમારી શક્તિ અનુસાર ચિત્રો શોધી કાઢજો અને તેનાં મોટાં બનાવજો.



આ સાથે પૈડું દોડાવતા છોકરાનું એક ચિત્ર આપ્યું છે તે તદ્દન સહેલો પાઠ છે. તે ઉપર મેં ચોરસ ખાનાં પાડી રાખ્યાં છે, જેથી તમને વધારે મુશ્કેલી ન નડે. તે ઉપરથી તમે મોટા કાગળ પર મોટાં ખાનાં આંકી મોટું ચિત્ર દોરો અને તેમાં શાહી પુરી જાઓ.



તે ઉપરાંત આ જોડે માત્ર સાદી લીટીઓવાળો એક બીજો પણ સાવ સહેલો પાઠ છે. તેમાં પક્ષી અને પાંદડાં છે. તે તમે બહુ સહેલાઇથી દોરી શકશો. પણ તેમાં વળી ખાનાં પાડવાની જુદી જ રીત બતાવી છે.

એ ચિત્ર મુળ સમચોરસ છે, અને તે ચોરસના ચારે ખુણામાંથી સામસામી લીટીઓ દોરી, પછી મધ્યબિંદુની ઉભી-આડી રેખાઓ દોરી છે. અને એ રીતે ચિત્રને માત્ર લીટીઓના માપમાં જ બાંધ્યું છે. એ રીત પણ તમે અજમાવી જુઓ. ચિત્ર બહુ અટપટું કે અઘરૂં ન હોય, ત્યારે આવી થોડી લીટીઓથી પણ કામ ચાલે.

આ પાઠ બરોબર કરી શકો તો પછી 'કુમાર'માં આવેલાં ઘણાં ચિત્રો પરથી તમે મોટાં ચિત્રો દોરી શકશો એ ખાતરીથી માનજો. થોડા માસ પછી એવાં મોટાં ચિત્રો દોરવા માટે એક 'ઇનામી હરીફાઈ' ગોઠવવાની ઉમેદ રાખું છું, માટે આ પ્રયોગ જલદી હાથ કરી લેજો.

તળાવડી

:હીંચ:

ખોબા સમોવડી ભરી તળાવડીમાં
નાનીશી નાવડી ઝુલતી જી રે;
એમાં એકલડી હીંચું સાહેલડી
આનંદઘેલી હું ફુલતી જી રે.

અમીરસ પાણીડાં પાંખાળી પાવડી
વીંઝું ત્યાં આભને વીછળે જી રે;
ભીંજે સુરજ ને ભીંજે ચાંદલીઓ
નવલખ તારા નીતરે જી રે.

ત્રપકતી ત્રપ ત્રપ સોનેરી વાદળી
ફરે ગગનમાં કુદડી જી રે;
રસબસ હૈયાં ભીંજે રસીલાં
ભીંજે મારી નવરંગ ચુંદડી જી રે.

પાણીડાં હલકે ને છલકે તળાવડી,
આખા જગતમાં રેલતી જી રે;
જ્યાં જ્યાં રેલે ત્યાં ભરતી આનંદની,
દુઃખડાં દૂર કરી મેલતી જી રે.

આવો આવો સૌ આવો સાહેલડી
નિર્મળ જળ પર ઝીલવા જી રે;
નિત નિત નૌતમ ખીલતી સુંદર
કુસુમકળી સમ ખીલવા જી રે.

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

આફ્રીકાના પત્રો



સવાર પડી એટલે ટાપુનો અને કવૉરન્ટાઇનનો ખરો ખ્યાલ આવ્યો. આ ટાપુ જંગબાર સરકારને કબજે છે. તેને 'પ્રિઝન આઇલૅન્ડ' (કેદનો ટાપુ)ના નામથી ઓળખાય છે. કહેવાય છે કે પહેલાં જંગબારમાંથી જે લોકોને સજા કરવી હોય તેને અહીં મોકલી દેવામાં આવતા. તે દિવસે તો આ ટાપુ કેવળ જંગલ હશે. પણ હાલમાં તો તેનો ઉપયોગ મોંબાસા તેમજ જંગબારની સરકાર કવૉરન્ટાઇનના સ્થાન તરીકે કરે છે.

ટાપુ વિસ્તારમાં બે માઇલ જેવડો હશે. આખા ટાપુની અંદર જુદાં જુદાં સુન્દર મકાનો, રસ્તાઓ, પાણી માટે ટાંકીઓ અને હવા ખાવાનાં સ્થળો રચવામાં આવ્યાં છે. આ તરફ હવા બહુ જ સારી ગણાય છે. સાંભળ્યું છે કે જંગબારથી જે લોકો અહીં ૨૪ કલાક સુધી હવા ખાવા આવે છે તેમની પાસેથી બે રૂપીઆ ફી લેવામાં આવે છે. યૂરોપીઅન લોકો પાસેથી ૨૪ કલાકના પાંચ રૂપીઆ લેવામાં આવે છે.

આખા ટાપુમાં શરૂ, નાળીએરી અને બદામનાં પુષ્કળ ઝાડ છે. સાથે સાથે લીમડા પણ દેખાય છે. જાતજાતનાં ફુલઝાડ,—ચંપો, કરેણ, ગુલદાવદી—તેમજ લીંબોઈ, સીતાફળી વગેરે પણ પુષ્કળ છે. આખો ટાપુ સદા લીલોછમ રહે છે, અને તે પણ કોઇએ પાણી પાયા વિના જ. કેમકે અહીં વરસાદની ચોકસ ઋતુ નથી. વરસાદ ગમે ત્યારે આવે છે અને ટાપુને લીલી વાડી બનાવી દે છે.

પીવાના પાણીની અહીં ખાસ નવી વ્યવસ્થા છે. દરેક રહેવાના મકાનની સાથે એક કે બે મોટી ટાંકીઓ બાંધવામાં આવે છે અને આ ટાંકીઓમાં વરસાદનું પાણી સીધું જાય એવા નળો છાપરામાં ગોઠવેલા હોય છે. આ પાણી જ પીવામાં, રાંધવામાં, તેમ જ નહાવામાં વાપરવું પડે છે. કોઇકોઇવાર ટાંકીઓનું પાણી ખુટી જાય અને વરસાદ ન પડ્યો હોય તો પાણીને માટે મોટી હાડમારી ભોગવવી પડે છે.

અહીં લગભગ ૪૦૬ ઉતારૂઓને કવૉરન્ટાઇનમાં રાખ્યા છે. થર્ડ કલાસનાં ઉતારૂઓ મુંબાઇથી આફ્રીકાની ટીકીટ લે ત્યારે જ તેમની પાસેથી ટીકીટના દર ઉપરાંત બીજા વીસ રૂપીઆ વધારે લેવામાં આવે છે; તે એટલા માટે કે જો તેમને કવૉરન્ટાઇનમાં રાખવાં પડે તો એ વીસ રૂપીઆમાંથી તેમને ખોરાક વગેરે આપી શકાય. આ ખોરાકમાં આપણા લોકોને દાળ, ચોખા, લોટ, મસાલો, ઘી તથા ચા અને દુધના ડબાઓ પુરા પાડવામાં આવે છે; અને જરૂર હોય તેને વાસણો પણ આપવામાં આવે છે. બળતણમાં તમરીઆં રાખ્યાં હોય છે તે સૌ જરૂર-જોગાં લઈ જાય છે. આપણા લોકો પથ્થરના મંગાળા માંડી (ચુલા ગોઠવી)ને રસોઇ પકાવે છે.

સેકન્ડ કલાસના પૅસેન્જરોને કવૉરન્ટાઇનમાં રાખ્યાનો આ પહેલો જ દાખલો છે. સેકન્ડકલાસમાં પણ જેઓએ ખોરાક સાથેની ટીકીટ લીધી હતી તેમને માટે કંપનીએ પોતા તરફથી ખાસ રસોડું ખોલ્યું છે અને તેમની બધી વ્યવસ્થા કંપની પોતે કરે છે. જેઓએ ખોરાક વિનાની ટીકીટ લીધી છે તેમને પણ ખોરાક તો છુટથી પુરો પાડવામાં આવે છે. સેકન્ડ કલાસનાં ઉતારૂઓને રહેવા માટે સારાં સ્થળો પુરાં પાડયાં છે અને તેમને રાંધવામાં તેમજ પરચુરણ કામમાં મદદ કરવા માટે એકએક નોકર પણ આપ્યો છે.

અમે જે સ્થાનમાં ઉતર્યા છીએ તે સ્થાન બહુ મજાનું છે. મકાનને માથે મેડી છે, તે ઉપર એક પંજાબી ભાઇ રહ્યા છે. હું અને બીજા કેટલાક પાટીદાર ભાઇઓ નીચે રહ્યા છીએ. મારો મુકામ બાર ફુટ પહોળા ઓટલા પર છે. ઓટલાની સન્મુખ નાનો ખુલ્લો બગીચો છે, અને એ બગીચાની પાછળ ઉંચા શરૂઓનું અર્ધવર્તુળ-ઍમ્ફીથીએટર-ઝુકી રહ્યું છે. સાગર આ ટાપુના પગ પખાળે છે; તેનો મધુર અવાજ આ શરૂઓને વીંધીને અમારા કાનપર પડે છે. ગૌરી-

શંકરે પોતાનો મુકામ અંદર ઓરડામાં રાખ્યો છે. તેમનો સ્ટવ અને કૂકર ધમધોકાર કામ કરી રહ્યાં છે.

કાલે બપોરે તેમજ સાંજે હું ટાપુમાં ખુબ ફર્યો. આખા ટાપુ ફરતી એક ગોળ સડક છે, અને એ સડકને કાંઠે બંને બાજુ ઉંચાં શરૂ છે. આ શરૂની બહુ જ નજીકમાં, ખડકોપર ભરતીનાં મોજાં અથડાય છે. કોઇકોઇ સ્થળે, ખડકમાં મોટી ફાટ પડી હોય છે અને એ ફાટમાંથી પાણી ઉછળીને બહાર છંટાય છે. આ પ્રમાણે ઉછાળા મારતા પાણીનો દેખાવ, તેનો ઘોર અવાજ, એ પાણી ફાટમાંથી પાછું વહી જાય ત્યારે તેની ઘુમરીઓ વગેરે આપણે જાણે જોયા...જ કરીએ, જોયા...જ કરીએ એવાં આકર્ષક છે. જંગબારના લોકો આવી જગાને 'ચમચમ' કહે છે.

કાંઠાપર ફરો એટલે શંખલા અને છીપલીઓનો તો પાર જ નહિ. કાલે છીપલીઓની શોધમાં હું ઘણો રખડ્યો હતો. જુદાંજુદાં સ્થળોમાં, બખોલોમાં, કરાડોમાં શંખલા વગેરે બનાવવામાં અનેક જીવડાં રોકાઇ ગયાં છે. સવારે વહેલા ઉઠો એટલે શંખલાને પોતાના શરીર પર વહેતો બે શીંગડાંવાળો જીવડો રસ્તામાં ઠેરઠેર પડ્યો હોય. આપણે તેના શંખને હાથ અડાડીએ કે તરત જ તેનાં શીંગડાં સંકેલાઇ જાય છે અને તે પોતે શંખની અંદર સમાઇ જાય છે! આ શંખ બનાવનાર જીવડાં જે છીપલી બનાવે છે તે લીલી હોય ત્યારે કેવી હોય છે તે આજ લગી મેં કદી જોયું નહોતું. કાલે ફરતાં ફરતાં આવી એક લીલી (ન સુકાએલી) છીપલીને હું અડ્યો ત્યારે મને તેનો પહેલવહેલો અનુભવ થયો. જીવડો પોતાની લાળમાંથી છીપ બનાવે છે. તે લીલી હોય છે ત્યારે તેનો દેખાવ અમુક રીતે ચોમાસામાં ઉગતા 'બીલાડીના ટોપ' જેવો લાગે છે. તેને હાથ અડાડીએ તો તે બહુ જ લીસી લાગે છે. મેં મારી ઉત્કંઠામાં આ લીલી છીપલીને તોડી એટલે તેનો જીવડો ત્યાંથી નીકળીને ચાલતો થયો. આ વખતે મને બહુ જ દુઃખ થયું! ત્યારપછી એક પણ લીલી છીપને હું અડકયો નથી. આપણા ભવન માટે મેં નમુનાની થોડીએક સુકી છીપલીઓ અહીંથી વીણી લીધી છે.

આ બધું વીણતો વીણતો હું એક મોટી બખોલમાં પહોંચ્યો. આ બખોલમાં કંઇક મળશે એવી મારી ધારણા હતી. જેવો હું બખોલમાં ઉતર્યો કે એક કરચલો ખુબ રીસથી મારા સામો ધસી આવ્યો. એ જંગલી કરચલો હતો! તેનું કદ આપણે ત્યાંના ઠીક-ઠીક મોટા કાચબા જેવડું હતું. તેના શરીરનો રંગ પીળાશ પડતો ગણાય. કરચલાને આવતો જોઇને હું જરા ખચક્યો. કરચલો ઘડીભર એ જ રીતે મારા સામું તાકી રહ્યો એટલે હું ત્યાંથી પાછો ફર્યો. આ ટાપુનાં ઝેરી જનાવરો વધારે ભયંકર હોય છે. કાલે જ હું એક મોટા નાળીએરીના સુકા થડને ઉથલાવતો હતો, ત્યાં અંદરથી એક મોટો વીંછી નીકળ્યો. થડ ફર્યું કે તરત જ વીંછી મારા ઉપર પડ્યો. પણ હું પાછો ફર્યો એટલે બચી ગયો. એ વીંછીનું પેટ ત્રણ ચાર વર્ષના બાળકની હથેળી જેવડું હતું, ને રંગ લીલોકાચ હતો! કહે છે કે અહીંના વીંછી માણસને કરડે તો પ્રાણ લે છે! આ વીંછી તો તરત જ પાસેના ઝાડની બખોલમાં ભરાઇ ગયો.

આજ સાંજે હું સમુદ્રકીનારે નહાવા ગયો હતો. એક ઉંચી ભેખડ પાસે લોઢાના ગર્ડરનો એક દાદર છે ત્યાંથી નીચે સમુદ્રમાં ઉતરાય છે. અહીં સમુદ્રનાં ભરતીઓટ વખતે પણ માણસ સલામતીથી નાહી શકે છે. નહાઇને સાગરના જલથી આથમતા સૂર્ય-ભગવાનને અર્ઘ્ય આપ્યો અને પછી ફરવા ચાલ્યો. રાત પડી ગઈ હતી. હાથમાં એક લાકડી લઇ હું નીકળ્યો. શ્રી. ચતુરભાઇ તથા કાશીભાઇ સાથે હતા. અમે ફરતા ફરતા એક જગાએ રેતીમાં બેઠા. દૂર સામે જંગબારના દીવાઓ બળતા હતા અને જંગબારની પેલીમેરના શાખ્યાઓ જાણે આકાશનાં વાદળાં હોય તેમ ઝુકી રહ્યા હતા. બધે નીરવ શાન્તિ હતી. ટાપુમાં પણ સૌ શાન્ત હતાં; માત્ર કોઇકોઇ જંગલી પ્રાણી અવાજ કરતું હતું. દૂર પેલો શુક્રનો તારો પશ્ચિમમાં લટક્યો હતો.

૩

પ્રિઝન આઇલૅન્ડ: તા. ૯-૩-૨૪

આજે મને અહીં આવ્યે નવ દિવસ થયા. આ

નવે દિવસો બહુ જ આનન્દમાં ગયા છે. અહીં ક્વૉરન્ટાઇનના ડૉકટર તરીકે એક પંજાબી ભાઈ અમારી સાથે રહે છે. આ ડૉકટર ઉપરઉપરથી મોટા સ્વદેશાભિમાની જણાય છે, પરંતુ પાછળના અનુભવથી એમ જણાય છે કે એ બધું પોગળ છે. શરૂઆતના ચાર પાંચ દિવસો તો 'પ્રૉફેસર શાબ' (હું પોતે) રોજ ડૉકટરના હવાવાળા મકાનમાં બપોર ગાળતા અને અનેક બાબતો પર ચર્ચા ચલાવતા.

અહીં મને એક નવા ભાઇનો પરિચય થયો છે. તે ભાઇ પોતે ઝાંઝીબાર પૉર્ટના ડૉકટર છે અને પેલા પંજાબી ભાઇના ઉપરી છે. એ ભાઇની અને મારી પીછાન વિચિત્ર રીતે થઇ. અહીં કંપની તરફથી સામાન પુરો પાડવામાં આવે છે. તેમાં સૌને સાકર આપે છે, પણ ગોળ કોઇને આપતા નથી. મેં ગોળની માગણી કરી, ત્યારે સામાન આપનાર ગોઆનીઝ કારકુને મારા સામું જોયું હતું. મારી માગણી એ વડા ડૉકટર પાસે ગઇ ત્યારે તેણે તરત જ તેને મંજુર કરી, અને હું કોઇ સિદ્ધાન્તાનુસારી માણસ છું એમ સમજી તે જ ક્ષણે મારી સાથે લાંબી વાત શરૂ કરી. અને ત્યારથી આજ સુધી એ ભાઇ જ્યારે જ્યારે જંગબારથી અહીં આવે છે ત્યારે મને તરત જ બોલાવે છે અને કલાક બે કલાક સુધી અમારી વાતો ચાલે છે. આ ભાઈ આપણા દેશના ઘણા પ્રશ્નોના અભ્યાસી છે અને પૂ. ગાંધીજી, મિ. પોલાક, દેશબન્ધુ દાસ વગેરેને સારી રીતે ઓળખે છે. પૂ. ગાંધીજીને માટે તેને બહુ આદર છે અને પોતે ખ્રીસ્તી હોવા છતાં હીંદુ ધર્મને માટે તેમને સદ્ભાવ છે. જોકે તેઓ કેળવણીના ખાસ અભ્યાસી નથી, પરંતુ કેળવણી ઉપર તેમણે છુટાછવાયા વિચારો કર્યા છે. એક દિવસ તો અમારે અહિંસા ઉપર જ વાત ચાલી. તેઓ અહિંસાને આદર્શ તરીકે સ્વીકારે છે પરંતુ હાલતરત તો હિંસાથી જ સ્વરાજ્ય મેળવવું એવો તેમનો આગ્રહ છે. અહીં આફ્રીકામાં અંગ્રેજોનો જુલમ તેમણે બહુબહુ સહન કર્યો જણાય છે, અને રંગભેદ ઉપર તમે તેમને બોલતા સાંભળો તો તો છક થઇ જાઓ! તેમના માથા પર આફ્રીકાના વીસ બાવીસ ઉનાળા તપ્યા છે, અને એ અનુભવો જ્યારે તેમની વાણીમાં ઉતરે છે ત્યારે તેનું જોસ જુદું જ હોય છે. મને તે કહેતા હતા કે 'મિ. ભટ્ટ, તમે તો આત્મભોગ આપ્યો છે એટલે તમને આ દુઃખ નહિ લાગે. પરંતુ માત્ર આ મારી કાળી ચામડી હોવા ખાતર મેં જે જે સહન કર્યું છે તે પરથી મને તો થઈ જાય છે કે આફ્રીકામાં આપણા લોકોની જે દશા થાય છે તેનો આપણે એકદમ ઉપાય કરવો જોઇએ.' એ ભાઇ પોતે એક સારા લેખક છે. તેમણે પોતાના થોડા લેખો મને વંચાવ્યા છે અને મને તે સારા લાગ્યા છે. મને તેમણે જંગબાર આવવા માટે અને ત્યાં કેળવણીના વિષયપર વ્યાખ્યાનો આપવા માટે ખાસ આગ્રહ કર્યો છે. મને લાગેછે કે હું જ્યારે ફરીથી જંગબાર આવીશ ત્યારે તેમની મને બહુ સારી મદદ મળશે.

અહીંના આખા દિવસનો કાર્યક્રમ મઝાનો છે. સવારમાં ઉઠીને શૌચ, સ્નાન; પછી દરીઆકીનારે કલાક દોઢ કલાક ધ્યાન કરીને આવું છું એટલે ગૌરીશંકરે રાબ તૈયાર રાખી હોય છે તે લઉં છું. મારા પાટીદાર મિત્રો પણ ચા, ડબલરોટી અને માખણ ચડાવે છે. રાબ પીને હું વાંચવામાં રોકાઈ જાઉં છું. મારા પાટીદાર ભાઇઓ વચ્ચેવચ્ચે મને ખુબ હસાવે છે ખરા, પણ બહુ અડચણ કરતા નથી. એ બધા ભાઇઓમાં પણ એક ઉમેદભાઇ છે તે તો નમુનેદાર આદમી છે. તે ભાઇ યુગાન્ડા રેલ્વેના સ્ટેશન માસ્તર છે, પાટીદાર કોમમાં સારૂં સ્થાન ધરાવે છે અને નૈરોબી વગેરે સ્થળોમાં તેમના મોટાભાઇની સારી પ્રતિષ્ઠા છે. બધી રીતે વ્યવહારડાહ્યા છે, જરૂર પડે ત્યાં કાકા કહીને કામ કાઢી શકે છે, અને નહિતર મોટા ગવર્નરને પણ ન ગાંઠે તેવા છે. સ્વભાવ સારો. મશ્કરો છે. ઘણાં ચોમાસાં વીત્યાં છે એટલે પૈસાની કીંમત આંકતાં શીખ્યા છે.

બપોરના જમ્યા પછી હું સુઇ જાઉં છું. પછી જરા બપોર ઢળે એટલે પંજાબી ભાઈ પાસે જઇએ. બે દિવસ તો બપોરના સોગઠાંબાજી માંડી હતી, પણ તેમાં બહુ રસ જામતો ન હતો એટલે પડતી મુકી.

દરરોજ સાંજે દરીઆફીનારે ફરવા જઈએ છીએ. પરમદિવસે દરીઆમાં નહાતાં મિ. કાશીભાઇની વીંટી પડી ગઇ અને ઘણી શોધી પણ જડી નહિ. ફક્ત બે દિવસથી દરીઆમાં નહાયો નથી. રાત્રિએ વાળુ કર્યા પછી વાર્તાવિનોદ ચાલે છે. મોટેભાગે હું સૌ ભાઇઓને મહાભારતાદિમાંથી વાર્તાઓ કહું છું.

આજે તો આખા ટાપુમાં ખળભળાટ ચાલી રહ્યો છે. આવતી કાલે ડરબનથી 'ખંડાલા' સ્ટીમર આવવાની છે તેમાં અમને મોંબાસા જવાની રજા મળવાની વકી છે. હજી બરાબર ચોકસ નથી; પણ અમારે કાલે જવાનું થશે.

નાનાભાઈ

ફોટોગ્રાફીની હરીફાઈનું પરિણામ

ગયા વખત કરતાં આ વેળાની હરીફાઇમાં ભાગ લેનારાની વધેલી સંખ્યા તથા કામ જોઇને વિદ્યાર્થી ફોટોગ્રાફરો માટે ઘણી સુંદર આશાઓ બંધાય છે. જેમના ફોટોગ્રાફો પ્રગટ કરવા યોગ્ય જણાયા તે બધા ૯૩ મા પાનાની સામેની આર્ટપ્લેટ ઉપર છાપ્યાં છે. તેમાં આપેલા નંબર પ્રમાણે તે પાડનારનાં નામ, કોને ઇનામ મળ્યાં તેની વીગત, તથા દરેક ફોટોગ્રાફને લગતી થોડી નોંધ કે સુચના આ નીચે આપીએ છીએ. જેમને ઇનામ મળ્યાં છે તેમને તે થોડા વખતમાં પહોંચતાં થશે.

(૧) 'સાદી જીંદગી'...બલવંત. ચિત્રરચના સાધારણ.

(૨) 'ફલોરા ફાઉન્ટન, મુંબાઇ'...ગોહિલ અજીતસિંહજી જોરાવરસિંહજી. ફોટોગ્રાફી સારી છે, પણ ચિત્રવિધાન નથી. **(સાદું ઈનામ)**

(૩) 'આદિ શંકરાચાર્યનું મંદિર'...નિવેદિતા મનુભાઇ મહેતા; ઉમર વર્ષ ૧૨. સંગ્રહયોગ્ય ઐતિહાસિક સ્થળ. માણસો જરા દૂર હોત તો વધુ સારો ફોટોગ્રાફ થઈ શકત. **(સાદું ઈનામ)**

(૪) 'પંખીડાં'...વનમાળીદાસ પરમાર. ફોટોગ્રાફ મોટો બનાવવાથી આકર્ષક થઇ શકત.

(૫) 'વેરૂલની ગુફાઓ'...હંસરાજ પુરુષોત્તમ વિશ્રામ માવજી; ઉમર વર્ષ ૧૫. પ્રાચીન સ્થળનો યોગ્ય રીતે લેવાએલો ફોટોગ્રાફ. અંદર માણસો દાખલ નથી કર્યા તેમાં ડહાપણ વાપર્યું છે. **(બીજા નંબરનું ઇનામ)**

(૬) 'સેન્ડમેન હૉલ, કરાંચી'...રસિકલાલ ચત્રભુજ શાહ. ઉમર વર્ષ ૧૬. ફોટોગ્રાફી સારી છે, પણ ચિત્રનો વિષય આકર્ષક અથવા ઉપયોગી નથી.

(૭) 'ડંકનાથ મહાદેવનું દહેરૂં'...નાગરદાસ વત્સરાજ. ચિત્ર ઉપયોગી છે, પણ જોઇએ તેવો ઉઠાવ નથી.

(૮) 'ગામનું છેવાડું'...ચીમનલાલ ઠાકર, વડોદરા. વિષય આકર્ષક છે, પણ તેને બરોબર ન્યાય નથી મળ્યો.

(૯) 'પુલ'...રા. હર્ષ. ફોટોગ્રાફી સારી છે, પણ યોજના સુંદર નથી.

(૧૦) 'ગણેશમાર્ગપરની ઘટા, પુના'...સોની એમ. પી. ઘણું આકર્ષક ચિત્ર છે. વચમાં એકાદ ગાડું કે મુસાફર દેખાતાં હોત તો ચિત્ર સજીવ બનત.

(૧૧) 'નેમીનાથનાં દહેરાં, ગિરનાર'...જમનાદાસ છોટાલાલ સુબેદાર. છાયા પ્રકાશ અને આકૃતિનું સુંદર સમતોલપણું અને સ્વચ્છ ફોટોગ્રાફી. **(પહેલા નંબરનું ઈનામ)**

(૧૨) 'ઔરંગઝેબની કબર, ઇલોરા'...શાન્તિલાલ વ્યાસ. ઐતિહાસિક ઉપયોગિતાવાળો દેખાવ ખરો, પણ ફોટોગ્રાફ અસરકારક નથી.

(૧૩) 'વસઈનાં ખંડેરો'...રમણલાલ નાનાલાલ શાહ. સુંદર ઐતિહાસિક ફોટોગ્રાફ. **(સાદું ઈનામ)**

(૧૪) 'પગલાંજીનું દહેરૂં, કેસરીઆજી'...સી. ડી. ઝવેરી. સારો અને સ્પષ્ટ ધાર્મિક સ્થળનો ફોટોગ્રાફ. **(સાદું ઈનામ)**

બાકીના ફોટોગ્રાફો અમે પ્રગટ કરી શકયા નથી, છતાં તે મોકલનારાઓએ આ હરીફાઇ માટે ઉત્સાહ બતાવ્યો છે. તેમનાં નામો થોડી સલાહ સાથે આ નીચે પ્રકટ કરીએ છીએ.

(૧) જાડેજા પ્રદ્યુમ્નસિંહજી દાખાજીરાજનો ફોટો જે ચિત્ર રજુ કરે છે તે બરોબર સમજાય તેવી રીતે કૅમેરામાં લાવવું જોઇએ. કૅમેરા પર તેમનો હાથ ઠીક બેઠેલો છે. આ હરીફાઇમાં પ્રગટ થએલા ફોટોગ્રાફો પર ધ્યાન આપશે તો ભવિષ્યમાં વધુ સારૂં કામ આપી શકશે. (૨) મુરારજી જાદવજી વૈદ્ય: ચિત્રરચના વધારે આકર્ષક કરવા મહેનત લેવી જોઇએ. (૩) ચંદુલાલ રામજી શાહ: ફોટોની છાપ સારી છે, પણ તે શું દર્શાવે છે તે સ્પષ્ટ સમજાતું નથી. (૪) ઈશ્વરલાલ ચુનીલાલ પારેખ: છાપ સારી નથી. ચિત્રરચના ઉપર વધુ વિચાર કરવો જોઇએ. (૫) ઇસમાઇલ દલીભાઇ: દેખાવને બદલે માણસનું ચિત્ર મોકલ્યું છે; અને તેમાં પણ ગોઠવણીનો ખ્યાલ નથી. (૬) નિરંજન ગલીઆરા: ફોટોગ્રાફી સારી છે, પણ ચિત્રમાં આકર્ષક અને રંજક વસ્તુનો અભાવ છે. (૭) કનુભાઇ છોટુભાઇ અમીન: ફોટોગ્રાફી ઠીક છે; પણ કૅમેરામાં કેવડું ચિત્ર લેવાથી શોભીતું અને આકર્ષક આવશે તેનો નિર્ણય કરતાં આવડતું નથી.

કેવી મુછો રાખશો ?

કુમારો ! તમને વહેલીમોડી મુછો તો ઉગવાની જ. ત્યારે તમે કેવી મુછો રાખવાના તેનો અત્યારથી જ વિચાર કરી રાખશો તો ઠીક પડશે. મોટપણે કામ લાગે એટલા માટે તમારી મદદને સારૂ આ નીચે થોડી સુચના તથા પાછળને પાને તેના થોડા નમુના આપ્યા છે.

નં. ૧ની મુછો વીંછીના આંકડા અથવા ગણિતનો કૌંસ કહેવાય છે. તમે જાણે મોટા ફીલસુફ હો, ખાસ ટાપટીપ માટે ચિંતા ન રાખતા હો, તો આ મુછોથી તમારો ભાવ આબાદ સચવાશે. આવી મુછોવાળા ઘણેભાગે બાળકો જોડે હસે છે ત્યારે બહુ શોભે છે.

નં. ૨ની મુછો તો કાઠી ગરાશીઆ અને બહારવટીઆઓની પેટંટ સમજો; છતાં તમારામાં તેમની હરાફાઇમાં ઉભા રહેવાની તાકાત હોય તો એવી મુછો રાખજો. પરંતુ સાથે કદિ નરમ ચહેરો ન રાખતા. આ મુછો જોડે કડકાઇ ખાસ જોઇએ. વળી ભેંશનાં શીંગડાની જેમ આખો દિવસ આમળ્યા કરશો તો જ એ આકાર સચવાશે. મનથી વાણીઆ હો તો આ મુછોનો મોહ ન રાખશો; કારણકે વાણીઆ ગમે ત્યારે મુછ નીચી કરી શકે છે.

નં. ૩ના મુછ ઘણા હેડમાસ્તરોને ગમતી લાગે છે. તેઓ કોઈ જાતની ટાપટીપની વિરૂદ્ધ હોય છે, અને છોકરાં પર ફુંફાડો કરવો હોય ત્યારે આ મુછો તે ભાવમાં મદદગાર થાય છે. ઑફિસો અને કચેરીઓમાં પણ આ મુછો શોભે.


નં. ૪ની શુજા ઉદ્દૌલ્લા ઘાટની મુછો. નાટક સીનેમાનાં ડોરફીપરો—આપણા મિત્રો દિલાવરખાં કે બરજોરખાંને જોયા છે? પહેલવાન રૂસ્તમની મુછો પણ આવી હશે. તમે 'દાદાગીરી' ચલાવી શકો તો જ આ મુછો રાખજો; નહિ તો કોઇ બે બાજુથી ખેંચીને રકાસ કરશે. આવી મુછો રાખનારાએ ભયંકર અવાજથી હસવું જોઇએ; અને કશી વાતની દયા, ઓળખાણ કે મોહબતનો નાતો યા સીધી રીતભાત જરાપણ રાખવી નહિ. દૂરથી ડંડો દેખાડયે જ વાત. સાથે સાથે બે ભમ્મર વચ્ચેની જગ્યા પર વાળ ઉગાડવાનું ન ભુલતા. એથી મુદ્રાની ભયાનકતામાં વધારો થશે.

નં. ૫ની સ્ટેશનમાસ્તરીઆ મુછો, ઉર્ફે ગળણી. લગભગ બધા સ્ટેશનમાસ્તરો આવી મુછો રાખતા લાગે છે. ખાસ કારણની કંઇ ખબર નથી; પરંતુ ઘણીવાર આવી મુછોવાળા માણસને જ તે જગ્યા માટે રેલ્વેવાળાઓ પસંદગી આપે છે (બીજી લાયકાત ઓછી હોય છતાં) તેથી હશે. વળી ફીલસુફો અને પ્રોફેસરોને પણ ઘણીવાર ગંભીરતા બતાવવા આવી મુછો રાખવી પડે છે; પછી અંતરથી તો ભલેને તેઓ બાળકો સાથે રમવા તૈયાર હોય. દાખલા તરીકે સ્વ. લોકમાન્ય તિલક, સ્વ. કવિ કાન્ત, પ્રો. બ. ક. ઠાકોર, જર્મન ફીલસુફ નિત્શે વગેરે વગેરે. આ મુછો ગળણી તરીકે કામ આવતી હોવાથી પાણી વગેરે પીતી વેળા કચરો એની મેળે ગળાઇને બહાર અટકી રહે છે; પણ તેની સાથે સાથે જ એ ગળણી હોવાનો ગેરલાભ એ હોય છે કે દુધ પીતી વેળા મલાઈ બહાર અટકી જાય છે.

આવી મુછો રાખનારે ચા કે દુધ વગેરે પીધા પછી તરત તે લુછી નાખવી જોઇએ; નહિતર ત્યાં મધપુડો બાઝી જવાનો સંભવ છે.

નં. ૬ની મુછોવાળા માણસોને આપણા દેશમાં 'દળદરી' કહે છે. પણ અમેરિકાનો પ્રખ્યાત લેખક માર્ક ટ્વેન આવી જ મુછો રાખતો. તમને યોગાભ્યાસનો શૉખ લાગે ત્યારે આવી મુછો વધવા દેજો. એ માટે સહેલો રસ્તો એ કે કદિ કાંસકીનો ઉપયોગ ન કરવો.

નં. ૭ની મુછો: તમને પગાર ગમે તેટલો ઓછો મળતો હોય છતાં બધી જાતના મોટા લોકોને ત્યાં જવાના પ્રસંગો આવતા હોય તો આવી મુછો કેળવજો. માથે નાટકના સૂત્રધાર જેવી પાઘડી અને કપાળમાં કોઇપણ ધર્મનું ચિહ્ન કર્યા વિના રહેતા નહિ. અને મોં તો મલકતું ને મલપતું જ રાખવું. તેથી બધે માન પામશો. કોઇ માન ન આપે તોપણ ડોકી હલાવી માન ખેંચી લેજો! આ મુછો જોડે સ્વામીનારાયણ પંથનું તિલક નહિ બળે એટલી નોંધ જરા કરી લેજો. વિદ્વાનો, શ્રીમાનો કે મહાપુરુષો અંદર અંદર વાતો કરતા હોય ત્યારે તમે પણ આવી મુછો લઇ બાજુએ ડોક હલાવતા હલા-



વેતા ઉભા રહેજો, અને મુછો હોઠમાં ચાવ્યા કરજો. એથી લાભ થવાનો સંભવ છે. આ મુછો ઑલરાઉન્ડ' એટલે બધા સમાજમાં ચાલશે.

નં. ૮ની બાંકે મુછોઃ તમે પોલીસ કે લૅન્સર્સમાં અમલદાર હો તો જ આવી મુછોનો ઠાઠ તમને પોસાશે. ભલેને પછી તમે માત્ર સાદા હવાલદાર જ હો. એ સીવાય આવી મુછો રાખશો તો કોઇ બાપનો પૈસો બગાડનાર બેવકુફ ગણશે, અગર તમારા ઉપર ખોટા વહેમે ભરાશે.

નં. ૯ની મુછોઃ શીંગલા ઘેટા જેવી તમારી મુખ-મુદ્રા હોય તો જ આ મુછો પર પ્રીત કરજો. ભમ્મર હમેશાં ચડાવેલાં જ રાખવાં; હસવું તો શું પરંતુ મલકવું પણ નહિ. તમારૂં કોઇ ન માને ત્યારે ઘુરકવું, અને વખતપર લડી પડવું. માથે આસ્ટ્રાખાની વાળ-વાળી મોટી ટોપી પહેરવી ન ભુલતા. દેશવિદેશમાં આને લીધે તમને બધે ઠેકાણે સહેલાઇથી માર્ગ મળશે.

નં. ૧૦ની બેડીઆ મુખમુદ્રા આપણા દેશના લોકોને નહિ ગમે. લોકો ભલેને આવા મોંને 'બાયલા-મુખ' કહે, છતાં તમારામાં હીંમત હોય તો તેમ જ રહેજો, અને ગભરાશો નહિ. દેશબંધુ દાસ અને ઘણા બંગાળી વિદ્વાનોના આવો જ શૉખ છે. તેઓ શું વીર પુરુષો નથી? આવા ચહેરા પર ચશમા—અને તે પણ મોટાં ગોળ ગૅાગલ્સ—જરૂર પહેરવાં જોઇએ. માથાના વાળ વધારશો તો વળી શોભામાં અભિવૃદ્ધિ થશે, અને કવિ કે થીઓસોફિસ્ટ ગણાશો.

નં. ૧૧ની ફ્રેંચ કટ અથવા ચૅપલિનીઆ મુછો. તમારૂં મોં બોડુંચોડું હોય તો આ કટનો આશ્રય જરૂર લેજો. બધો વખત ગંભીર જ રહેજો. અને કોટ કે પાટલુન પહેરજો; પરંતુ કોઈ અમંગળ શંકા ન કરી બેસે એટલા સારૂ જરાજરા માતૃભાષામાં બોલતા રહેજો.

નં. ૧૨ઃ તમને કેમે કર્યા વાળ ઉગતા જ ન હોય, અને બુઢ્ઢા થશો ત્યાં લગી છેડે માત્ર આવાં બે તરણાં જ રહેશે એમ લાગે તો મોંઢે ફ્રેંટીઉં વીંટવાની રીત પહેલેથી જ ગ્રહણ કરજો, જેથી ઉમરવાળા પીઢ માણસમાં ગણાઇ શકશો.

નં. ૧૩ની ગાંધી કટ અથવા મુછોને ઉપર, નીચે, વચ્ચે,– બધેથી કોરાવી સાફ રાખવી તે. સર્જનો અને ફૅશનથી દૂર રહેવા ઇચ્છતા માણસો માટે આ કટ પસંદ કરવાજોગ છે. ઘણા લુહાણા કે ગામડાંના વાણીઆ આવી મુછો રાખે છે, પણ તેને લગતા ગુણો નથી રાખતા.

નં. ૧૪ઃ જીંદગીમાં મુછનો એક પણ વાળ જરા યે કપાવા ન દ્યો, અને વૃદ્ધાવસ્થા સુધી જુવાનીનું સંભા-રણું સાચવી શકો તો આ પ્રમાણે વડવાઇઓ લટકતી જોઇ શકશો. આવી મુછો નીચે ક્રોધ હમેશાં છુપા-એલો હોય છે; માટે ચેતતા રહેજો.

નં. ૧૫ની ખાટીઆ મુછો, એટલે કોઇને કોટ લટકાવવાનું મન થઈ જાય એવી મુછો. તમે જાડા હો, ભલા હો, નાનાં છોકરાંઓના આનંદરૂપ બનવા માગતા હો તો આવી મુછો તમને મુબારક હો.

નં. ૧૬ની કર્ણકુંડલ અથવા મહાનુભાવી મુછો. તમે આચાર્ય હો, સંત-મહંત બની જાઓ તો આવી મુછો તથા જડબાં પર વાળ ઉગાડી બંનેનો સંગમ કરી જડબાં ઢાંકી દેજો. એથી તમારા ઘણા ભાવો ગુપ્ત રહેશે. આંખો હમેશાં નીચી અને કરુણાળુ રાખજો; ક્રોધ પ્રગટ થવા ન દેતા. ધીમે કદમે ચાલજો. કોઇ પ્રણામ કરે તેને ગંભીરાઇથી આશીર્વાદ દેજો. ગાંધીજી મહાત્મા ગણાવા લાગ્યા છે, પરંતુ આવી મુછો નથી રાખતા તેથી મહાત્માના મુખ્ય લક્ષણ વિના રહી જશે એવી અમને બીક રહે છે. રાણી વિકટોરીઆના રાજ્યમાં તો અંગ્રેજ અમલદારો–સુબાઓ સુદ્ધાં– આવી મુછો રાખતા; અને ખરેખર તે વખતે તેમના-માંના ઘણા મહા પુરુષો હતા. જુઓ ઇતિહાસમાં.

કેમ શું ધાર્યું? આ તો હજુ માત્ર થોડા નમુના જ સુચના રૂપે આપ્યા છે. તેમાંથી કોઇ 'પૅટર્ન' પસંદ આવે તો ઠીક, નહિતર જરા હૈયું ઉઘાડું રાખી બધે નિરીક્ષણ કરતા રહેશો તો અનેક ચિત્રવિચિત્ર નમુનાઓ નજરે પડશે. એમાંથી તમને ફાવે તે એકાદ પસંદ કરી રાખજો. કારણકે ભવિષ્યની તૈયારી અગાઉથી કરી રાખવી એને જ વહેવારૂ લોકો ડહાપણ માને છે.*

---

* રા. રામનારાયણ નાગરદાસ પાઠકના સૂચન ઉપરથી.

• જ્ઞાનલીલા •

સાહિત્ય, શબ્દ અને ગણિતના વિવિધ પ્રકારના વિનોદ માટે અમે હવેથી 'જ્ઞાનલીલા' શબ્દનો જ પ્રયોગ કરીશું. ગયા બે માસથી અપાતા આ વિભાગમાં અનેક વાંચનારાઓએ ખુબ રસપૂર્વક ભાગ લીધો છે તે જોઇ અમને આનંદ થાય છે. આ નીચે પોષ માસના સવાલોના જવાબ, તેના ખુલાસા મોકલનારાઓનાં નામ અને ઇનામની વીગત આપી છે. ઇન.મો. થોડા વખતમાં જ રવાના થશે. બીજા પ્રશ્નો આવતા અંકમાં.

પાદપૂર્તિ

જેની બંને પાદપૂર્તિઓ સુંદર હોય એવું તો કોઇ નથી નીકળ્યું. આવેલી પાદપૂર્તિઓમાં સૌથી સરસ નીકળેલી નીચેની બેમાંથી એક ભાઇ અનન્ત પંડયાની અને બીજી ભાઇ ઉપેન્દ્ર ભટ્ટની છે. એટલે પાદપૂર્તિનું એક ઇનામ એ બંનેને વહેંચી દેવામાં આવશે.

(૧)

થશે નાશ અજ્ઞાનનો અંધકાર,
બધે રેલશે જ્ઞાનની શુભ્ર જ્યોતિ;
ગુલામી તણાં બંધનો દૂર થાશે,
નિરાશા જશે શોભશો નવ્ય આશે. (અનન્ત પંડયા)

(૨)

અહીંઆ મધુરાં કુસુમો વિકસે,
અહીં પંખી રૂડાં મધુરૂં ટહુકે;
અહીં દિવ્ય શિશુજન હાસ કરે,
અવનિ જ ખરેખર સ્વર્ગ, સખે! (ઉપેન્દ્ર ભટ્ટ)

એ સીવાય આવેલા સંગ્રહમાંની બીજી એક બે ઠીક છે તે નમુના ખાતર નીચે આપી છે:

(૧)


ભલી ભારતી કામદુધા અહીં છે,
સતવાણી સુધા સહુ સૂરિ વદે;
પુરુષારથ છે સુરવૃક્ષ, સખે!
અવનિ જ ખરેખર સ્વર્ગ, સખે! (મુળશંકર અધ્યાપક)

(૨)

યદા સંપત્તિ લક્ષ્મી સૌ નષ્ટ પામે,
યદા સ્નેહિ ને બંધુનો કોપ જામે;
તદા રાખજો ધૈર્યને આપ સાથે,
નિરાશા જશે શોભશો નવ્ય આશે. (નામ નથી)

એ ઉપરાંત પાદપૂર્તિની હરીફાઇમાં બીજા ભાગ લેનારાઓનાં નામ નીચે મુજબ છે: રસિકલાલ ચ. શાહ, કરાંચી; 'કુમાર,' ધોરાજી; ગિરિજાશંકર ક. ભટ્ટ, પાલીતાણા; ભગવાનદાસ જા. પટેલ, વડોદરા.

બાકીના ઉત્તરો



બાકીના પ્રશ્નોના ઉત્તરો નીચે મુજબ છે: **ગણિત ગમ્મતમાં** ખેડુતના ખેતરના, બબ્બે ઝાડ સાથે સરખી આકૃતિના પાંચ ભાગ (કુવો સહીઆરો રાખીને) કેમ પડે તેનો નકશો બાજુ પર આપ્યો છે. ૧ થી ૯ સુધીના બધા અંક તથા મીંડાને, સરવાળો એક આવે એવી રીતે ગોઠવવાના પ્રશ્નના ઉત્તર ઘણા જણે જુદીજુદી રીતે આપ્યા છે. તેમાંના ઘણા સાચા ગણી શકાય. પરંતુ સૌથી ટુંકો, સરસ અને સાચો ઉત્તર તો આ પ્રમાણે છે: $\frac{૧૩૫}{૨૭૦}+\frac{૪૮}{૯૬} = ૧$

શબ્દસાંકળીના છ શબ્દો આ પ્રમાણે છે: પ્રભાસ, ભાસ્કર, કરતાલ, તાલવન, વનરાજ, રાજકોટ. જે ગામ **ઓળખી કાઢવાનું** છે તે 'પોરબંદર.'

એ ચારે પ્રશ્નોના ઉપર મુજબ સાચા ઉત્તર મોકલનાર તો એક જ ભાઇ ચદુલાલ મ. શાહ, (ઉમર વર્ષ ૧૩, મુંબાઇ) છે. એટલે ઇનામ તેમને મળે. પરંતુ શબ્દસાંકળીના ઉત્તરમાં એ ભાઇ સરતચુકથી 'કરતાલ' શબ્દ લખતાં ભુલી ગયા છે, તેથી તેમને પુરૂં ઇનામ નહિ મળે.

બાકીના નીચેના ભાઇઓએ મોકલેલા ઉત્તરોમાં ગણિત-ગમ્મતના આંકડાની ગોઠવણના સવાલના જુદા જુદા ઉત્તરો છે: છગનલાલ ભ. સોલંકી, વાંકાનેર; છગનલાલ મો. બનીઆ, ખેડોઇ; ચંદુલાલ ભી. સતીઆ, અમદાવાદ.

એ ઉપરાંત નીચેના ભાઇઓએ ઉત્તરો મોકલ્યા છે, પણ તે બધા સાચા નથી. છતાં પ્રોત્સાહનને ખાતર તેમનાં નામો પ્રગટ કરીએ છીએ ભગવાનદાસ જા. પટેલ, વડોદરા; મળશંકર કે. અધ્યાપક મોડાસા; રસિકલાલ ચ. શાહ, કરાંચી; મહેન્દ્રલાલ પ્રાગજી, કેરોદ. વૃન્દાવનદાસ રાયચંદ, ખામગામ; રણજીતરાય મ. વેરૂ, વીલે પારલે; રમણલાલ દેસાઇ, અમદાવાદ; ચંદ્રશંકર ન. ભટ્ટ પાલીતાણા; બુદ્ધિપ્રસાદ અં. ડાકોર; અમૃતલાલ છગનલાલ, સાંગરેની કોલીઅરી; ત્રીકમલાલ ના. પરીખ, વીરમગામ; શાંતિલાલ દેવજીભાઇ, વડોદરા; શાંતિલાલ અં. શાહ, મુંબાઇ; હરસુખલાલ યાજ્ઞિક, લાહોર; પી. વિશ્રામ વઢવાણીઆ, પાલેજ.

સરજનહારની સૃષ્ટિ



ચીમ્પાન્ઝી વાંદરો

માણસને મળતી આવતી વાંદરાની જાતોમાં ગોરીલા પછી બીજે નંબરે ચીમ્પાન્ઝી વાંદરો આવે છે. ગોરીલાની પેઠે તેને પણ પુંછડી હોતી નથી.

આ જાત આફ્રીકામાં જ મળી આવે છે ત્યાંનાં જંગલોમાં તેઓ નાનાં ટોળાંઓમાં રહે છે. તેઓ કુટુંબને માટે ઝાડ-પર રહેઠાણો બાંધે છે, જેમાં કુટુંબને રાખી નર વાંદરો રાતભર ઝાડ નીચે ચોકી કરતો બેસે છે. ઘણે ભાગે તે ફળફુલ ખાઇને જીવે છે. તેમાંયે કેળાં જુએ કે ગાંડાતુર!

બાંધીદડીના ચારેક ફુટ ઉંચા શરીરવાળા આ વાંદરાના હાથપગ લાંબા અને મજબુત, ભવાં ઉપડતાં, કાન મોટા. નાક અતિશય ટુંકું ને ચપટું, મોઢું પહોળું અને હોઠ પાતળા હોય છે. ચહેરા પર તે ઘણા ચિત્રવિચિત્ર હાવભાવ બતાવી શકે છે. કલબલાટ કરે ત્યારે તેઓ ભારે શોર મચાવી મુકે છે.

તેના હાથપગ, કાન તથા ચહેરાનો રંગ લાલ, ને બાકીને આખે ડીલે કાળા રંગના વાળ હોય છે. ઘણુંખરું તે ચારે પગે ચાલે છે; જોકે ઘણીવાર ટટ્ટાર ઉભી તથા ચાલી શકે છે.

આ જંગલી પણ અક્કલવાન વાંદરાને પાળીને હેળવી શકાય છે; અને પછી તો તે માણસોનું ઘણું અનુકરણ કરે છે. હાથ મીલાવે છે, કપડાં પહેરે છે, ચમચા વડે ખાઈ તથા પ્યાલાથી પાણી પી શકે છે. લંડનના 'ઝુ' બાગમાં તો એક ચીમ્પાન્ઝી પાંચથી દસ સુધી ગણી પણ શકતો.

અથાણું

'ચકલામાં ને ચકલીમાં શો ફેર?'

'ચકલી કરતાં ચકલો શરીરે સહેજ મોટો હોય છે; ચકલીનો રંગ પીળાશ પડતો ભુખરો હોય છે, જ્યારે ચકલાને શરીરે કાળા ડાઘ હોય છે... ...'

'એ તો બધું ખરું જ; પણ બીજું કાંઇ?'

'ના; બીજી તો ખબર નથી.'

'જુઓ, ચકલા વચ્ચોવચ સીપાઇ ઉભો રહે છે; અને ચકલીમાં પાણી આવે છે!'

*

સૌરાષ્ટ્રવાળાઓ દર ઉનાળે 'પાણીફંડ' માટે પૈસા ભેગા કરે છે. ગઇ વેળા એમણે પાણીફંડ માટે ચાળીસ હજાર રૂપીઆ ભેગા કર્યા હતા, તેમાંથી સાડત્રીસ હજાર રૂપીઆ તો તેમણે પાણીમાં જ નાખ્યા!

*

નરેન—બાપા, તમે કહેતા હતા ને, કે પોતાનાથી ઉમરમાં નાના હોય તેને ન મરાય?

બાપા—હા કેમ?

નરેન—તો આજે એટલું જરા ચીઠ્ઠીમાં લખી આપોને. કારણકે અમારા માસ્તરને આ વાતની ખબર હોય એમ નથી લાગતું.

*

શિક્ષક—અંગ્રેજના રાજ્યમાં સૂર્ય કદિ આથમતો નથી તેનું શું કારણ?

વિદ્યાર્થી—અંધારામાં અંગ્રેજો ઉપર વિશ્વાસ રાખતાં દેવતાઓને ધારતી લાગે છે માટે.

*

મા—બેટા, જેટલી વાર તું તોફાન કરે છે, તેટલા મારા વાળ ધોળા થાય છે.

છોકરો—ઓહો, ત્યારે તો મારી દાદીના બધા વાળ ધોળા છે; તો તેં કેટલાં બધાં તોફાન કર્યાં હશે?

*

ઓહો! અગીઆર વાગ્યા!!

વાગવા હોય તેટલા વાગે; પણ આપણને ઈજા ન થવી જોઇએ.

*

શહેરી—તમારા સ્વયંસેવકમંડળે આગનો બંબો ખરીદ્યો?

સ્વયંસેવક—હા, પણ અજમાયશનો વખત મળ્યો નથી

'કોઇ ઘરને આગ જ લાગી નથી, હેં?'

'લાગી તો છે, પણ અમારા જવા પહેલાં જ ઘર બળીને રાખ થઇ જાય છે.'



માધુકરી

આસામનો સંત

ઈશુની ૧૪૪૯ની સાલમાં આસામના સુધારક શંકરદેવનો જન્મ થયો. એના વડવાઓએ બહાદુરીથી વતન મેળવ્યાં હતાં, અને તેમની શૂરવીરતા માટે આસામમાં અનેક કવિતા ગવાતાં. શંકરદેવના પિતા ધર્મિષ્ઠ હતા, ઉમાપતિમાં અડોલ શ્રદ્ધા ધરાવતા હતા, અને શંકરદેવ એ શંકરની કૃપાથી અપાયો હતો એમ માનતા હતા. શંકરદેવ બાળક હતો ત્યારે તેની માતા ગુજરી ગઇ, અને એની સંભાળ એની દાદી ખેરસુતીના હાથમાં આવી.

એ બાર વર્ષનો થયો ત્યાં સુધી નીશાળે ન જતો. શેરીઓમાં એ કુદ્યા કરતો; નદીના ઘાટ પર મસ્તી કરતો, અને નાનાં બાળકો સાથે રમતો. જંગલમાં જતો ત્યાં હરણાં પકડતો; બ્રહ્મપુત્રાને કાંઠે ફરતો ને કાચબા ઝાલતો; કયાંકથી સાપ શોધી કાઢી હવામાં તેના વીંઝણા ફેરવતો, અને ઘણી યે વખત વિશાળ બ્રહ્મપુત્રામાં રેલો આવતી ત્યારે એમાં તરવા પડતો. નીશાળે જવાની એની ઇચ્છા નહોતી. એને તો બાળકો સાથે તોફાન મસ્તી કરવામાં રસ પડતો.

એક દિવસ એની દાદીએ કહ્યું, 'દીકરા! આમ ભોટ જ રહેવાનો? જાને નીશાળે!' જુવાન શંકરદેવે આ કથન સામે એક જ જવાબ આપ્યો, 'ઠીક, નીશાળે જઇશ. તને સંતોષ આપીશ.' બીજે દિવસે શાળામાં એનું નામ દાખલ થઇ ગયું. પહેલે જ દિવસે એણે મુળાક્ષરો પકડી લીધા, અને બીજે દિવસે એણે કવિતા બનાવી આપી!

શીખવા સામે અણગમો રાખનારો શંકરદેવ પુસ્તકોમાં ગુંથાઇ ગયો. એની બુદ્ધિનો તેજસ્વી ચમત્કાર જણાયો, અને આ કાચરથબાળ સૌથી ઉપર રહેવા લાગ્યો. એના ગુરુએ એની બુદ્ધિ પારખી, અને શાસ્ત્રવાંચનમાં એનું મન પરોવ્યું. શંકરદેવ યોગશાસ્ત્રમાં પારગત થયો, અનેક ધર્મશાસ્ત્રોનો એણે પાકો અભ્યાસ કર્યો.

એના અભ્યાસકાળમાં એણે શારીરિક શક્તિ પણ ઠીક ખીલવી હતી. ખીજવાએલા સાંઢને એ હંફાવી નાખતો, ને દુશ્મનના સીપાઇઓને ગબડાવી મુકી પલાયન કરી જતો.

વિદ્યાર્થી મટી એ ગૃહસ્થ થયો. એની પત્નીનું નામ સૂર્યવતી હતું. ગૃહસ્થાશ્રમના એકેએક ધર્મનું એ યથાર્થ પાલન કરતો. એને એક દીકરી થઇ; પણ એ અરસામાં એના પિતા તથા એની પત્ની અવસાન પામ્યાં. શંકરદેવ યાત્રાએ નીકળ્યો. હીંદુસ્તાનના દરેક તીર્થધામમાં એ ફરી વળ્યો, અને એના જીવનમાં અજબ પલટો થયો. એ વૈષ્ણધર્મની ભક્તિથી તરબોળ થઇ ગયો. અસમાનતાની ભાવના સામે એનો વિરોધ ઉઠયો. આસામના એ મહાન પુરુષે સુધારણાનું કામ શરૂ કર્યું.

એના જમાનામાં આસામ પતિત પડયું હતું. મુગ પ્રાણીઓના બલિદાન દેવાતાં. ધર્મને નામે બ્રાહ્મણો વ્યભિચાર સેવતા ને માણસોના ભોગ ધરાવતા. આ સડાને નાબુદ કરવા માટે એણે બીડું ઝડપ્યું.

શંકરે ભક્તિમાર્ગનો ઉપદેશ આપવા માંડયો. હરિનાં કીર્તનો કરીને એણે નવી જ્યોતિ ઝળકાવવા માંડી. સત્રોની સ્થાપના કરી એણે શિષ્યોને એકઠા કર્યાં. એને ત્યાં કનૈયાની સ્તુતિનાં ભજનો ગવાતાં. એ ભજનો કરી બેસી રહેતો નહિ. જાતે નાટકો લખતો, અને સૂત્રધાર બની બીજા શિષ્યોને નટ બનાવતો, સંગીતકારો સ્થાપતો, નાટકો ભજવતો. આ નાટકોથી સમાજમાં જબરો પલટો થવા માંડયો. બ્રાહ્મણોએ એની સામે રીસ કાઢવા માંડી, એને છંછેડવા માટે અનેક માર્ગો લીધા. અહોમના રાજાને ભંભેરી બ્રાહ્મણોએ શંકરદેવ પર જુલમ વરસાવવા માંડયો.

શંકરદેવે કોચ રાજ્યમાં નિવાસ સ્વીકાર્યો. પતપૌશીમાં જઇને એણે સત્ર સ્થાપ્યો, પોતાના શિષ્યોની મંડળી રચી, અને હરિકીર્તનમાં લોકોને ભેળતો ગયો. અહીં પણ બ્રાહ્મણોએ એના પર તિરસ્કાર બતાવ્યો. શંકર કહેતો, પ્રભુનાં બાળકોમાં ભેદભાવ નથી. જન્મથી બ્રાહ્મણ કે શૂદ્ર નહિ કહી શકાય એના એ ઉપદેશને લીધે બ્રાહ્મણોની સત્તા તુટી, એટલે કોચના રાજાને તેમણે ભંભેર્યો. શંકરે તો આ રાજાના ભાઇને

પોતાના પંથમાં લીધો હતો, એટલે રાજા પણ આખરે શાંત થયો.

એક વખત એ રાજવીએ શંકરદેવને નિમંત્રણ આપ્યું. એ સંત માનતો હતો કે તેણે રાજગુરુ નહિ બનવું જોઇએ. એની આ દઢ પ્રતિજ્ઞા હતી, એટલે રાજદરબારમાં જવાની એણે ના ભણી. બહુ માથાકુટ પછી શંકરે કહ્યું, 'વ્રત પાળો, ને આવતી કાલે હું જરૂરી કામ કરી આપીશ.' શંકર તો ગયો નહિ, એટલે પાલખી આવી. પાલખીમાં નહિં બેસતાં એણે યોગધ્યાન કરી અનંત સમાધિમાં એ લય પામી ગયો. રાજા રડયો, 'અરેરે! મારે માટે ગુરુજીએ દેહનો અંત આણ્યો!'

ચૈતન્યનો એ મિત્ર હતો, માધવનો એ ગુરુ હતો. સમાજને પચી શકે એવી ભાષામાં એણે કીર્તનો ગાયાં છે. એની સમાજસેવા, સાહિત્યસેવા, કળાસેવા હજી આજે ય આસામની વસ્તીમાં ઉજ્જવળ સ્થાન ધરાવે છે.

(નવયુગ, તા. ૨૭-૨-૨૫)

ઓ, મારી માતૃભૂમિ!

જર્મનીને અસ્તવ્યસ્ત કરી મહાન નેપોલીઅન ફ્રાંસના રાજનગરમાં આવ્યો છે. આખી પ્રજામાં વિજયનો ઉત્સવ ઉજવાય છે, નાચના જલસા ઉડે છે. ઉત્સવની પૂર્ણાહુતિ થઇ રહી છે, ને દરવાજાનાં પગથીઆં પરથી નેપોલીઅન માર્ગ કાપે છે. એક ખેડુત તેની નજરમાં આવે છે. નેપોલીઅનના ચિત્તમાં શંકા થાય છે. ખેડુતને એ પુછે છે, 'અલ્યા કેમ આવ્યો?'

'તને મારવા માટે.' તેણે જવાબ આપ્યો.

'મને મારવા?' નેપોલીઅને સ્હેજ દમદાટીથી કહ્યું.

'હા' તેને ટુંકો જવાબ મળ્યો.

'પણ, અલ્યા! તું રહે છે કયાં? તારૂં નામ શું?' નેપોલીઅને પુછયું.

'હું જર્મનીનો છું. જર્મની મારૂં વતન છે. મારૂં જન્મસ્થાન વર્ગસીટીમાં છે. નેપોલીઅન! નેપોલીઅન! મારૂં નામ સ્ટબ્સ છે.' પેલા ખેડુતે આવેશપૂર્ણ ઉત્તર આપ્યો.

'તારી ઉમર તો કહે.'

'અઢાર વર્ષ.'

'અને તારા હાથમાં આ શું છે?'

'છરો.' સ્ટબ્સે બહાદુરીથી કહ્યું.

નેપોલીઅને કહ્યું, 'અલ્યા! છરો કેમ લાવ્યો છે?'

'તને મારવા માટે, નેપોલીઅન! તને મારવા માટે.' સ્ટબ્સે ભાર મુકીને કહ્યું.

'તું ગાંડો થયો છે; તને બીમારી તો નથી વળગી?' નેપોલીઅને કટાક્ષથી કહ્યું.

'ના રે, ના. નથી હું પાગલ, કે નથી હું બીમાર,' સ્ટબ્સે ઉમેર્યું. 'હું તો તને મારવા આવ્યો છું; આ છરાથી હું તારી જીંદગી લેવાનો છું.'

'ઓ ભલા! મેં એવો તે તારો શો અપરાધ કર્યો?' નેપોલીઅને શાંતિથી પુછયું.

'અપરાધ?' સ્ટબ્સ બરાડયો. 'અપરાધ! મારા દેશબંધુઓના તેં રણાંગણોમાં પ્રાણ લીધા એ અપરાધ નથી? મારા દેશનું તેં ખુન કર્યું, એ મારૂં ખુન નથી? નેપોલીઅન! તું શું બકે છે? મારો મુલક પડાવ્યો, એ જેવોતેવો અપરાધ છે?'

સ્ટબ્સ કેદખાને પડયો. સૂર્યની આસપાસ પૃથ્વીએ બે પ્રદક્ષિણા પુરી કરી. એના કેદી જીવનને બે વર્ષ વીત્યાં. એની પાસે ન કપડાં રહ્યાં. જેલર પાસે એણે કપડાં માટે ભીખ માગી, ને જેલરે કપડાં ફેંકયાં.

'ભાઇ,' સ્ટબ્સ બોલ્યો, 'આ કપડાં કયાં બન્યાં હતાં?' જેલરે જવાબ દીધો. 'ફ્રાંસમાં.'

'લો, ત્યારે મારે એ ન જોઇએ. જર્મનીથી મારાં કપડાં આણી આપો તો જ મારે ખપે; નહિ તો કપડાં વિના હું ચલાવી લઇશ.' જેલર આ જવાબથી દંગ થઇ ગયો. સ્ટબ્સે પોતાનું શરીર ખુલ્લું રાખ્યું. એના અંગે ફ્રાંસનું એક પણ કપડું ચઢયું નહિ. ટાઢ સખત હતી, તોપણ ફ્રાંસનાં કપડાં પહેરવાની સ્ટબ્સે સાફ ના પાડી. જેલરે માયાથી કહ્યું, 'ભલા! પહેરને એમાં શો વાંધો?'

'હું, સ્ટબ્સ પહેરૂં? ફ્રાંસનાં કપડાં મારે પહેરવાં?' તેણે અશ્રુભીનો જવાબ આપ્યો. 'જે પ્રજાએ મારા દેશને ચુસી લીધો તે પ્રજાને હાથે બનેલાં કપડાં મારે કેમ પહેરવાં? એક જર્મન નહિ જ પહેરી શકે. મારા શરીરમાં દમ હશે ત્યાં સુધી હું તમારા દેશનાં કપડાં નહિ પહેરૂં. હું મરૂં ત્યારે ભલે મારા શરીર પર તમારાં પરદેશી કપડાં ચઢે.'

સ્ટબ્સની આંખ ઢળી પડી. એના જર્મનીનાં સ્મરણે એનું હૃદય હાલી ઉઠયું. સ્ટબ્સને ફાંસીનો હુકમ મળ્યો. તેણે જેલરને બોલાવ્યો અને કહ્યું, 'જો હું જાઉં છું—મરૂં છું. મારૂં શરીર ફ્રાંસની કબરમાં સુશે. પણ મારા શરીર પર ફ્રાંસનાં કપડાંનું કફન નહિ નાખતા. મારૂં કફન સ્વદેશી રાખજો, નહિ તો મને નાગો સુવા દેજો. આટલી આખરી વિનંતિ સાંભળશો ને?' 'બહુ સારૂં' જેલરે કહ્યું.

બીજા દિવસનો પ્રાતઃકાળ થયો. પરમાત્માની પ્રાર્થના કરવામાં સ્ટબ્સ લીન થઈ ગયો. એને વધસ્તંભ આગળ લઇ જવામાં આવ્યો. માચડા પર ચડતાં એ બોલ્યો, 'પ્યારા જર્મની! જર્મની! ઓ, મારી માતૃભૂમિ!' ફાંસીની રસી એણે જાતે જ લીધી. એનો શ્વાસ રૂંધાતો હતો, પણ

એ બોલ્યો, 'મારૂં કફન સ્વદેશી-જર્મનીનું-રાખજો' ને એનું શરીર ઝુલી પડ્યું.

નેપોલીઅન ત્યાં હાજર હતો. સ્ટબ્સની દેશપ્રીતિથી તે પલળી ગયો. જર્મનીથી કપડાં મંગાવ્યાં, અને સ્ટબ્સની આરામગાહ પર ઓઢાડ્યાં. અને એની માટી હાથમાં લઇ એણે પોતાનું જીવન ધન્ય માન્યું. સ્ટબ્સ ગયો! લશ્કરી સલામી અપાઇ, અને નેપોલીઅન દુઃખી દિલે રાજમહેલમાં ગયો. (નવયુગ, ૧૩-૨-૨૫)

ગધે ઔર પંડત

નેપોલીઅન બોનાપાર્ટે જ્યારે ઇજીપ્ત ઉપર ચઢાઇ કરી હતી ત્યારે ત્યાંના પ્રદેશની શાસ્ત્રીય અને ઐતિહાસિક શોધ કરવા માટે પોતાની સેના સાથે કેટલાક ભારે પંડિતો પણ રાખેલા હતા. ઇજીપ્તના અરબી ઘોડેસવારની યુદ્ધનીતિ કંઇક અજબ હતી. ઘોડેસવારોનાં ટોળાં દેશમાં બધે ફરે, અને શત્રુની સેના ક્યાંક જરા ગાફેલ દેખાય કે તરત ગમે ત્યાંથી એકદમ ધસી આવી હુમલો કરે. આ સ્થિતિને પહોંચી વળવા સારૂ નેપોલીઅને એક નવો વ્યૂહ રચ્યો. તે પોતાની સેનાનો ચોરસ બનાવીને જ કુચ કરતો. કુચ કરતી વખતે તો બધા એક જ દિશા તરફ મોં રાખીને ચાલે; પણ શત્રુ આવવાની ખબર મળે કે તરત જ આખી સેના થોભી જઇને ચારે બાજુના વીરો તે તે દિશા તરફ સામું મોઢું કરી ઉભા રહે. એટલે શત્રુને કોઇ પણ બાજુએ આ સેનાની બગલ કે પીઠ મળે જ નહિ. સેના સાથે પંડિતો હતા; ઉપરાંત સામાનનો ભાર ઉચકનારા ગધેડાઓ પણ હોય જ. અરબ ઘોડેસવારો દૂરથી દેખાય કે નેપોલીઅન અમુક હુકમ છોડતો, 'ચોરસ બનાઓ; ગધે ઔર પંડત બીચમેં.' એટલે પંડિતો અને ભાર ઉપાડનારા ગધેડાઓ વચ્ચે આવી જતા અને લશ્કર તેની ચારે બાજુ ચોરસના આકારમાં ગોઠવાઇ જતું. નેપોલીઅનના સીપાઇઓ અનેક વાર એ હુકમનું મજાકમાં ઉચ્ચારણ કરતાઃ 'ચોરસ બનાઓ; ગધે ઔર પંડત બીચમેં.' કેટલીક વાર તો એ ફ્રેન્ચ સીપાઇઓ ગધેડાઓને અર્ધ પંડિતો કહેતા આવી મશ્કરી ચાલતી છતાં સીપાઇઓના મનમાં પંડિતો વીશે આદર ઓછો રહેતો નહિ. (નવજીવન કેળવણી અંક)

સુદાનનો મમ

બ્રિટિશ સરકાર સુદાનની પાછળ કાં ઘેલી બની છે? ગમે તે ભોગે અને ખર્ચે તેને સુદાનનો કબજો શા માટે જોઈએ છે?

સુદાનમાં ખાર્ટુમની પાછળ જ્યાં ધોળી નાઈલ અને આસમાની નાઇલનો સંગમ થાય છે ત્યાં ઝેઝીરા નામનો એક જમીનનો ટુકડો છે. તેનો વિસ્તાર ત્રણ લાખ એકર એટલે લગભગ ઇંગ્લંડ જેવડો છે. તેના ઉપર વૈજ્ઞાનિક પ્રયોગો કરવાને પરિણામે માલુમ પડ્યું છે કે તે જગતમાં સૌથી વિશેષ ફળદ્રુપ મુલક છે. તેમાં રૂનું વાવેતર કરવામાં આવે તો પહેલે વર્ષે ચાર કરોડ રતલ રૂ નીપજે અને વીસ પચીસ વર્ષમાં તો પેદાશ એટલી વધી પડે કે એ મુલકના માલીકને વાર્ષિક ત્રીસ કરોડ રૂપીઆની પેદાશ થાય!

એ ઝેઝીરાના મેદાનમાં પાણી પુરૂં પાડવા નાઇલ નદીને એક જબરો બે માઈલ લંબાઇનો બંધ બાંધવામાં આવે છે. પછી પાણી વાળીને નહેરોમાં લેવાશે. તે બંધની પાછળ લગભગ બાવીસ કરોડ રૂપીઆ ખર્ચ થશે.

આ બંધનું કામ ઝપાટાબંધ થઇ રહ્યું છે. તે આવતા જુલાઈમાં તૈયાર થઇ જશે. એ માટે દિવસે ૧૧૫ ડીગ્રી તડકામાં અને રાતે વીજળી બત્તીઓના અજવાળામાં દેશદેશથી આવેલા વીસ હજાર મજુરો અઢી વર્ષથી કામ કરી રહ્યા છે.

આ રૂની નિકાસને માટે, લૉર્ડ કીચનરની દુરદેશીભરી બુદ્ધિએ રેલવેની યોજના પણ કરી લીધેલી: અને એક બ્રિટિશ કંપનીએ, તે મુજબ, ઝેઝીરાથી ખાર્ટુમ સુધી રેલવે પણ બાંધી રાખી છે.

ઝેઝીરાની માલીકીની પાછળ વાર્ષિક ત્રીસ કરોડ રૂપીઆની ચોખ્ખી આવક કરવાની બ્રિટિશોની ગણતરી છે. એટલે જ બ્રિટિશ સરકારને સુદાન જોઇએ છે; અને ઇજીપ્ત સુદાન છોડવા નથી માગતું: એટલે જ સરકારને નાઇલનાં પાણી લેવાં છે. અને ઇજીપ્ત તે આપવા નથી માંગતું. (સૌરાષ્ટ્ર તા. ૧૪-૨-૨૫)

આપણે પોતે

હીંદુસ્તાનની ૩૨ કરોડની વસ્તીમાં ૧૬ કરોડ સ્ત્રીઓ છે; અને તેમાં અઢી કરોડ બ્હેનો તો વિધવા છે. કારણ?

દરેક હીંદીનું સરેરાશ આયુષ્ય ૨૩ વર્ષનું ગણાય છે. છેલ્લાં સો વર્ષમાં દુનીઆની સઘળી લડાઇઓમાં મળીને જેટલા સૈનિકો મુઆ તેનાથી વધારે, છેલ્લા એક દશકામાં હીંદના હીંદીઓ રોગ, ભુખ અને દુઃખથી મુઆ! એક મુંબાઇમાં જ રોજનાં ૨૩ બાળકો મરે છે. કારણ?

કારણ, બાળલગ્ન, ગરીબી, અને આરોગ્ય જાળવવા સંબંધી અજ્ઞાન.

શ્રમધર્મ

મુઠીભર પરદેશી લોકોએ ત્રીસ કરોડ જેટલી લોકવસ્તીનું રાષ્ટ્ર શાંતિથી જીતી લઇ, શાંતિથી એના ઉપર રાજ્ય કર્યુ, એવો દાખલો હીંદુસ્તાન વગર બીજો ન જ મળી શકે.... દેશની આ દુર્બળતાનું મુળ કારણ આળસ છે; અને ઉદ્યોગની ટેવ પાડવી એ એનો ઇલાજ છે....હીંદનાં સ્ત્રી પુરુષો પોતાના

પૂર્વજો જે ઉદ્યોગી જીવન ગાળતા તે ભુલી ગયા છે તેથી જ હીંદમાં આ બધી પામરતા આવી છે....કોઇ પણ પશ્ચિમના દેશમાં આપણે જઇને જોઇએ તો માલુમ પડે કે જ્યાં જોઇએ ત્યાં દરેક માણસમાં મહેનત-પરિશ્રમ કરવાની વૃત્તિ મુખ્ય હોય છે. હીંદુસ્તાનમાં આજે આ સ્થિતિ નથી....દેશમાં પ્રમાણિકપણું ને અંગમહેનત એ બે વસ્તુની ફરી સ્થાપના થઈ જાય કે તરત જ દુનીઆમાં હીંદુસ્તાન સામે કુદૃષ્ટિ કરનાર કોઈ નહિ રહે એ ખસુસ માનજો.

—રાજગોપાલાચારી

પંચામૃત

लंघने ये गुणाः प्रोक्ता स्ते गुणाः लघुभोजने
(ઉપવાસમાં જે ગુણ છે, તે ગુણ મિતાહારમાં છે.)
औषधे ये गुणाः प्रोक्ता स्ते गुणाः पथ्यपालने
(દવામાં જે ગુણ છે, તે ગુણ પથ્ય જાળવવામાં છે.)
निवाते ये गुणाः प्रोक्ता स्ते गुणाः कर्णबन्धने
(બંધીઆર જગાએ રહેવામાં જે ગુણ છે, તે ગુણ કાન બાંધવામાં છે.)
वाहने ये गुणाः प्रोक्ता स्ते गुणाः कटिबन्धने
(વાહન ઉપર બેસવાનો લાભ કમર બાંધવાથી કે કચ્છ પહેરવાથી પણ મળે છે.)
व्यायामे ये गुणाः प्रोक्ता स्ते गुणाः मुखबन्धने
(કસરતનો લાભ મોઢું બંધ રાખવાથી પણ મળે છે.)

શાસ્ત્રી મુળશંકર કેશવરામ

(મોડાસા વિનયમંદિરના હસ્તલિખિત માસિક 'અરુણ'માંથી)

દરેક કુટુંબમાં રાખવા લાયક

સસ્તા, ઉપયોગી અને રસદાયક વાંચનનો જે સંગ્રહ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય સતત બહાર પાડયે જાય છે તેમાં હમણાં એ સંસ્થાએ સુંદર ઉમેરો કર્યો છે. હીંદનાં પ્રાચીન અને ઐતિહાસિક અસંખ્ય સ્ત્રીરત્નોનાં ટુંકાં પણ રસદાયક જીવનચરિત્રોનો ઉપયોગી સંગ્રહ, ત્રણ મોટા ગ્રંથમાં **ભારતનાં સ્ત્રીરત્નો**ના નામથી તેમણે પ્રગટ કર્યો છે. મોટા અક્ષરની ચોકખી છપાઇ અને મજબુત બાંધણીમાં **બેહજાર પાનાંના વાંચનનો** આ સંગ્રહ માત્ર સાડા છ રૂપીઆ ખર્ચીને દરેક ઘરે જરૂર વસાવી લેવો જોઇએ. ઉપરાંત એમનાં નીચેનાં પુસ્તકો પણ ઉપયોગી છે.

બંકિમ નિબંધમાળા: 'ધર્મતત્ત્વ' તથા બંકિમ બાબુના જીવનવૃત્તાંત સહિત: રૂ. બે. **ગિરિધર કૃત રામાયણ:** રૂ. અઢી; **અખાની વાણી** તથા મનહરપદ: રૂ.૧-૧૦-૦; **બાળસદ્બોધ**: ૦-૫-૦, **બાળકોની વાતો**: ૦-૪-૬, **સદ્ગુણી બાળકો**: ૦-૫-૬ **સુબોધક નીતિકથા:** ૦-૬-૬, લખો સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ.

સ્વીકાર

આપવીતી: મુળ મરાઠીમાં લખનાર ધર્માનંદ કોસંબી; અનુવાદક, વેણીલાલ છગનલાલ બુચ; પ્રકાશક, નવજીવન પ્રકાશક મંદિર, અમદાવાદ; કીંમત સવા રૂપીઓ.

ચિત્રાંગદા અને વિદાયઅભિશાપ: રવીન્દ્રનાથ ઠાકુરના મુળ બંગાળી ઉપરથી અનુવાદક, મહાદેવ હરિભાઇ દેશાઇ અને નરહરિ દ્વારકાદાસ પરીખ: સોલએજન્ટ, વકીલ ઍન્ડ કંપની, કાલબાદેવી મુંબઇ-૨, કીંમત આઠ આના


વીણાવિહારી: ભાગ ૨ ખંડ ૩; લેખક સીતારામ જે. શર્મા; પ્રકાશક જીવનલાલ અમરશી મહેતા, અમદાવાદ, કીંમત રૂ. ૧-૪-૦

સદ્બોધ વાર્તાવળી સ્વ. નારાયણ હેમચંદ્ર કૃત: પ્રકાશક ઉપર પ્રમાણે; કીંમત ૦-૧૨-૦

ત્યજાએલ તિલકા અથવા ગ્રામ્ય ગૌરવ; લેખક અને પ્રકાશક, પોપટલાલ પુંજાભાઇ શાહ, વાંકાનેર

પુણ્યપાવનાખ્યાન (પદ્યાત્મક): રચનાર ઘોઘાનિવાસી સ્વ. ભવાનીશંકર નરોત્તમ દ્વિવેદી; પ્રકાશક, ગિરિજાશંકર મણિશંકર ભટ્ટ સુરતકર; મોરારજી ગોકુલદાસ ચાલ નં ૨, મુંબાઇ—૪. અરધા આનાની ટીકીટ મોકલનાર મુમુક્ષુઓને મફત મળશે.

ભગિની સમાજનો નવમો વાર્ષિક વૃત્તાંત; તથા **સૌ. વિદ્યાગૌરી નીલકંઠનો સંદેશ:** પ્રકાશક ભગિની સમાજ મંદિર, સૅન્ડહર્સ્ટરોડ મુંબાઇ-૪.



દુનીઆ
દૂરની અને નજીકની



ગુજરાતના ખેડુતોના વાલી જેવા વૃદ્ધ અને પીઢ દેશભક્ત સર ગોકુળદાસ કહાનદાસ પારેખનું અવસાન થયું છે. આજથી ૨૫-૩૦ વરસ પહેલાં જ્યારે લોકમત આટલો કેળવાયો નહોતો ત્યારે દુકાળો વખતે ખેડુતોનાં મહેસુલ માફ કરાવવા અને તેમની વતી લડત ચલાવવા તે બહાર પડેલા, અને ત્યાર પછી ખેડુતોની એ સેવા ઉપરાંત ગુજરાતના સંસાર સુધારાના અને રાજકીય પ્રશ્નો પણ હાથમાં લઇ તેમણે ગુજરાતની સેવા કરેલી.

સુન યત સેનના મરણ વીશે ઉડેલી અફવા ખોટી ઠરી છે.

જમશેદપુરમાં તાતા આયર્ન સ્ટીલ કંપનીએ હીંદી વિદ્યાર્થીઓ માટે ૧૯૨૧ ની સાલથી એક ટેકનિકલ ઇન્સ્ટીટયુટ ઉઘાડયું છે.

ગુજરાતના શ્રીમાનોએ ખેતીવાડી સુધારવાનો વિચાર હાથ ધર્યો જણાય છે. એક ઉદાર યુવાન ગૃહસ્થે અમેરિકાથી મોટરહળ મંગાવી તે વડે ખેડુતોની જમીન માત્ર પડતર ખર્ચ લઇને ખેડી આપવાનું કામ ઉપાડયું છે. આ મોટરહળ એક દિવસમાં બારથી પંદર વીઘાં જમીન ખેડી નાખે છે.

લૉર્ડ લિટન હીંદુસ્તાનના કામચલાઉ વાઇસરૉય થયા છે.

થીઓસોફિકલ યુવકસંઘનું સંમેલન ટૂંક મુદતમાં ભરાવાનું છે.

ગઈ તા. ૨૫ મી ફેબ્રુઆરીએ સુરતમાં શ્રી બલવંતરાય ક. ઠાકોરના પ્રમુખપણા નીચે કવિ નર્મદાશંકરની જયંતિ ઉજવાઇ હતી.

દેવાસના નરેન્દ્રે પોતાના રાજ્યના કોઇપણ મંદિરમાં ધાર્મિક બહાના હેઠળ પશુહત્યા કરવાનો મનાઇ હુકમ કાઢયો છે.

કાશ્મીરના મહારાજાએ કલકત્તાની સંસ્કૃત સાહિત્ય પરિષદને ૧૦૦૦ રૂપીઆની ભેટ આપી છે.

જોધપુરની જસવંત કૉલેજમાં ફી દાખલ કરવાથી ત્યાંના વિદ્યાર્થીઓએ ૩જી ફેબ્રુઆરીથી હડતાલ પાડી છે.

પારીસની એક ફ્રેન્ચ બાઇએ કાશીની હીંદુ યુનિવર્સિટીને રૂા. ૭૫૦૦૦ તથા કેટલાંક ચિત્રો ભેટ આપ્યાં છે. આ દાન તેણે પોતાના પતિના સ્મારક તરીકે દીધું છે. એ તથા એમના પતિ હીંદુ અને હીંદુધર્મનાં પ્રેમી હતાં.

નૉર્વેની રાજધાનીનું નામ ક્રિશ્ચિયનીઆ બદલીને, તેનું ૩૦૦ વર્ષ પહેલાંનું મુળ નામ 'ઑસ્લો' રાખવામાં આવ્યું છે.

જાવામાં એક મોટો જ્વાળામુખી ફાટયો છે, તે કાદવનો ધોધ ઉડાડે છે.

'ઝાઝાં નબળાં લોક' ઉધઇઓએ બ્રિટિશ ગીઆનાના એક આખા બગીચાને કોરી કોતરીને વેરાન કરી મુકયો છે!

પેરૂ દેશ પોતાના એક વીર નરની શતવર્ષી ઉજવે છે. દક્ષિણ અમેરિકાને સ્પેનના પંજામાંથી છોડાવી સ્વતંત્રતા અપાવનાર એ સરદાર સાઇમન બૉલીવર હતો. એ દક્ષિણ અમેરિકાનો ગૅરીબાલ્ડી કહેવાય છે.

ઇંગ્લંડમાં એક હીંદુ મંદીર અને મુસલમાનની મસ્જીદ બંધાઈ રહ્યાં છે. જર્મનીના પાટનગર બર્લિનમાં ૧૫૦૦ મુસલમાનો વસે છે અને હજી વટલીને નવા વધતા જાય છે. ત્યાં પણ ઇસ્લામી સ્થાપત્યની ઢબે દિલ્હીની જુમામસ્જીદ જેવી એક સુરેખ મસ્જીદ બાંધવામાં આવી છે.

અરબસ્તાનની રેતી ઉપર ચાલવાથી કચડ કચડ અવાજ થયા કરે છે. તેનું કારણ એવું છે કે રેતીના સઘળા કણ એક સરખા કદના અને પાસાદાર છે. કણના ખુણા અને પાસા અથડાવાથી આવો અવાજ થાય છે.

વિષુવવૃત્તની ઉત્તરે જાન્યુઆરી માસ ઘણો જ ઠંડો અને દક્ષિણે ઘણો જ ગરમ લાગે છે.

ઑસ્ટ્રેલીઆના બે એન્જીનીઅરોએ 'જંતુ' નામનું એક વીજળીક યંત્ર બનાવ્યું છે. એનો આકાર માખીના જેવો છે. તે ધાતુનાં જાડાં પતરાંઓને પોલાદના વાળાથી શીવવાનું કામ કરે છે. એની ઝડપ કલાકના ત્રીસ ફુટ છે.

સૂર્યથી જેમ જેમ પૃથ્વી દૂર જાય છે તેમ તેમ તેની ગતિ સહેજ મંદ પડે છે.

ગૌરીશંકરના શીખર પર ચઢનાર એક અંગ્રેજ કહે છે કે ઉપરની ઉંચાઇએ જતાં જીભ પોતાનો સ્વાદ ભુલવા માંડે છે. ડુંગળી અને પીપરમીન્ટનો મુદ્દલ સ્વાદ લાગતો નથી.

દુનીઆનું મોટામાં મોટું જંગલ દક્ષિણ અમેરિકાની ઍમેઝોન નદીને કાંઠે આવેલું છે.

હીંદુસ્તાનના અંગ્રેજી દૈનિક પત્રોમાં ઇંડીઅન ડેઇલી મેઇલ'ની ૮ હજાર નકલો ખપે છે; ટાઇમ્સ ઑફ ઇન્ડીઆની ૨૦ હજાર; પરંતુ દેશબંધુદાસના તંત્રીપણા નીચે ચાલતા 'ફૉરવર્ડ' પત્રની ૩૭ હજાર ઉપર ખપે છે!

આ પ વી તી

[પાન ૯૦થી ચાલુ]

ભયભૈરવ

બૌદ્ધક્ષેત્રોની યાત્રા કરતો કરતો, ૧૯૦૪ના જાન્યુઆરીની ૨૫મી તારીખે હું કુશિનારા પહોંચ્યો. એક બે અઠવાડીઆં ધર્મશાળાની ઓરડીમાં ગાળ્યાં, અને બીજા બે અઢી મહીના જે ઝાડ નીચે ભગવાન બુદ્ધે તપશ્ચર્યા કરેલી ત્યાં આગળ ગાળ્યા. મારી જીંદગીના એકાંતવાસમાં ગાળેલા પહેલા દિવસો તે આ જ. ભગવાન બુદ્ધે 'ભયભૈરવ સૂત્ર'માં કહેલા ભયભેરવનો મેં આ ઠેકાણે પહેલી જ વાર અનુભવ કર્યો. આ સૂત્રમાં ભગવાન બુદ્ધ કહે છે, 'હે ભિક્ષુઓ! હું ચૌદશ, અમાસ, પુનમ અને આઠમને દિવસે, જ્યાં ભૂતપિશાચાદિનો બહુ ભય હોય છે એમ કહેવાય છે ત્યાં જઇને રહું છું. રાતે એકાદ મોર ઝાડ ઉપરથી સુકી ડાંખળી નીચે પાડતો હોય, એકાદું જાનવર નજીક આવતું હોય અથવા તો પવનથી ઝાડનાં પાંદડાં ખડખડે તેવો જ મારા શરીરમાં ભયનો સંચાર થતો. તે વખતે જો હું અહીંથી તહીં ફરતો હોઉં તો ફરતાં ફરતાં જ તે ભયનો નાશ કરતો; ઉભો હોઉં ને મને બીક લાગે તો ઉભાં ઉભાં જ હું બીકનો નાશ કરતો; બેઠો હોઉં ને મારી પાસે આવે તો હું બેઠાં બેઠાં તે બીકનો નાશ કરતો; અને બીછાનામાં પડયો હોઉં ને જો મને ભય લાગે તો તે જ સ્થિતિમાં હું તેનું દમન કરતો.' આ અને એવાં જ બીજાં સૂત્રોમાં કહેલી બાબતોનો અનુભવ લેવાની મને અહીં તક મળી. રાતે નોળીઆં, વરૂ વગેરે જનાવર સુકાં પાંદડાં ઉપર થઇને દોડ્યાં જાય અને તે વખતે મારૂં શરીર ભીતિથી કંપી ઉઠે, પણ તે ક્ષણે જે સ્થિતિમાં હું હોઉં તે જ સ્થિતિમાં રહીને તે બીકનું હું દમન કરતો.

મૂર્તિ નામનો એક કબીરપંથી સાધુ પાસેના જ એક ગામમાં રહેતો હતો. તે વખતોવખત મારી પાસે આવતો અને ધર્મચર્ચા કરતો. હું પણ તેને બુદ્ધની ભાવના વગેરેના પ્રકાર કહેતો. એક દિવસ મારા રહેઠાણથી બે માઇલ દૂર આવેલા એક મસાણમાં જવાનું અમે ઠરાવ્યું; અને તે પ્રમાણે તે આખી રાત ત્યાં ગાળી. શીઆળ, વરૂ વગેરે જનાવરો તો આ મસાણમાં હતાં જ, પણ તે કરતાં યે મડદાંનાં અવયવો, હાડકાં વગેરે ચોમેર પડેલાં હોવાથી આ જગ્યા વધુ બીહામણી લાગતી હતી. ત્યાંથી માણસની ખોપરી વગેરે અનેક હાડકાં ભેગાં કરી આણી તે ઉપર મેં કેટલાક દિવસ સુધી ધ્યાન કર્યું!

લામાનું નોતરૂં

સિક્કીમના રાજાએ બાંધેલા એક બૌદ્ધમઠમાં ખાસ ટિબેટથી એક લામા આવીને રહ્યો હતો. આ લામા જબરો વિદ્વાન હતો. એક દિવસ તેના શિષ્યે ગુરુની વતી મને જમવાનું નોતરૂં દીધું. મેં તેને કહ્યું, 'માછલાં કે માંસ કશું મને નહિ ખપે. તમે નાહક આગ્રહ ન કરો.' તેણે કહ્યું, એ પાંતીની મુદ્દલ ચિંતા ન કરશો, અમે બધી ગોઠવણ કરીશું.' અંતે મેં તેનું આમંત્રણ સ્વીકાર્યું અને બપોરે તેમના મઠમાં જમવા ગયો. આસનો માંડી પેલા લામાગુરુ આગળ અને મારા આગળ એમ બે મોટા થાળ મુકવામાં આવ્યા. બાજુએ બબ્બે ચીનાઇ માટીનાં ચલાણાંમાં કંઇક પીરસેલું હતું. તે જોતાં જ મને માંસ જેવું લાગ્યું તેથી હું બોલ્યો, 'લામા સાહેબ, આ માંસ હોય એવું લાગે છે!' લામાએ કહ્યું, 'આપ માંસમાંછલી કશું જ નથી ખાતા એવું મારા શિષ્ય સાથે આપે કહેવડાવ્યું, અને પછી હું એવી ચીજ કદિ તૈયાર કરાવું ખરો? આ તો આપને માટે ખાસ શાક તૈયાર કરાવ્યું છે.' મેં કહ્યું, 'પણ એ શાક શાનું છે તે તો કહો?' પેલો કહે, 'એકલાં દેડકાંનું છે! તમે જરાયે શંકા ન કરતા! તમારા હીંદુસ્તાનનાં મોટાં દેડકાંની માફક અહીંનાં દેડકાં ગંધાતાં નથી હોતાં! અને આજે તો મેં આ દેડકાં તમારે ખાતર મુદ્દામ માણસ જંગલમાં મોકલી ખાસ પકડાવી મંગાવ્યાં છે!' હું તો દિગ્મૂઢ બની ગયો. બીચારો લામા પણ ચકિત થઇ ખીસીઆણો પડી ગયો! આવડી મહેનતે તૈયાર કરાવેલું શાક મહેમાનને પસંદ ન આવે એ તે કેવી વાત! આ ગુંચ તેનાથી કેમેકરી ઉકલે નહિ! અંતે તેના માનને ખાતર મેં થોડાં દુધ-

ભાત ખાધાં. પણ તે યે ઓસડની માફક ખાવાં પડ્યાં. લામાગુરુએ તો દેડકાંના શાક ઉપર અચ્છી રીતે હાથ માર્યો!

અમેરિકાનું આમંત્રણ

૧૯૧૦ના ફેબ્રુઆરી મહીનામાં દા. વુ સ તરફથી મારાપર કાગળ આવ્યો, કે હારવર્ડ યુનિવર્સિટીમાં સ્વ. મિ. વૉરને શરૂ કરેલ વિશુદ્ધિમાર્ગના સંશોધન કાર્યને અંગે મારી મદદની જરૂર હોવાથી મારે તુરત અમેરિકા આવવાની તૈયારી કરવી. આગબોટમાં કેવી રીતે આવવું એની બધી વીગતો તેમણે આ જ કાગળમાં લખી મોકલી હતી, અને પોતાનું તારનું સરનામું તથા અમુક રૂપીઆની રકમ માટે સંકેતશબ્દ (Code-word) પણ લખીને તારથી જ પૈસા મંગાવવા લખ્યું હતું. આ પ્રમાણે ૧૮૦૦ રૂપીઆ મેં તારથી મંગાવ્યા અને હું અમેરિકા જવા તૈયાર થયો.

અમેરિકાની દિનચર્યા

અમેરિકામાં હું રહ્યો તે દરમ્યાનની મારી દિન-ચર્યાનો ટૂંક હેવાલ અહીં આપવો અસ્થાને નહિ ગણાય. યુરોપીઅન રીત પ્રમાણે દિવસમાં ત્રણ વખત જમતો અને બે વખત ચા પીતો. અહીં ખોરાકમાં મોટેભાગે માંસ હોય છે. તેથી બાફેલાં બટેટાં, પાંઉ, માખણ વગેરે વસ્તુઓ ઉપર જ મારે ચલાવવું પડતું. ખાધાખરચ મહીને ૧૬ ડૉલર (૪૮ રૂપીઆ) જેટલું આવતું. પણ આ સ્થિતિ મને અનુકુળ ન લાગી. આ જ મકાનમાં એક ચીનો વિદ્યાર્થી રહેતો, તેણે મને કહ્યું કે 'આવું દુઃખ વેઠવાની જરૂર નથી; નજીકમાં જ એક ભોજનગૃહ છે તેમાંથી જોઇતી ચીજો મંગાવવાનું રાખશો તો તે તમારે ત્યાં આવીને પહોંચાડી જશે, અને સસ્તી કીંમતે સારૂં ખાણું મળશે.' તેની આ સલાહ મને ગમી અને પ્રો. લાન-મન મારફત મિ. વૉરનની બહેનની ડેરીમાંથી રોજ એક ક્વાર્ટ દુધ અને પેલા દુકાનદાર પાસેથી છડેલ ઘઉંનો સેવ જેવો પદાર્થ મળતો તે મંગાવીને ઘણુંખરૂં બંને વખત આ બે વસ્તુઓ ઉપર મેં ચલાવવા માંડ્યું.

સવારમાં ઉઠીને હું છડેલ ઘઉંનાં બે બિસ્કુટ અને પ્યાલો ભરીને ઠંડું દુધ લેતો. તે પછી પ્રો. લાનમનની લાયબ્રેરીમાં ૮॥ થી ૧૨॥ સુધી કામ કરતો. પાછો ઘેર આવીને એક પ્યાલો દુધ પી કસરત કરવા જતો. ઉનાળાના દિવસોમાં તદ્દન નિયમસર હોડી ચલાવવાની કસરત કરતો અને ટાઢના દિવસોમાં જીમખાને જતો. બપોરનો જ વખત પસંદ કરવાનું કારણ એ કે કસરત પછી નહાવાનું બોટ-કલબ॥ એક મોટી ઓરડીમાં કરવું પડતું, અને બપોર સીવાય બીજે વખતે ત્યાં હમેશ વિદ્યાર્થીઓની ખુબ ભીડ રહેતી. બધા વિદ્યાર્થીઓ નાગા જ નહાય, અને મારે પણ તેમજ કરવું પડતું. પણ બધાના દેખતાં એમ નાગાં નહાવું એ, આપણે ત્યાંના સંસ્કાર વિરૂદ્ધ હોવાથી મને તે બીલકુલ ગમતું નહિ. બીજી અગવડ હોડી મળવાની હતી. પણ ૧૨ થી ૨ સુધી ઘણુંખરૂં હું એકલો જ બોટ-કલબમાં જતો, તેથી હોડી મળવાની તેમજ એકાન્તમાં નહાવાની બંને સગવડ સરસ મળી જતી. કસરત પછી એકાદ ચાની દુકાને જઈ ફળમિશ્રિત રોટીનો કટકો અને એક પ્યાલો કોકો લેતો. સાંજનો વખત હારવર્ડ લાયબ્રેરીમાં કે ઘેર વાંચવામાં ગાળતો. રાત્રે ઘણેભાગે વિશુદ્ધિમાર્ગના અઘરા પાઠોનો નિર્ણય કરતો અગર તો તેમાં આવેલા બીજા ઉતારાઓ શોધી કાઢતો.

સને ૧૯૧૨ પછી

[અમેરિકાથી પાછા ફર્યા બાદ ધર્માનંદજીએ પોતાના પિતાનું કરજ ફેડ્યું, અને નિર્વાહ ચલાવવા સીવાય પૈસા ભેગા કરવાની હવે કશી જ ઇચ્છા ન હોવાથી તેમણે 'ડેક્કન એજ્યુકેશન સોસાયટી'માં જોડાઇ જરૂરજોગા વેતન પર કામ કરવા માંડ્યું. અહીં પુણાની ફર્ગ્યુસન કૉલેજમાં પ્રીવીઅસ તથા બી.એ. ક્લાસને, અને ન્યુ ઇંગ્લિશ સ્કુલમાં મૅટ્રિક ક્લાસને તેઓ પાલી ભાષા શીખવતા.

૧૯૧૪માં તેમણે 'બુદ્ધલીલાસારસંગ્રહ' નામનું પુસ્તક તૈયાર કરી છપાવ્યું. ૧૯૧૮ના ઑગસ્ટમાં, ફરી પાછું આગ્રહમય આમંત્રણ આવવાથી, તે અમેરિકા ગયા. ત્યાંથી પાછા આવીને ડેક્કન એજ્યુકેશન સોસાયટીમાં જોડાવું બને તેમ ન હોવાથી તેઓ ગુજરાતમાં આવી આપણી વિદ્યા-પીઠના પુરાતત્ત્વમંદિરમાં જોડાયા અને એ જ સંસ્થા મારફત હાલ ગુજરાતની સેવા કરી રહ્યા છે.]